بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ** رحمۃ اللہ علیہ **બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઆત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-એપ્રિલ-૨૦૧૨**

રબીઉલ આખર-જમાદિઉલ અવ્વલ

હિજરી સન : ૧૪૩૩

વર્ષ : ૦૯, અંક : ૦૪, સળંગ અંક : ૧૦૦

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી** (B.Sc.)

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| ૦૧ | હક્ક઼ની હિમાયત ફિત્નાનો ખાત્મો | ૦૨ |
| ૦૨ | પ્રો. તાહિરુલ ક઼ાદરીના ઈશ્કે઼ નબીના દાવાની પોકળતાનો પર્દાફાશ ! | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુ઼ર્આન | ૧૧ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૩ |
| ૦૫ | શિફા શરીફ | ૧૫ |
| ૦૬ | હ઼દાઈકે઼ બખ્શિશ | ૧૮ |
| ૦૭ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૨૦ |
| ૦૮ | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | ૨૨ |
| ૦૯ | ક઼ાનૂને શરીઅત | ૨૩ |
| ૧૦ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૨૪ |
| ૧૧ | તબ્લીગે દીનમાં કામયાબીનું રાઝ : ઉચ્ચ કિરદાર ! | ૨૬ |
| ૧૨ | ગૈર મા'સૂમ માટે ''અલૈહિસ્સલામ''નો ઉપયોગ કેવો ? | ૩૦ |
| ૧૩ | ખુદાથી તઅલ્લુક઼ મજબૂત કરનાર પાંચ ઉસૂલ | ૩૪ |
| ૧૪ | ખૂદકુશી (આપઘાત) કરનેવાલે પર સખ્ત અઝાબ ! | ૩૯ |
| ૧૫ | પ્રો. તાહિરુલ ક઼ાદરીને ઉલમાએ અહલે સુન્નતના નવ સવાલો | ૪૨ |
| ૧૬ | પ્રો. તાહિરુલ ક઼ાદરી વિશે ઉલમાએ અહલે સુન્નતના ફ઼ત્વા | ૪૪ |
| ૧૭ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૬ |


## ૬૨ શાને ગૌષે આ'ઝમ

પીરાને પીર ગૌ઼ષ હમારા જે પીર છે
વલિયોના તાજદાર નબીના વઝીર છે
બંને જગત હથેલીમાં જેની નઝર સમક્ષ
રબના વહાલા ગૌ઼ષ તો અબ્દે ક઼દીર છે
મુર્દાને ઝિંદા કરવું બધે એક સમયે જવું
મુશ્કિલકુશાની એવી કરામત કષીર છે
ઈસ્લામને જીવન નવું ને જોમ આપનાર
સરકારે ગૌ઼ષ દીને નબીના અમીર છે
સરખા છે માનવી બધા પણ રૂતબામાં ફરક
અલ્લાહની સમીપ તેઓ બેનઝીર છે
માગું મદદ ના કેમ વલીઓ થકી બધી
રબની અતાથી તેઓ થયા દસ્તગીર છે
દામન ના છૂટે જોજે, **'ગનીમત'** તું ગૌ઼ષનું
રબના વલી બેખૌફે નઝીરો બશીર છે

અઝ : જનાબ 'ગનીમત' બાલાસિનોરી

## પ્રો. તાહિરુલ કાદરી વિશે વડોદરા-ગોરવા ખાતે ઉલમા તથા મુફ્તિયાને એઝામની મિટિંગ

# હક્કની હિમાયત ફિત્નાનો ખાત્મો

**અઝ : મૌલાના મુહમ્મદ ઈરફાન એસ. વાગેલા, ગોરવા-વડોદરા**

પાછળના ટાઈમમાં લોકો એવા થયા જે ઈલ્મ અને વાણીને લઈને લોકોમાં છવાય ગયા અને પોતાનો એક હલકો બનાવી કુર્આન હદીષ અને ઈજતેમાએ ઉમ્મતના ખિલાફ નવી નવી તજદીદો પેશ કરી. કોઈ નેચરી, કોઈ ચકળાલ્વી બની ગયો. આ બધા જ અહલે સુન્નતમાંથી ઉતરી આવી પોતાની જાતને મહાન સમજીને જમાતો બનાવી અલગ થઈ ગયા. હાલ પંદરમી સદીમાં પણ ઓલમાએ અહલે સુન્નતને ફરી એવી બુ લાગી રહી છે તે જ હાલ ટી.વી.ના માધ્યમથી પોતાના વાણી વિલાસના લઈને અહલે સુન્નતમાં એક મર્યાદિત ગિરોહને પોતાની તરફેણમાં કરવામાં કામયાબ થયેલ છે. જે પોતાની કામયાબીને ઉચ્ચ ગણી પચાવી ન શકી નવી નવી શોધો જે દીનને પાયાથી જ નાબૂદ કરી નાખે તેવી જ બધી શોધોમાં લાગી રહેલ પાકિસ્તાનના પ્રોફેસર તાહિરુલ ક઼ાદરી સાહબ છે. પ્રો. તાહિર પહેલાથી વિવાદીત વાતોને કારણે વિવાદમાં રહ્યા કરતા હતા. પરંતુ જ્યારે તેમના ભારત આવવાની વાત મશ્હૂર થઈ ત્યારે તેમની વિવાદીત વાતો વેગ પકડવા માંડી. સુન્નિયતને તબાહ કરનારી વાતને લઈને કે અગર તેમના વિશે ચર્ચાની વાતો સાચી છે તો લોકોને એવા આદમીથી બચાવવા આલિમો માટે જરૂરી છે અને અગર તેમના વિશેની વાતો ખોટી છે તો તેમના આવવાનો વિરોધ બેકાર છે. આ મુદ્દાને લઈને ગુજરાતના મશહૂર આલિમે દીન મૌલાના મુફ્તી ઈસ્માઈલ આંતી અશરફી ચિશ્તી ક઼ાદરીએ મુફ્તિયાને કિરામ, આલિમો, ઈમામોની એક મીટિંગ ઈમરજન્સી વડોદરા ખાતે બોલાવી દૂર દૂરથી તશરીફ લાવેલા આલિમોથી હોલ ભરાય ગયો હતો.

મીટિંગમાં પધારેલા ઓલમાએ કિરામ મુફ્તીયાને ઈઝામે પ્રો. સાહબ પાકિસ્તાની વિશે તેમના બયાનો, કિતાબોમાં સુન્નિયતનો ખાત્મો બોલાવી દે અને શીઆ તેમજ વહાબી જેવા ફિર્કાઓને સર્વ વ્યાપી બનાવે એવાં લખાણો અને ભાષણો સામે આવવા માંડયાં, એ બધું સાંભળીને એવું લાગી રહ્યું હતું કે સુન્નિયતના દાવેદાર પ્રો. તાહિર જાગતામાં બધું બોલી રહ્યા છે કે ઊંઘમાં કે નશામાં ! પ્રો. સાહબના એક બાજુના પાસાને જ જોઈ રહેલા ભોળા ભાલા તો અચંબામાં જ પડી ગયેલા કે સુન્નિયતની વાતો કરનાર આ જ પ્રો. સાહબ છે કે કોણ ?! કદાચ આ બધું સાંભળી હાઝરીનના દિલો દિમાગમાં કોઈ વસવસો ન રહે તે હેતુથી ત્યાં મોટી સાઈઝના ટી.વી. વી.સી.આર.નું આયોજન પણ હતું કે તેમણે બોલેલી ભયંકર વાતોને લોકો પ્રો. સાહબની ઝબાનથી બોલતા પણ જોઈ શકે અને સાંભળી શકે. નતીજામાં દરેકની વાણી હતી કે પ્રો. સાહબ સંપૂર્ણ ગુમરાહી તરફ નીકળી ગયેલા છે. પ્રો. સાહબ માટી ઘણી જ લાગણી હતી કે તેમને અલ્લાહ તઆલા ફરી સારી અને સાચી સમજ આપે કે જ્યાં પહોંચી ગયા છે ત્યાંથી પાછા ફરે. પરંતુ ઓલમાએ કિરામ, મુફ્તિયાને એઝામનો એકી સાથે ફેંસલો હતો કે તેમના જલ્સામાં જવું, તેમની તકરીરો સાંભળવી તેમનાથી દરેક અહલે સુન્નતે બચવું જરૂરી છે.

ખાનક઼ાહોના પીરાને એઝામે ખાસ તૌરથી આ તરફ ધ્યાન આપવું ઘણુ જરૂરી છે. મીટિંગમાં પધારેલા આલિમો અને મુફ્તિયાને કિરામ મુફતીએ ગુજરાત મુફતી શબ્બીર સિદ્દીક઼ી, શાહી જુમ્આ મસ્જિદ અહમદઆબાદ, મુફતી અસગર અલી (દારુલ ઉલૂમ શાહે આલમ અહમદઆબાદ) મુફતી નઝરુલ હક઼્ક઼ સાહબ-થામ, મુફતી ઈસ્માઈલ આંતી-મોડાસા, મુફતી શુજાઉદ્દીન-ભરૂચ, મુફતી અહમદ રઝા સાહબ-રતનપુર ખેડા, મુફતી અબ્બાસ તાંદલવી-વડોદરા, હઝરત સૈયદ શૌકત અલી બાબા-કરજણ, મૌલાના સૈયદ અબરાર હુસૈન-આણંદ, મૌલાના સૈયદ ઝાકિર હુસૈન-આણંદ, હઝરત મૌલાના ઝહીર હુસૈન બાપુ-નાપા બોરસદ, મૌલાના સૈયદ સલીમબાપુ-જામનગર, મૌલાના આસિફ બરકાતે ખ્વાજા-આમોદ, મૌલાના ઈસ્માઈલ રઝવી-બોડેલી, મૌલાના ઈસ્માઈલ અમજદી-સૂરત, મૌલાના ગુલામ હુસૈન-ભરૂચ, મૌલાના ઈકબાલ-ભરૂચ, મૌલાના સૈયદ મનસૂર આલમ રઝવી-આમોદ, મૌલાના સાજિદ અશરફી-પાદરા, મૌલાના અશરફી-ગોરવા, મૌલાના ઈરફાન-છાણી, મૌલાના સૈયદ કમાલુદ્દીન-રતનપુર, ખેડા, મૌલાના ઈકબાલ-દારુલ ઉલૂમ દયાદરા, હાફિઝ હનીફ સાહબ, દારુલ ઉલૂમ ગુલશને અજમેર-ભરૂચ, હાફેઝ મહેબૂબ-કરજણ, મૌલાના અબ્દુલ સત્તાર-ટંકારીઆ, મૌલાના ઝહીર-આમોદ, હાફિઝ યાકૂબ-હલદરવા, પટેલ શબ્બીર અલી રઝવી-દયાદરવી, મૌલાના ગુલામ નબી-ડભોઈ, હાફિઝ આસિફ બાપુ-ગોરવા ઉપરાંત નામી અનામી ઘણા આલિમો, ઈમામો હાજર રહ્યા.

# પ્રો. તાહિરુલ ક઼ાદરીના

## ઈશ્કે નબી ﷺના દાવાની પોકળતાનો પર્દાફાશ !

**તંત્રી લેખ.....**

પ્યારા સુન્ની ભાઈઓ તથા બહેનો ! કોઈની સાથે પણ મહોબ્બતનો દાવો કરી આપવો આસાન છે પણ તેના અસલ તક઼ાઝાઓ જ્યાં સુધી પૂર્ણ કરવામાં ન આવે ત્યાં સુધી દાવો જૂઠો કે અધૂરો રહે છે. અને તે પણ મહબ્બતે રસૂલ ﷺનો દાવો અને ઈશ્કે મુસ્તફા ﷺનો દાવો ?! એની તો શાન જ નિરાલી છે ! મહોબ્બત તથા ઈશ્કે મુસ્તફા ﷺના તકાઝાઓ શું છે એને તો ખૂદ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કુર્આનમાં દર્શાવે છે. **પ્રો. તાહિરુલ ક઼ાદરી સાહબ ઠેકઠેકાણે પોતે ઈશ્કે મુસ્તફામાં દીવાના હોવાના જોરદાર દાવાઓ કરીને પોતાને સુન્ની સાબિત કરવા તનતોડ મહેનત કરી રહ્યા છે ! પણ જ્યાં સુધી મહોબ્બતના કુર્આન હદીષ મુજબના તકાઝા પૂર્ણ ન કરે તો ભલે પછી તે હઝરત ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બલ્કે ગૌષ પાક رحمۃ اللہ علیہના આસ્તાના પર કાયમી વસવાટ કરીને તેમની અગણિત ખૂબીઓ વર્ણવીને મહોબ્બતનો દાવો કરે અથવા મદીના પાકમાં સરકાર ﷺના રોઝા મુબારક પાસે વસવાટ કરીને ૨૪ કલાક સલામી પેશ કર્યા કરે ! પણ સુન્ની કહેવાશે નહીં !** તેમજ હાલ "હૈદ્રાબાદ"ના બયાનમાં જે ત્રાગાં કર્યાં કે, *"હમ સુન્ની નહીં તો દુન્યામેં કોઈ સુન્ની નહીં !"* આવાં ત્રાગાં કરીને કોઈ સુન્ની નથી થઈ જતું ! આને ત્રાગાં જ કહેવાશે, પૂછાયેલા પ્રશ્નોનો જવાબ નથી. જેથી આવો ! કુર્આન, હદીષ તથા સહાબા તેમજ અન્ય બુઝુર્ગોની દૃષ્ટિએ એઓ એમના દાવામાં સાચા પુરવાર થાય છે કે નહીં તેનો **નિષ્પક્ષ અભ્યાસ** કરીએ. **સુન્ની ભાઈઓ ! બહેનો ! કોઈની વાકછટાથી કે સ્પીચથી કે તુક્કાબાજીથી અંધી અક઼ીદતમાં અંજાયા વિના** આપણા રહબર કુર્આન, હદીષ તથા સહાબા તથા બુઝુર્ગોના આદેશો તથા અમલો પરથી સત્યને સમજીએ અને તેને જ ચીટકી રહી સાચા અહલે સુન્નત રહીને આપણી આખેરતને સંવારીએ.

### ★ ઈશ્કે નબી ﷺના દાવેદાર માટે કુર્આનનું ફર્માન ! ★

મહબ્બતે રસૂલ અને ઈશ્કે નબી ﷺનો દાવો કોનો સાચો છે એને કુર્આન સ્પષ્ટ શબ્દોમાં વર્ણવી રહ્યું છે. સાંભળો : "જે લોકો અલ્લાહ પર અને પાછલા દિવસ પર યક઼ીન ધરાવે છે તેમને તમે **એવા લોકો સાથે મૈત્રી ધરાવતા જોશો નહીં જેમણે અલ્લાહ અને તેના રસૂલનો વિરોધ કર્યો,** ભલે ને તે તેમના બાપ અથવા દીકરાઓ અથવા ભાઈઓ અથવા કુટુંબીઓ હોય. આ જ તે લોકો છે જેમના દિલોમાં અલ્લાહે ઈમાન કોતરી આપ્યું અને પોતાના તરફની રૂહ વડે તેમની મદદ કરી." *(મુજાદિલા–૩)*

બીજી આયતમાં રબ ફર્માવે છે. સાંભળો ! : "હે ઈમાનવાળાઓ ! તમારા બાપ અને તમારા ભાઈઓને દોસ્ત ન બનાવો, જો તેઓ ઈમાન કરતાં કુફ્રને પસંદ રાખતા હોય. અને **તમારામાંથી જે કોઈ તેમની સાથે દોસ્તી રાખશે તો તે જ જાલિમ છે."** *(સૂરએ તૌબા, આયત : ૩)*

સ્પષ્ટ થયું કે અલ્લાહ વ રસૂલથી મહોબ્બત ધરાવનારો તેમના દુશ્મનો તથા ગુસ્તાખો સાથે દિલી મહોબ્બત રાખી શક્તો નથી, ભલે તે ગુસ્તાખો સગાઈમાં ગમે તેટલા નજીકના હોય. અને નબી ﷺની

મહોબ્બતમાં જ્યારે અતિશયતા થઈ જાય તેને ઈશ્કે મુસ્તફાવાળો કહેવાય છે ! આશિકે નબી ﷺ કહેવાય છે.

### ★ આશિકે નબી ﷺ તો આ હદીષને જ અનુસરશે ! ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે સરકારે અક્દસ ﷺ એ ફર્માવ્યું કે બદ્મઝહબ જો બીમાર પડે તો તેની ખબરગીરી ન (અયાદત) કરો, જો મરી જાય તો તેમના જનાઝામાં શરીક ન થાવ, તેમની સાથે મુલાકાત થાય તો તેમને સલામ ન કરો, તેમની પાસે ન બેસો, તેમની સાથે પાણી ન પીઓ, તેમની સાથે ખાવા ન ખાવ, તેમની સાથે શાદી વિવાહ ન કરો, તેમના જનાઝાની નમાઝ ન પઢો, અને ન તેમની સાથે નમાઝ પઢો. *(મુસ્લિમ શરીફ, બહવાલા અન્વારુલ હદીષ)* હે મુસ્તફા ﷺના આશિકો ! આ હદીષને દિમાગમાં બેસાડી લો ! હવે આગળ વાંચતા ચાલો .

### ★ ઈશ્કે નબી ﷺમાં સહાબાની કૈફિયત શું હતી ?! ★

સહાબાએ કિરામથી વધીને તો કોઈ આશિકે નબી નથી થયો ! આવો ! સહાબાએ કિરામના કિરદાર થકી ઈશ્કે મુસ્તફા ﷺ વિશે સમજીએ. જંગે બદ્રમાં મુસલમાનો સામે લડવા આવનાર કાફિરો એ મુહાજિરોના નજીકના સગાઓ જ હતા પરંતુ મુહાજિરોના દિલોમાં અલ્લાહ વ રસૂલની મહોબ્બત એટલા અધિક પ્રમાણમાં હતી કે પોતાની સામે લડનારા બાપ, બેટા કે નજીકના સગાને જોઈને કોઈ ખચકાયું નથી, બલ્કે ખુદા વ રસૂલની મહોબ્બત સામે સર્વ મહોબ્બતોને કુર્બાન કરી આપી. જેમ કે હઝરત ઉમર رضی اللہ عنہએ લડવા આવનાર પોતાના સગા મામા પર તલ્વારનો એવો વાર કર્યો કે તલ્વાર માથુ કાપતી જડબા સુધી ઉતરી ગઈ. *(તોહફાએ નજાત, ભાગ : ૬, સહાબાનો કિરદાર અને આપણે)*

તારીખુલ ખુલફામાં છે : હઝરત અબૂબક્ર સિદીક્ رضی اللہ عنہના પુત્ર હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ જ્યારે હાલતે કુફ્રમાં હતા તેનો વાકૃયો પોતે પિતાને વર્ણવે છે કે જંગે બદ્રમાં હું અબૂ જહલના લશ્કરમાં હતો ત્યારે તમે મારી તલ્વારની લપેટમાં આવી ગયા હતા પણ બાપની મહોબ્બતને લઈને મેં તમને કત્લ ન કર્યા ! તો હઝરત અબૂબક્ર સિદીક્ رضی اللہ عنہએ જવાબ આપ્યો કે, "જો તું મારી લપેટમાં આવ્યો હોત તો કત્લ થઈ ગયો હોત !" એ તારું કુફ્ર હતું જેણે તને રોક્યો ! અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللہُ عَلَیْہِ وَسَلَّمَની મહોબ્બતમાં અમારી માન્યતા એ જ છે કે જે તેમનો નહીં તે અમારો નહીં ! ભલે સગાઈમાં પુત્ર હોય.

એ જ પ્રમાણે અબ્દુલ્લાહ બિન ઉબય મુનાફિક્ના પુત્રનુ નામ અબ્દુલ્લાહ હતું. આપ સાચા પાકા મુસલમાન અને આશિકે રસૂલ હતા. જ્યારે તેમને જાણવા મળ્યું કે મારા બાપે રસૂલે પાક ﷺની શાનમાં ગુસ્તાખી કરી છે તો જંગથી પરત આવવા પર મદીના મુનવ્વરાની બહાર તલ્વાર લઈને ઉભા થઈ ગયા અને પોતાના બાપને કહ્યું કે હું તને મદીનામાં ત્યાં સુધી પ્રવેશવા નહીં દઉં જ્યાં સુધી તું એ વાતનો ઈકરાર ન કરે કે, "તું બેઈજ્જત છે અને મુહમ્મદ ﷺ ઈજ્જતવાળા છે." બાપના ગળા પર તલ્વાર રાખી દીધી, તો અંતે તેણે મજબૂર થઈને કહ્યું, "વલ્લાહ ! હું બેઈજ્જત છું અને મુહમ્મદ ﷺ ઈજ્જતવાળા છે." ત્યારબાદ તેને મદીનામાં પ્રવેશવા દીધો. *(હવાલો : ઉપર મુજબ)*

એ જ પ્રમાણે ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہાના પિતા અબૂ સુફયાન رضی اللہ عنہ (જ્યારે ઈમાન લાવ્યા ન હતા ત્યારે) સુલહે હુદૈબિયાના જમાનામાં મદીના શરીફ પોતાની પુત્રીને મળવા આવ્યા અને રસૂલે પાક ﷺની પથારી પાથરેલ હતી તેના પર બેસવા લાગ્યા તો હઝરત ઉમ્મે સલમાએ બિસ્તર વાળીને હટાવી દીધું અને ફર્માવ્યું કે આ અલ્લાહના હબીબ ﷺનું પાક બિસ્તર છે અને તમો

મુશ્રિક હોવાને લીધે નાપાક છો એટલે બિસ્તરે નબુવ્વત પર નથી બેસી શકતા ! અબૂ સુફયાનને ત્યારે ખૂબ જ આઘાત લાગ્યો, પણ મહબ્બતે રસૂલ આગળ બાપની મહોબ્બત કોઈ ચીજ નથી. *(ઉપર મુજબ)*

આવાં તો અસંખ્ય દૃષ્ટાંતો ઈશ્કે મુસ્તફા દર્શાવતાં છે. ભલે પ્રો. તાહિરુલ કાદરી કેવળ જોશભેર બયાનો કરી પોતાનો સિક્કો જમાવવા અને પોતે સુન્ની તથા આશિકે નબી ﷺ હોવાની ડંફાશો મારતા હોય પણ તેમના કરતૂતો જ તેમને જૂઠા પુરવાર કરી રહેલ છે. સાંભળો !

### ★ દેવબંદી જમાઅતી મોલ્વી પાસે પ્રો. તાહિરે દુઆ કરાવી ! ★

ભાઈઓ ! દુઆ હમેશાં મુસલમાનોમાં બુઝુર્ગ હસ્તી પાસે કરાવવામાં આવે છે, કોઈ કાફિર મુર્તદ પાસે કોઈ દુઆ નથી કરાવતું ! નબી ﷺના ગુસ્તાખ પાસે કોઈ આશિકે નબી દુઆ નથી કરાવતો ! **દેવબંદી જમાઅતી મોલ્વીઓનું કુફ્ર જગજાહેર છે છતાં પણ ઈશ્કે નબીમાં ખૂબ ઉચ્ચ સ્થાને હોવાનો પોતે દાવો કરનાર પ્રો. તાહિરુલ કાદરીએ તબ્લીગી જમાઅતના પ્રખર દેવબંદી મોલ્વી તારીક જમીલ પાસે પોતાના જલસાના અંતે સામે ચાલીને ઓફર કરીને દુઆ કરાવી.** એ મોલ્વી તારીક જમીલની ગુસ્તાખીની એક ઝલક જોઈ લો ! ખૂદ જણાવે છે :–

''અલ્લાહે પોતાના **"નબી ﷺની જિંદગીની કક્ષા"** દુનિયવી લેહાઝથી **એટલી નીચી રાખી, એટલી નીચી રાખી** કે કોઈ ફકીર અલ્લાહને શિકવો નથી કરી શકતો. મરીથી અમારી (તબ્લીગી) જમાઅત આવી રહી હતી. ત્યાં મજૂરો ભેગા થયા હતા. હજાર દોઢ હજાર મજૂરો સમક્ષ મેં બયાન કર્યું. માટી જ માટી તેમના શરીર પર હતી, હાથો પર માટી, સર્વ કપડાં મેલાંઘેલાં હતાં. મેં કહ્યું, ભાઈ ! કોઈ એવો ફકીર છે જેના ઘરમાં ત્રણ દિવસ ચુલો ન સળગતો હોય ? કોઈ એવો તમારામાં ફકીર છે ? સૌએ કહ્યું કે નહીં ! કોઈ નથી ! મેં કહ્યું, મારો તમારો નબી એવો ફકીર ★ હતો !........'' *(માસિક : અદઅવતુ ઈલલ્લાહ, ૭–૧–૨૦૦૭, લાહોર, પેજ : ૨૩, બયાન : મૌલાના તારીક જમીલ, જુઓ : youtube પર Tarik jamilki Gushtakhi)*

આ જ મોલ્વી તારીક જમીલ દેવબંદી એક જગાએ કહે છે કે : "સહાબીઓને કાફિર કહેવાથી માણસ કાફિર નથી થતો. આવુ આપણા જ અગ્રગણ્ય આલિમોના ફત્વામાં મેં વાંચ્યું છે. એક માણસ કહે છે કે સર્વ સહાબીઓ કાફિર છે, એના પર કુફ્રનો ફત્વો નથી આવતો."✪............. (youtube)

તે ઉપરાંત આ મોલ્વીએ કહેવાતી જમાઅતે ઈસ્લામીના સ્થાપક મૌલાના મૌદૂદીની પોતે ખૂબ જ

---

*★ નબી કરીમ ﷺને "ફકીર" કહેનાર ગુસ્તાખે નબી તારીક જમીલને મિશ્કાત શરીફની આ હદીષ ન યાદ આવી કે, "મારી પાસે જમીનના ખજાનાઓની કૂંચીઓ લાવવામાં આવી અને મને સોંપવામાં આવી." તેમજ ફર્માવ્યું : "જો હું ચાહું તો મારી સાથે સોનાના પહાડ ચાલ્યા કરે." તેમજ કુર્આનમાં રબ તઆલાએ રસૂલુલ્લાહ ﷺને પોતે "ગની" જ નહીં પણ અન્યોને "ગની" (માલદાર) કરનારા દર્શાવ્યા છે. એ ઉપરાંત આપના ઈખ્તિયારો દર્શાવતી અસંખ્ય આયતો હદીષો મૌજૂદ છે તે ન સૂઝયું તો સામાન્યથી અતિ સામાન્ય ફકીર હુઝૂર ﷺને દર્શાવ્યા ?! એ તો ઈખ્તિયારી સ્થિતિ હતી, કાંઈ સામાન્ય માણસો જેમ આવી પડેલી આફત કે ગરીબાઈ કે ફકીરી કે ભૂખમરો ન હતો.*

*ફતાવા કાઝીખાનમાં છે કે, **"જે શખ્સ નબીને કોઈ પ્રકારનો એબ લગાડે તે કાફિર છે."** તો હુઝૂર ﷺની જિંદગીની કક્ષાને નીચી, ખૂબ નીચી કહેનાર તથા આપને "બધાથી વધુ ફકીર" કહેનાર આ તારીક જમીલે હુઝૂર પર અયબ લગાડયો કે નહીં ?!*

*✪ સામાન્ય મુસલમાનને જો કોઈ કાફિર કહે અને હકીકતમાં તે કાફિર નથી, તો કહેનાર પોતે કાફિર થઈ જશે. આ ફિકહનો સામાન્ય નિયમ છે, તો પછી સહાબીએ રસૂલને કાફિર કહેનાર કેમ કાફિર નહીં થાય !*

પ્રશંસા કરી અને તેને ખૂબ જ નેક, ખૂબ જ દીનની ખિદમત કરનાર તથા પાક્કો ''હનફી'' દર્શાવ્યો ! કે જે પોતે હુઝૂર ﷺથી લઈને સર્વ સહાબા તથા ઈમામો, બુઝુર્ગો, મુજદ્દિદોની તૌહીન કરી ચૂકેલ છે. *(જુઓ youtube ઉપર munafiq dr. tahirpadri gushtakh tarik jamilse dua)*

**આવા મરદૂદ મોલ્વી તારીક જમીલ દેવબંદી પાસે પોતાના જલસામાં દુઆ કરાવવી એ આશિકે મુસ્તફા, દીવાનાએ મુસ્તફા ﷺ હોવાની દલીલ છે કે ગદ્દારે મુસ્તફા હોવાની સાબિતી છે ?!** વાંચકો જ ખૂદ ફેંસલો કરે ! અને પ્રો. તાહિરની દોગલી પોલીસીથી અંજાય ન જાય !

### ★ શું પ્રો. તાહિર નબીના ગુસ્તાખોને કાફિર નથી માનતા ?! ★

ઈશ્કે મુસ્તફાના દાવેદાર પ્રો. તાહિર સાહબે જણાવેલ છે કે :–

*''મને એનાથી કોઈ લેવાદેવા નથી કે જલ્સો તથા તેની દા'વત કોના તરફથી છે. અહલે હદીષ, શીઆ, દેવબંદી, જમાઅતે ઈસ્લામીના માણસો, જે પણ દા'વત આપે તો દા'વત જરૂર કબૂલ કરીશ, ભલે તે સ્ટેજ ગમે તેનું હોય.'' (અહમ ઈન્ટરવ્યુ, પેજ : ૧૪–૧૫, બહવાલા ખતરે કી ઘંટી)*

બીજે ઠેકાણે જણાવેલ છે કે :–

*'અમારા ઈદારા 'મિન્હાજુલ કુર્આન'માં 'જમાઅતે ઈસ્લામી'ના લોકો પણ સભ્ય બની શકે છે, અહલે હદીષ, શીઆ તથા દેવબંદી પણ મિન્હાજુલ કુર્આનના સભ્ય છે.'' (અહમ ઈન્ટરવ્યુ, જંગ ૨૫–૨–૧૯૮૭, બહવાલા ખતરે કી ઘંટી)*

એક ઠેકાણે પ્રો. તાહિરુલ કાદરી જણાવે છે કે :–

*''હું 'શીઆ' તથા 'વહાબી' ઉલમાની પાછળ નમાઝ પઢવાને કેવળ પસંદ જ નથી કરતો બલ્કે જ્યારે પણ મોકો મળે તેમની પાછળ નમાઝ પઢુ છું.'' (રિસાલા દીદો શુનીદ, લાહોર, ૪ થી ૧૯, એપ્રિલ ૧૯૮૬, બહવાલા ખતરે કી ઘંટી)*

તેમજ તેમની કિતાબ : ''ફિર્કા પરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ?!''માં સ્પષ્ટ લખ્યું છે કે :–

*''બિહમ્દિલ્લાહ ! મુસલમાનોના સર્વ મસ્લકો તથા મકાતિબે ફિક્ર (વિચારશ્રેણીના કેન્દ્રો)માં અકીદાઓના બારામાં કોઈ પાયાનો મતભેદ મૌજૂદ નથી, અલ્બત્ત ફુરૂઈ (સામાન્ય) મતભેદો કે જુઝઈય્યાત તથા તફસીલાત (પાયાના અકીદા સિવાયની બાબતો)ની હદ સુધી છે જેની સ્થિતિ સમજવામાં ફેરફારની જેમ છે, એટલા માટે તબ્લીગી બાબતોમાં પાયાના અકીદાના વર્તુળને છોડીને કેવળ ઉપર છલ્લી બિન પાયાની વાતોમાં ઉલઝીને તેના આધારે બીજા મસ્લકને ટીકાટીપ્પણનું નિશાન બનાવવું કોઈ રીતનુ શાણપણ તથા ન્યાયયુક્ત નથી.*

દોસ્તો ! માના વફાદાર તથા માને ચાહનાર પુત્ર સમક્ષ જો કોઈ તેની માતા પર ઝિનાનો નાહક્ક આક્ષેપ લગાડે તો તે પુત્ર તે વ્યક્તિને દુશ્મન સમજશે કે દોસ્ત ? તો આપણા નબી علیہ الصلوٰۃ والسلامનાં પ્રિય પત્ની ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا જેમના પર આપણા માબાપ કુર્બાન ! તેમની ગુસ્તાખી કરનાર શીઆ ફિર્કાવાળા સાથે ભેગા થઈ જવા આગ્રહ કરનાર પ્રો. તાહિર કયા મોઢે પોતાને આશિકે નબી હોવાનો દાવો કરે છે ?! શું ઉમ્મતની મા હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની ગુસ્તાખી કરનાર, કુર્આનના ૪૦ પારા દર્શાવનાર અને ૧૦ પારા ગુમ કરી દેવામાં આવ્યા એવું દર્શાવનાર, હુઝૂર ﷺને ભૂલથી વહી પહોંચી ગઈ ! હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને નબી થવાનું હતું ! આવા અકીદા ધરાવનાર

: **"શીઆ"** તથા "અલ્લાહ જૂઠ બોલી શકે" એવો અકીદો જાહેર કરનાર તેમજ નબી ﷺના ઈલ્મને બાળકો, પાગલો, ચો પગાં જાનવરો જેવો ઠરાવનાર, આખરી નબી ﷺ પછી પણ નવો નબી આવી શકે એવું કહેનાર : **"દેવબંદી"**, તેમજ મારી લાકડી મુહમ્મદ (ﷺ)થી બેહતર છે ! કારણ કે સાપ વગેરે મારવામાં કામ આવી શકે છે, મુહમ્મદ મુત્યુ પામી ચૂક્યા છે તેથી હવે તેમનાથી કોઈ લાભ રહ્યો નથી, તે તો માત્ર એક "એલચી" હતા, જે આ દુનિયાથી વિદાય થઈ ચૂક્યા. (ખુદાની પનાહ !) તેમજ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના રોઝા મુબારકને મહાન મૂર્તિ (સનમે અકબર) કહેનાર તેમજ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની શાનમાં અગણિત બેઅદબીઓ કરનાર, મક્કા શરીફ તેમજ મદીના શરીફમાં જન્નતુલ માલા તથા જન્નતુલ બકીઅમાં અહલે બૈત તથા સહાબાનાં મઝારો પર બુલડોઝરો ફેરવનારા **"જાલિમ નજ્દી વહાબી"** પ્રો. તાહિરની નજરમાં કાફિર નથી ?! કયો સુન્ની આ મતભેદોને ઉપરછલ્લા કહી શકે છે ?!

## ★ હે સુન્નીઓ ! ઠંડા દિલે વિચારો ! ★

પ્રિય વાંચકો ! સાચો આશિકે મુસ્તફા ﷺ કેવો હોય તે તમોએ ઉપરોક્ત લખાણોમાં કુર્આનથી પણ જાણ્યું કે, "ખુદા વ રસૂલના વિરોધી (ગુસ્તાખ) સાથે તે દોસ્તી કરશે નહીં ત્યાં સુધી કે તે તેનો બાપ જ કેમ ન હોય !" તથા "ઈમાન પર કુફ્રને પસંદ કરનારાને દોસ્ત ન બનાવો !" એવો સીધો હુકમ કુર્આનમાં રબ તઆલા ફર્માવે છે. તથા તેમનાથી દોસ્તી મહોબ્બત રાખનારને કુર્આને જાલિમ કહ્યા ! જ્યારે પ્રો. તાહિર સાહબ તો શીઆ, દેવબંદી, વહાબી..... વગેરે સાથે એક થઈને રહેવાનું સમજાવે છે, કહે છે : *"હમ મહબ્બતેં બાંટનેવાલે હૈં, હમ તોળનેવાલે નહીં, જોળનેવાલે હૈં !"* વળી તેમની પાછળ નમાઝ પઢવાને જાઈઝ કહે છે ! તો શું તેમની દષ્ટિમાં આ બધા ફિર્કાવાળા ઈમાન છોડીને કુફ્રને પસંદ કરનારા નથી ?! હદીષે પાકમાં અલ્લાહના રસૂલ ﷺ તો ફર્માવે છે કે, "બદ્‌મઝહબની ન બીમારપુર્સી કરો, ન જનાઝામાં જાવ, ન સલામ કરો, તેમનાથી ન શાદી કરો, ન તેમની પાછળ નમાઝ પઢો....." હવે તમે કોનુ માનશો ? પ્રો. તાહિરનું કે અલ્લાહના રસૂલ ﷺનું ?! તેમજ સહાબાએ કિરામના બનાવોમાં જે મહબ્બતે રસૂલ ﷺના નમૂના પેશ થયા છે તે પણ તમે જોયા. હદીષમાં એ પણ છે કે, **"મારા સહાબા તારાઓ સમાન છે જેની પણ પયરવી (અનુસરણ) કરશો ભલાઈ પામશો."** તો સહાબીઓએ મહબ્બતે રસૂલમાં તેમના દુશ્મન સાથે સંબંધ કટ કર્યા બલ્કે લડવા માટે સામે આવતાં જંગ કર્યો ! ભલે તે સગા હતા, તે આપણે જોયું. જ્યારે તાહિર સાહબ ઈશ્કે મુસ્તફામાં દીવાના હોવાનો દાવો પણ કરે છે અને તેમની વાણી તથા વર્તનો જે ઉપર વર્ણવ્યાં તે કુર્આની આદેશ તથા હદીષના ફર્માનો અને સહાબીઓના વલણોથી તદ્દન વિરુદ્ધ છે, જે દર્શાવે છે કે **એમની પાસે લેક્ચરબાજીથી વિશેષ સુન્નિયતની કોઈ પાયાની દલીલ નથી** કે જે કુર્આન હદીષનો તકાઝો પૂરો પાડે.

## ★ નબી ﷺના પૂરાણા દુશ્મનો સાથે પ્રો. તાહિરનો પ્રેમભાવ ! ★

**હે મારા પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો !** અલ્લાહે તમને પણ દિમાગ આપ્યું છે, આંખો આપી છે જેથી અલ્લાહની એ નેઅમતોને કામે લગાડો અને પ્રો. તાહિરના લેક્ચરોથી અંજાયા વિના હક્કને સમજવા કોશિશ કરો ! નહીં તો ક્યાંક ગુમરાહી તમારું મુકદ્દર ન બની જાય જે તમારી આખેરતને ખરાબ કરી નાખે. સાંભળો ! પ્રો. તાહિર સાહબ એક જગાએ બયાનમાં સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે :–

"પૂરી દુન્યામેં જબ તકસીમ (વહેંચણી) કી જાતી હૈ તો બિલિવર્સ ઔર નોન બિલિવર્સ (ઈમાનવાળા તથા ગૈરઈમાનવાળા) કી તકસીમ કી જાતી હૈ. નોન બિલિવર્સ કો કુફ્ફાર (કાફિરો) કહતે

હૈં ઈલ્મી ઈસ્તેલાહમેં (બોલચાલમાં). ઔર બિલિવર્સ (ઈમાનવાળા) ઉસ્કો કહતે હૈં જો અલ્લાહ કી ભેજી હુઈ 'વહી' પર ઔર આસ્માની કિતાબોં પર ઔર પયગંબરોં પર ઈમાન લાતે હૈં, મઝહબ (ધર્મ) ઉન્કા કોઈ ભી હો. તો જબ બિલિવિર્સ ઔર નોન બિલિવર્સ કી તક઼સીમ હોતી હૈ તો **યહૂદી અક઼ીદે કે માનનેવાલે લોગ ઔર મસીહી બિરાદરી ઔર મુસલમાન યહ તીન મઝાહિબ બિલિવર્સ (ઈમાનવાળાઓ)મેં શુમાર હોતે હૈં. યહ કુફ્ફાર (કાફિરો)મેં શુમાર નહીં હોતે."** (youtube)

**સાંભળી લીધું !** યહૂદી તથા ઈસાઈ ઈમાનવાળા (believers) છે અને કાફિરોમાં તેમની ગણના થતી નથી. હવે આવો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કુર્આને પાકમાં શું ફર્માવે છે તેને જોતા ચાલો :–

એક આયત જેનો તર્જુમો નીચે રજૂ થશે. પ્રથમ તેનું **શાને નુઝૂલ** જુઓ : "હઝરત ઉબાદા ઈબ્ને સામિતે જંગે અહઝાબના દિવસે હુઝૂર ﷺને વિનંતિ કરી કે ૫૦૦ યહૂદીઓ મારી સાથે પરસ્પર સહાય કરવાના કરારથી બંધાયેલા છે. મારી ઈચ્છા છે કે દુશ્મન સામે મદદ મેળવવા હું તેમને લડાઈ માટે બોલાવું. ત્યારે આ આયતે કરીમા ઉતરી અને કાફિરને મિત્ર કે મદદગાર બનાવવાની મનાઈ કરવામાં આવે." આયતનો તર્જુમો : "મુસલમાનો, મુસલમાન સિવાય કાફિરને (યહૂદીને) પોતાના મિત્ર ન બનાવો........" *(સૂરએ આલે ઈમરાન, આયત : ૨૮)*

**આ આયતમાં કુર્આન યહૂદીને કાફિર દર્શાવે છે** જ્યારે પ્રો. તાહિર સ્પષ્ટપણે **યહૂદીને ઈમાનવાળા** જણાવે છે અને **તેમને કાફિરમાં ગણતા નથી.**

એ જ પ્રમાણે બીજી આયતમાં અલ્લાહ તરફથી એલાન છે : "બેશક ! જેટલા કાફિર છે કિતાબી (એટલે યહૂદી તથા ઈસાઈ) તથા મુશ્રિક સૌ જહન્નમની આગમાં છે....." *(સૂરએ બય્યિનહ્, આયત : ૬)*

બીજી આયતમાં છે : "તે જ છે જેણે આ **કાફિર કિતાબીઓ** (યહૂદી તથા ઈસાઈ)ને પોતાના ઘરોએથી કાઢયા તેમના પ્રથમ અંજામના માટે." *(સૂરએ હશ્ર, આયત : ૨)*

એ જ પ્રમાણે અન્ય એક આયતમાં છે : **"કિતાબી (યહૂદી તથા ઈસાઈ) કાફિર** તથા મુશ્રિક પોતાનો દીન છોડવાના ન હતા જ્યાં સુધી તેમની પાસે રોશન દલીલ ન આવે." *(સૂરએ બય્યિનહ્–૧)*

એક આયતમાં છે : "અને ડરો તે દિવસથી કે કોઈ જીવ બીજાનો બદલો નહીં થાય અને ન તેને કાંઈ લઈને છોડીએ અને ન કાફિરને કોઈ ભલામણ ફાયદો આપે." *(સૂરએ બક઼રહ, આયત : ૧૨૩)*

આ આયતમાં યહૂદીઓને રદીયો આપવામાં આવ્યો છે. તેઓ કહેતા હતા કે અમારા બાપદાદા બુઝુર્ગ થઈ ગયા છે તેઓ શફાઅત કરીને અમને છોડાવી લેશે. આ આયતમાં તેમને નિરાશ કરવામાં આવ્યા કે **શફાઅત કાફિરો માટે નથી.** *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન)* એટલે કે, "યહૂદીઓ કાફિર છે અને તેમની નજાત થશે નહીં." આ પરથી સમજી લો કે પ્રો. તાહિર કુર્આનની આયતોથી વિરુદ્ધ લેક્ચરોમાં હાંકી રહ્યા છે અને કુર્આનની વિરુદ્ધ કહેનારા માટે શું હુકમ છે તેના માટે ફત્વો આ જ અંકમાં વાંચી લેશો. એમના તુક્કાઓ તો એવા છે કે આખા ઈસ્લામનું માળખુ વેરવિખેર થઈ જાય !

કુર્આનમાં તો છે કે, "હે ઈમાનવાળાઓ ! તમો યહૂદીઓ તથા નસારા (ઈસાઈઓ)ને તમારા દોસ્ત ન બનાવો. તેઓ આપસમાં એકબીજાના મિત્ર છે. તેમની સાથે મિત્રતા રાખનાર તેમના જેવા જ થશે, આવા જુલ્મીઓને અલ્લાહ સારા માર્ગે દોરતો નથી." *(સૂરએ માઈદહ્, આયત : ૫૧)*

જ્યારે પ્રો. તાહિર વર્તમાનકાળના તે ઈસાઈઓ જેઓ હઝરત ઈસા علیہ السلامને ખુદા તથા ખુદાના બેટા

માને છે, હઝરત ઈસા તથા હઝરત મરયમની મૂર્તિઓ બનાવીને તથા ક્રોસને પૂજે છે, તેને નમન કરે છે તથા ક્રોસ ગળે બાંધી ફરે છે, ઈસા عليه السلامના લાવેલા અસલ દીન પર પણ નથી તથા કુર્આનમાં છે કે ઈસા عليه السلامને અલ્લાહે આસ્માન પર ઉઠાવી લીધા છે જ્યારે ઈસાઈઓનો અક઼ીદો છે કે તેમને સૂળી પર લટકાવાયા હતા....વગેરે કુફ્રી અક઼ીદાઓ છતાં તેમની સાથે મળીને પોતે ક્રિસમસ મનાવે છે અને ઉપરથી તેને ઈસા عليه السلامની મીલાદ મનાવવું કહીને લોકોની આંખોમાં ધૂળ ઝોંકે છે. તો શું અલ્લાહ વ રસૂલનો ચાહક અને ઈશ્ક઼ે મુસ્તફાનો દાવેદાર આવા અક઼ીદાવાળા ઈસાઈઓ સાથે દોસ્તી જાહેર કરશે ? અને કુર્આનના આદેશ વિરુદ્ધ વર્તશે ?!

## ★ આ રહ્યા યહૂદીની રસૂલ દુશ્મનીના પુરાવા ! ★

અમ્ર ઈબ્ને ઉમૈયાએ આમિર ક઼બીલાના બે માણસોને ક઼ત્લ કરી નાખ્યા જેનો ખૂનબહા (ખૂનનો બદલો) યહૂદી બનૂ નુઝૈર ક઼બીલા માથે હતો. હુઝૂર બનૂ નુઝૈરની પાસે આ ખૂનબહાની માગણી માટે તશરીફ લઈ ગયા તો બનૂ નુઝૈરે વાયદો કર્યો. એક યહૂદી ઉપર ચઢયો અને દીવાલ પરથી પથ્થર ગબડાવીને આપને ખત્મ કરવા ચાહ્યું, સરકાર صلى الله عليه وسلمને જાણ થઈ ગઈ તો આપ صلى الله عليه وسلم પરત તશરીફ લઈ આવ્યા. *(ઝુર્કાની ફત્હુલબારી, અબૂ દાઊદ શરીફ બહવાલા તારીખે ઈસ્લામ)*

અસ્સારિમુલ મસ્લૂલ, પેજ : ૭૬માં છે કે મદીના શરીફનો માલદાર યહૂદી કઅબ ઈબ્ને અશરફ જે કબીલા બનૂ નુઝૈરથી હતો. હુઝૂર صلى الله عليه وسلم વિરૂદ્ધ કટુવાણી, ખરાબ શબ્દો અને વિરુદ્ધમાં પ્રોગ્રામ ઘડવાનો તેનો ધંધો હતો. મદીના શરીફમાં રહીને મક્કા શરીફના કાફિરોને ઉશ્કેરતો કે તમે લોકો તેમના પર હુમ્લો કરો અમે તમોને સાથ આપીશું. *(ઈસ્લામ તથા વિશ્વશાંતિ)*

મિશ્કાત શરીફ પેજ નં. ૫૪૧માં હઝરત જાબિરથી રિવાયત છે, જ્યારે ખયબરથી સહાબાએ કિરામ પરત થયા તો યહૂદીઓના કાવત્રા પ્રમાણે બકરીના ગોશ્તમાં ઝહેર મિલાવી હુઝૂર صلى الله عليه وسلمને આપવામાં આવ્યું. આ ઝહેર પણ યહૂદીઓએ આપીને પોતાની દુશ્મનીને પ્રદર્શિત કરી.

મિશ્કાત શરીફની શરહ મિર્આતુલ મનાજીહ બાબુલ મો'જિઝાતમાં છે : હઝરત આઈશા સિદ્દીક઼ા رضي الله عنهاથી રિવાયત છે કે સરકાર صلى الله عليه وسلم પર જાદૂ કરવામાં આવ્યો તો આપ صلى الله عليه وسلمએ હઝરત આઈશા رضي الله عنهاને કહ્યું, જે લોકોએ જાદૂ કર્યો છે તે મને જણાવવામાં આવ્યું છે. મારી પાસે બે માણસો આવ્યા. એક મારા માથા પાસે બેઠો એક મારા પગની પાસે બેઠો અને એ કે બીજાને કહ્યું, આ માણસને શું થઈ ગયું છે ? તો બીજાએ કહ્યું કે જાદૂ થઈ ગયો છે. પહેલાએ પૂછયું કે કોણે જાદૂ કર્યો ? તો બીજાએ કહ્યું, જુબેદ બિન આસમ યહૂદીએ જાદૂ કર્યો છે. પછી સરકાર صلى الله عليه وسلم હઝરત અલી તથા હઝરત અમ્માર رضي الله عنهماને લઈને ગયા અને એક કૂવામાં હઝરત અલી ઉતર્યા અને મીણનું એક પૂતળુ કાઢ યું. જેમાં ૧૧ સોયો ભોંકેલી હતી અને વાળોમાં ૧૧ ગાંઠો હતી. એ સ્થળે એ વખતે હઝરત જિબ્રઈલ عليه السلام સૂરએ ફલક અને સૂરએ નાસ લઈને આવ્યા એ બંનેમાં ૧૧ આયતો છે. હુઝૂર صلى الله عليه وسلم એક આયત પઢતા તો પૂતળામાંથી એક સોય નીકળી જતી અને વાળોમાંથી એક ગાંઠ ખુલી જતી અને હુઝૂરનો બોજ હલકો થઈ જતો. આ રીતે ૧૧ આયતો પઢવાથી ૧૧ સોયો નીકળી ગઈ અને ૧૧ ગાંઠો ખુલી ગઈ. આ પરથી જાણવા મળ્યું કે યહૂદીઓ હુઝૂર صلى الله عليه وسلمને ક઼ત્લ કરવા માટે હમેશાં દુશ્મની રાખતા હતા. (મઆઝલ્લાહ !)

સારાંશ કે તે યહૂદી તથા ઈસાઈઓએ રસૂલની દુશ્મનીમાં અલ્લાહના રસૂલ صلى الله عليه وسلمને તકલીફો

આપવામાં કોઈ કસર નથી છોડી. હુઝૂર ﷺના જાહેરી જમાનાથી આજ સુધી યહૂદી ઈસાઈઓએ દુનિયાભરમાં મુસ્લિમોને રંજાડવા અસંખ્ય લડાઈઓ લડી, કાવત્રાં રચ્યાં તે ઈતિહાસમાં જોઈ લો અને આજે પણ યહૂદી ઈસાઈઓ, મુસ્લિમોનો માટે પૃથ્વીના પટ પર ચૈનનો શ્વાસ લેવો મુશ્કેલ કરી રહ્યા છે જે જગજાહેર છે, તેમની સાથે પ્રો. તાહિરને આટલી મહોબ્બત શા માટે થઈ ગઈ છે ?! રસૂલે પાક ﷺના જાની દુશ્મન આજે પ્રો. તાહિરના જાનની રક્ષા કરી રહ્યા જ છે ! (બ્લેક વોટર કમાન્ડો !) શું ઈશ્કે મુસ્તફાનો દાવેદાર આવો જ હોય છે ?! શું નબી ﷺને રંજાડનારાઓને નબીનો આશિક઼ કુર્આન વિરુદ્ધ જઈને ઈમાનવાળા (Believers) કહેશે અને કાફિરોમાં પણ નહીં ગણે ?! શું તેઓ કુર્આન પર, આખરી નબી ﷺ પર ઈમાન લાવ્યા કે તેમને ઈમાનવાળા કહી દીધા ? જાતે જ ફૈસલો કરી લો !

### ★ હઝરત ઉમર رضی اللہ عنہનું યહૂદી ઈસાઈ વિશે સ્પષ્ટ ફર્માન ★

ઈમામ ઈબ્ને અબી હાતિમ તથા બયહક઼ીએ શોઅબુલ ઈમાનમાં હઝરત અયાઝ رضی اللہ عنہથી રિવાયત નક઼લ કરી છે કે હઝરત ઉમરે હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہને હુકમ આપ્યો કે એક વરસ દરમ્યાન તેમણે જે લીધું અને જે આપ્યું તે રજૂ કરે. આપનો સેક્રેટરી નસ્રાની (ઈસાઈ) હતો. આપની ખિદમતમાં તે હિસાબ કિતાબ રજૂ કરવામાં આવ્યો. હઝરત ઉમર رضی اللہ عنہ જોઈને ખુશ થયા. ફર્માવ્યું, આ તો ઘણુ સરસ છે, શું તું મસ્જિદમાં અમારા માટે તે પત્ર પઢીશ જે શામથી આવ્યો છે ? તો તેણે કહ્યું કે તે મસ્જિદમાં નથી જઈ શક્તો ! હઝરત ઉમર رضی اللہ عنہએ પૂછયું, શું તેને જનાબત (ગુસ્લની હાજત) લાગુ થયેલી છે ? તેણે કહ્યું, નહીં, બલ્કે તે નસ્રાની (ઈસાઈ) છે. તો આપે મને તતડાવ્યો અને મારી જાંગ પર માર્યું અને ફર્માવ્યું, એને કાઢો ! *(તફસીરે દુર્રે મન્સૂર, ૨/૭૯૯)*

હઝરત અબૂ મૂસા અશ્અરીએ કહ્યું, ખુદાની ક઼સમ ! હું તેની સાથે દોસ્તી નથી રાખતો ! એ કેવળ લખાણનું કામ જ કરે છે. હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, શું તમને મુસલમાનોમાં કોઈ લહિયો (લખાણ કરનાર) ન મળ્યો ? જ્યારે **અલ્લાહે એમને દૂર કરી આપ્યા** છે તો **તમે એમને નજીક ન કરો !** અને જ્યારે અલ્લાહે એમને ખયાનત કરનાર ઠરાવી આપ્યા છે તો તમે એમને "અમીન" ન બનાવો. અને જ્યારે અલ્લાહે એમને ઝલીલ કર્યા છે તો તમે એમને ઈજ્જત ન આપો ! *(તિબ્યાનુલ કુર્આન, ૩/૨૧૧, બહવાલા શોઅબુલ ઈમાન, ભાગ : ૭)*

અબૂ સુલૈમાન વર્ણવે છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہએ ફર્માવ્યું, **અલ્લાહના દુશ્મનો યહૂદી તથા નસારા (ઈસાઈ) સાથે એમની ઈદ તથા એમના મેળાવડાના દિવસોમાં એમની સાથે ભેળ સેળ ન કરો, કેમ કે એમના પર અલ્લાહનો ગઝબ નાઝિલ થાય છે,** મને અંદેશો છે કે તમારા ઉપર પણ તે ગઝબ ન આવી જાય, અને એમને તમારાં રહસ્યો ન બતાવો, નહીં તો તમે પણ તેમના સંસ્કાર અપનાવી લેશો. *(હવાલો : ઉપર મુજબ)*

વિચારો ! હવે પ્રો. તાહિર સાહબ કઈ રીતે કહી શકે છે કે, **"અમારી મસ્જિદો યહૂદી ઈસાઈ માટે ખુલ્લી છે, એઓ એમના ધર્મ પ્રમાણે ઈબાદત કરી શકે છે."** તથા પ્રો. તાહિર પોતે **તેમની સાથે ક્રિસમસ મનાવી** તેમની ઈજ્જત વધારી શકે છે ? નિષ્પક્ષ બની ફૈસલો કરો કે શું આશિકે મુસ્તફાનાં આવા કામો હોય શકે છે ? શું ખલીફતુલ મુસ્લિમીન હઝરત ઉમર رضی اللہ عنہનો ઉપરોક્ત આદેશ માનીએ કે પ્રો. તાહિર સાહબને માનીએ ? રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદક઼ામાં મુસલમાનોને નેક સમજ અતા કરે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

مَا كَانَ اِبْرٰهِيْمُ يَهُوْدِيًّا
وَّلَا نَصْرَانِيًّا وَّلٰكِنْ كَانَ حَنِيْفًا مُّسْلِمًا ؕ وَمَا
كَانَ مِنَ الْمُشْرِكِيْنَ ﴿٦٧﴾ اِنَّ اَوْلَى النَّاسِ بِاِبْرٰهِيْمَ
لَلَّذِيْنَ اتَّبَعُوْهُ وَهٰذَا النَّبِيُّ وَالَّذِيْنَ اٰمَنُوْا ؕ
وَاللّٰهُ وَلِيُّ الْمُؤْمِنِيْنَ ﴿٦٨﴾ وَدَّتْ طَّآئِفَةٌ مِّنْ
اَهْلِ الْكِتٰبِ لَوْ يُضِلُّوْنَكُمْ ؕ وَمَا يُضِلُّوْنَ اِلَّآ
اَنْفُسَهُمْ وَمَا يَشْعُرُوْنَ ﴿٦٩﴾ يٰٓاَهْلَ الْكِتٰبِ لِمَ
تَكْفُرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ وَاَنْتُمْ تَشْهَدُوْنَ ﴿٧٠﴾ يٰٓاَهْلَ
الْكِتٰبِ لِمَ تَلْبِسُوْنَ الْحَقَّ بِالْبَاطِلِ وَتَكْتُمُوْنَ
الْحَقَّ وَاَنْتُمْ تَعْلَمُوْنَ ﴿٧١﴾

### ત.....ર્જુ.....મો.....

*ન હતા ઈબ્રાહીમ યહૂદી તથા ન નસ્રાની બલ્કે તે દરેક ગુમરાહીથી અલગ રહેનાર મુસલમાન હતા[૭૩] અને ન તો તે શિર્ક કરનારાઓમાંથી હતા. બેશક ! અધિક નજીકવાળા લોકો[૭૪] ઈબ્રાહીમ (علیہ السلام)થી તે હતા જેમણે તેમની પયરવી કરી, તેમજ એ નબી (કરીમ) અને જે (આ નબી પર) ઈમાન લાવ્યા. અને અલ્લાહ તઆલા મદદગાર છે મો'મિનોનો. દિલથી ચાહે છે એક ગિરોહ (ગૃપ)[૭૫] અહલે કિતાબમાંથી કે કોઈક રીતે ગુમરાહ કરે તમને, અને નથી ગુમરાહ કરતા પણ પોતે પોતાને, અને તેઓ (આ હકીકતને) નથી સમજતા. હે અહલે કિતાબ ! શા માટે ઈન્કાર કરો છો અલ્લાહની આયતોનો ? જ્યારે કે તમો ખૂદ ગુમરાહ છો[૭૬]. હે અહલે કિતાબ ! શા માટે મિલાવો છો હક્કને બાતિલ સાથે અને શા માટે છુપાવો છો હક્કને ? જ્યારે કે તમો જાણો છો !*

### તફસીર.........

**૭૩.** ગુમરાહીથી મોઢું ફેરવીને હક્કની તરફ ધ્યાનિત થવાને અરબીમાં **اَلحَنف** કહે છે અને હક્કથી વિમુખ થઈને ગુમરાહી તરફ વળવાને **اَلجَنَف** કહે છે. (મુફર્રદાત) તો "હનીફ"નો અર્થ થયો દરેક બાતિલ તથા ગુમરાહીથી મોં ફેરવીને સંપૂર્ણપણે હક્ક તથા સત્યની તરફ ધ્યાનિત થનાર. કુર્આન દર્શાવે છે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام તો કેવળ અલ્લાહ તઆલાની ઉલૂહિયત (એક હોવા)ને માનનારા હતા અને એ જ એકની ઈબાદતમાં વ્યસ્ત હતા. ન તે ઉઝૈરને ખુદાના પુત્ર અને ન મસીહને એનો પુત્ર કહેતા હતા, ન ક્રોસના પૂજારી હતા, અને ન અરબના મુશ્રિકોની જેમ કોઈ પથ્થરની મૂર્તિના પૂજારી હતા. તેમની એકલી તૌહીદ સાથે તમારી શિર્કમય યહૂદિયત તથા નસ્રાનિયતને શું નિસ્બત હોઈ શકે છે ?

**૭૪.** હક્કવાળાઓ સાથે સંબંધ તથા નિકટતાનો આધાર એના પર નથી કે તમો તેમની સાથે સંબંધના લાંબા ચોળા દાવા કરો, બલ્કે એનો દારોમદાર તેમની સાચી પયરવી પર છે, જેમણે એમનો પયગામ દિલથી કબૂલ કર્યો અને જિંદગીભર એના પર કાર્યરત રહ્યા તેઓ જ એમનાથી નજીક છે, તેઓ જ એમના દોસ્ત

છે. એટલા માટે કુર્આને હકીમે સ્પષ્ટતા કરી આપી છે કે હઝરત ઈબ્રાહીમ عليه السلامથી નિકટતાનું સદ્‌ભાગ્ય ક્યાં તો એમને પ્રાપ્ય છે જેઓ એમના પર ઈમાન લાવ્યા અને તેમની પયરવી કરી, અથવા એ નબી ઉમ્મી (જેમના પર આપણા મા બાપ કુર્બાન)ને જેમણે દીને ઈબ્રાહીમીને નવી જિંદગી તથા નવીન શક્તિ બખ્શી, અથવા તેમના જાંબાઝ ગુલામોને જેઓ ઈબ્રાહીમી મિશનને સરબુલંદ કરવા માટે દરેક કુર્બાની આપવા તૈયાર છે. તમારે અલ્લાહના ખલીલ સાથે શો સંબંધ ?! જે દુનિયાની મહોબ્બત તથા સત્તાની લાલચમાં એવા ખોવાયેલા છો કે હક્કને પહેચાનવા છતાં હક્કને સ્વીકારવા માટે તૈયાર નથી !

**૭૫.** એવું હોવું જોઈતુ હતું કે અહલે કિતાબ હુઝૂરે કરીમ ﷺ પર ઈમાન લાવતા, પરંતુ ઈમાન લાવવાનું તો એક તરફ રહ્યું પણ પોતાની જીદ તથા ઘમંડની હાલત એવી છે કે જેઓ સીધા માર્ગે ચાલી રહ્યા છે તેમના વિશે પણ તેમની ઈચ્છા એવી છે કે તેઓ ભટકી જાય. જો તેઓ એમનો મઝહબ કબૂલ નથી કરતા તો કમસે કમ મુસલમાન તો ન રહે, એટલા માટે મુસલમાનોને ઈસ્લામથી બદ્‌ઝન કરવા તથા હટાવવા માટે સર્વ કોશિશો કરતા. તેઓની સમક્ષ જાત જાતના શંકાઓ રજૂ કરતા, પુષ્કળ આક્ષેપો ઘડતા. અલ્લાહ તઆલા ફર્માવે છે કે તેઓ આ નાપાક મક્સદમાં તો કદી કામયાબ નથી થઈ શકતા, અલ્બત્ત તેઓ પોતાના આમાલનામાની કાળાશમાં જરૂર વધારો કરી રહ્યા છે અને અજાણતામાં પોતે પોતાને તબાહીના ખાડામાં ફેંકી રહ્યા છે. **وما يضلون**નો મતલબ **ما يهلكون** છે.

**૭૬.** ઈસ્લામની સચ્ચાઈ તથા હક્કાનિયતની દલીલો એટલા પ્રમાણમાં સ્પષ્ટ તથા રોશન છે કે જાણે તેઓ ઈસ્લામની સચ્ચાઈને પોતાની આંખો વડે જોઈ રહ્યા છે. પરંતુ આટલુ ઉઘાડુ જોઈ લીધા છતાં પણ એમનું ઈસ્લામ ન સ્વીકારવું કેટલા પ્રમાણમાં વિચિત્ર કહેવાય ?!

**૭૭.** **لبس**નો અર્થ ઢાંકી દેવું અથવા કોઈ ચીજને બીજી ચીજ સાથે ભેળસેળ કરી દેવું છે. એટલે કે નબી કરીમ عليه الصلوٰة والسلامના કમાલો તથા નિશાનીઓ જે તેમની આસ્માની કિતાબોમાં પાને પાના પર અંકિત હતા તેને છુપાવી દીધા કરતા હતા અથવા અલ્લાહ તઆલાના તે હુકમોમાં ફેરફાર (તેહરીફ) કરી આપ્યા કરતા હતા જેમના પર અમલ કરવો તેમની નાઝુક તબિયત પર ભારરૂપ હોતું.

પેજ નં. **૨૨** નું ચાલુ...

બારામાં છે જે હલાલ ગુસ્લ કરે છે, અને **જે હરામ ગુસ્લ કરે છે તો તેના દરેક વાળના બદલામાં એક વરસના ગુનાહ તેના આમાલનામામાં લખવામાં આવે છે અને દરેક ટીપાથી ગુસ્લના વખતે એક શૈતાન પેદા થાય છે અને ક્યામત સુધી જે બુરાઈ તે શૈતાનથી થાય છે તેને તે શખ્સના માથે લખવામાં આવે છે.**

## ★ શરીઅત, તરીક્ત મઅરેફત, હકીક્ત ★

પછી ફર્માવ્યું કે શરીઅતના માર્ગે ચાલનારાઓને પ્રારંભમાં એ કે જ્યારે લોકો **શરીઅત**માં અડગ થઈ જાય છે અને શરીઅતનાં સર્વ ફર્માનો પાળે છે અને તેને પાળવામાં રજમાત્ર પણ હટતા નથી તો મોટાભાગે તે બીજા મર્તબા પર પહોંચે છે જેને **"તરીક્ત"** કહે છે. ત્યારબાદ જ્યારે શરતોની સાથે તરીક્તમાં અડગ રહે છે અને સર્વ શરીઅતના હુકમોનું સંપૂર્ણપણે પાલન કરે છે તો **"મઅરેફત"**ના દરજે પહોંચી જાય છે. જ્યારે મઅરેફતે પહોંચે છે તો શનાખ્ત વ સનાઈનો મકામ આવી જાય છે. જ્યારે એ મકામ પર પણ અડગ થઈ જાય તો **હકીક્તના** દરજે પહોંચે છે. આ મર્તબા પર પહોંચીને જે કાંઈ તલબ કરે છે તે મેળવે છે.

પછી ફર્માવ્યું કે મેં એક બુઝુર્ગથી આરિફની વ્યાખ્યા આ પ્રમાણે સાંભળી કે આરિફ તે છે જે બંનેવ જહાનથી સંબંધ કટ કરે પછી મકામે ફર્દાનિયત પર પહોંચે. કેમ કે આ માર્ગ તે જ શખ્સ અપનાવી શકે છે જે સૌથી બેગાનો (બેપરવા) થઈ જાય.

દર્સે હદીષે પાક

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ્ મસાબીહ

**એટલે** મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત **કાર્યાલય**

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

(ત્રીજો વિભાગ)

***હદીષ** : હઝરત હસન[૧]થી મુરસલન રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, "જેને મૃત્યુ એ હાલતમાં આવે કે તે ઈસ્લામને ઝિંદા કરવાના માટે ઈલ્મ શીખી રહ્યો હોય[૨] તો જન્નતમાં તેના તથા નબીઓના દરમિયાન એક દરજો હશે[૩]. (દારમી) તેમનાથી જ મુરસલન રિવાયત છે[૪] ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺને એ બે શખ્સોના બારામાં પૂછવામાં આવ્યું જે બની ઈસ્રાઈલમાં હતા, એક તો આલિમ હતો[૫] જે કેવળ ફર્ઝો જ પઢતો હતો પછી બેસી જતો હતો, લોકોને ઈલ્મ શીખવાડતો હતો[૬] અને બીજો દિવસે રોઝો રાખતો રાતમાં ઈબાદતમાં ઉભો રહેતો[૭] એ બંનેવમાં બેહતર કોણ છે ? હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જે આલિમ કેવળ ફર્ઝ નમાઝ પઢીને બેસી જતો પછી લોકોને ઈલ્મ શીખવતો તેની મહાનતા એ આબિદ પર જે દિવસે રોઝો રાખતો અને રાત્રે ઈબાદત કરતો[૮], એના પર એવી છે જેવી કે મારી ફઝીલત તમારામાંના અદના પર[૯]. (દારમી)*

### -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** હદીષની વિદ્યામાં જ્યારે મુત્લક઼ "હસન" બોલવામાં આવે તો એનાથી ખ્વાજા હસન બસરી મુરાદ હોય છે. આપના વાલિદનું નામ અબૂ સઈદ છે તે ઝયદ ઈબ્ને ષાબિત رضی اللہ عنہના ગુલામ હતા. તેમના વાલિદ યસારને રબીઅ બિન્તે નઝીરે આઝાદ કર્યા હતા. ખ્વાજા હસન બસરી મદીના મુનવ્વરામાં ફારૂક઼ી યુગમાં ફારૂકે આ'ઝમની શહાદતથી બે વરસો પહેલાં પેદા થયા. હઝરત ઉમર ફારૂકે પોતાના દસ્તે મુબારક વડે તહનીક કરી. (નવા જન્મેલ બાળકના મોઢામાં કોઈક મીઠી ચીજ ચાવીને રાખવી) આપનાં વાલિદા ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલ્માનાં લોંડી હતાં. ઘણીવાર હઝરત ઉમ્મે સલમાએ તેમનાં વાલિદાની ગેરહાજરીમાં તેમને પોતાનુ દૂધ મુબારક પીવડાવ્યું છે, એની બરકતથી આપ આટલા મહાન આલિમ તથા સમયના ઈમામ બન્યા. હઝરત ઉષ્માન رضی اللہ عنہની શહાદત પછી બસરા આવી ગયા હતા. આપે ઘણા સહાબીઓ સાથે મુલાકાત કરી છે. પોતાના સમયના ઈમામ અને ઘણા જ મુત્તકી પરહેઝગાર હતા. રજબ હિ.સ. ૧૧૦માં બસરામાં આપનો વિસાલ થયો અને ત્યાં જ દફન કરવામાં આવ્યા. આપની ક઼બ્ર આમ તથા ખાસ લોકો માટે ઝિયારતગાહ છે. *(અકમાલ)* ફક઼ીરે ક઼બ્ર શરીફની ઝિયારત કરી છે.

**૨.** જાહેર એ છે કે એનાથી મુરાદ તાલિબે ઈલ્મ છે જે આલિમે દીન ન બની શક્યો અને પહેલાં જ મૃત્યુ પામ્યો. જ્યારે તેની આ ફઝીલત છે કે તો દીનના આલિમો વિશે તો શું પૂછવું ?! અથવા એનાથી એ મુરાદ છે કે જેઓ આલિમે દીન છે પણ ઈલ્મથી તૃપ્ત નથી થતા અને હમેશાં કિતાબોના અભ્યાસ અને ઉલમાની સોહબતથી પોતાનો ઈલ્મ વધારતા રહે છે અને હમેશાં પોતાને તાલિબે ઈલ્મ સમજતા રહે છે અને આ સર્વ કાંઈ દીનની ખિદમતની નિય્યતથી કરે છે.

**૩.** એટલે કે એમને અંબિયાથી ખૂબ જ નિકટતા નસીબ થશે. આ'લા ઈલ્લીયીનમાં આ હઝરત અને એમની નીચે આલિમો હશે, કેમ કે એઓ દુનિયામાં અંબિયાના વારસ હતા. યાદ રાખશો કે અમુક

મો'મિન જન્નતમાં અંબિયાની સાથે રહેશે. રબ ફર્માવે છે : فَأُولَٰئِكَ مَعَ الَّذِينَ ... الآية પણ આ સંગાથ એવો હશે જેવી રીતે બાદશાહના ખાસ ખાદિમો તેની સાથે કોઠીમાં રહે છે કે એ બાદશાહ નથી બની જતા. એવી જ રીતે એ હઝરાત નબીના દરજા પર નહીં હોય, બલ્કે ખાસ ખાદિમ હશે, જેથી હદીષ તથા કુર્આની આયત તદ્દન સ્પષ્ટ છે.

**૪.** ખ્વાજા હસન બસરી સહાબીનો ઉલ્લેખ ક્યાં તો એટલા માટે છોડે છે કે હદીષના રાવી ઘણા સહાબા હોય છે, કોનુ કોનુ નામ લે. અથવા એટલા માટે કે એમની હદીષની સેહત (સહીહ હોવા પર યક઼ીન) હોય છે. સારાંશ કે એમના જેવા બુઝુર્ગોનો ઈરસાલ વિશ્વસનીય છે અને તેમની મુર્સલ રિવાયતો મક઼્બૂલ છે. *(અઝ : મિક઼ાત)*

**૫.** એટલે કે એનો ઈલ્મ ઈબાદત પર ગાલિબ (ચઢીયાતો) હતો અને અધિક સમય ઈલ્મી ખિદમતોમાં પસાર થતો હતો. જેમ કે આગળના લખાણથી જાહેર છે. યાદ રાખશો કે ક્યાં એ બે શખ્સોના બનાવો અરબમાં મશહૂર હતા અથવા તો હુઝૂરે જ વર્ણવ્યા હશે.

**૬.** ઈલ્મથી ઈલ્મે દીન મુરાદ છે ચાહે પઢાવતો હતો અથવા દીની કિતાબ લખતો હતો અથવા બંનેવ કામો કરતો હતો.

**૭.** એટલે સાઈમુદ્દહર અને ક઼ાઈમુલ્લૈલ (દિવસે રોઝા–રાત્રે ઈબાદત ગુઝાર) હતો. કદાચ એમના દીનમાં એ જાઈઝ હશે. ઈસ્લામમાં વરસમાં પાંચ રોઝા હરામ છે. શવ્વાલની પહેલી તારીખ અને બક઼ ઈદની દસમીથી તેરમી સુધીના.

**૮.** જવાબમાં આટલુ લાંબુ વાક્ય ફર્માવવું આલિમની શાન લોકોના દિમાગમાં બેસાડવા માટે છે, નહીં તો એટલુ પૂરતુ હતું કે પહેલો બીજા કરતાં અફઝલ છે.

**૯.** એની શરહ અગાઉ વર્ણન થઈ ચૂકી કે આ દાખલો સ્થિતિ વર્ણવવા માટે છે એટલે કે જે પ્રકારની બુઝુર્ગી મને તમારા પર હાંસલ છે એવા પ્રકારની બુઝુર્ગી આલિમને આબિદ પર છે. જેમ કે રબ ફર્માવે છે : مَثَلُ نُورِهِ كَمِشْكَاةٍ ... الآية જેથી એનાથી એ જરૂરી નથી થતુ કે આલિમ નબીના બરાબર થઈ જાય. યાદ રાખશો કે ક્યાં તો ફર્ઝે અયન છે અથવા કિફાયહ. કિફાયહ મુદ્દલે અધિક ઈબાદત છે. તેમજ આલિમનો ફાયદો મખ્લૂક઼ને (લોકોને) છે અને આબિદનો ફાયદો કેવળ પોતાના પૂરતો છે. જેથી આલિમ આબિદથી અફઝલ છે. આદમ علیہ السلام આલિમ હતા અને ફરિશ્તા લાખો વરસના આબિદ છતાં સજદો આબિદોએ આલિમને કર્યો.

પેજ નં. **૧૭** નું ચાલુ...

યક઼ીન કરે કે વસ્તુઓ પર તેની કુદરત પ્રયત્ન વિના અને સબબો વિના છે. તેની કારીગરી મઝાજના દખલ અને સબબોથી ખાલી છે. દરેક વસ્તુ તેની બનાવટ છે અને તે બનાવટના માટે કોઈ સબબનો મોહતાજ નથી. જે વસ્તુ તારા વહેમ અને ગુમાનમાં સમાઈ શકે તેનાથી ઝાતે બારી તઆલા બુલંદ અને ઉચ્ચ છે. આ કલામ ખૂબ જ અજબ અને ઘણુ જ ઉમદા અને સંશોધનયુક્ત છે. તેનો આખરી ભાગ આ ઈર્શાદે ઈલાહીની તફસીર છે : لَيْسَ كَمِثْلِهِ شَيْءٌ "તેના જેવો કોઈ નથી." (સૂરએ શુરા, આયત નં. ૧૧)

બીજા હિસ્સામાં આ ઈર્શાદે ખુદાવંદીની તફસીર બયાન કરી છે, لَا يُسْأَلُ عَمَّا يَفْعَلُ "તેને પૂછવામાં આવતું નથી જે કાંઈ કરે." *(સૂરએ અંબિયા, આયત નં. ૨૩)*

અને ત્રીજા હિસ્સામાં ઈર્શાદે બારી તઆલાની તફસીર છે, إِنَّمَا قَوْلُنَا لِشَيْءٍ إِذَا أَرَدْنَاهُ أَنْ نَقُولَ لَهُ كُنْ فَيَكُونُ "જે વસ્તુ અમે ઈચ્છીએ તેને અમારું ફર્માન એ જ હોય છે કે અમે કહીએ થઈ જા ! તો તે તરત થઈ જાય છે." *(સૂરએ નહલ, આયત નં. ૪૦)*

અલ્લાહ તબારક વ તઆલા અમને તથા તમને તૌહીદ તથા પાકીના અક઼ીદા પર અડગ રાખે અને તેની કોઈની સાથે સરખામણી અને તેની સિફતોના ઈન્કારથી બચાવે કે જે ગુમરાહીના રસ્તાઓ છે.



# શિફા શરીફ

વિભાગ : ૨

મૂળ લેખક : ફક઼ીહ ક઼ાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ
ગુજરાતી અનુવાદક : મર્હૂમ ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

***(વિભાગ : ૧૫)***

## એક ઈમાન વર્ધક ચર્ચા

ક઼ાઝી અયાઝ માલિક رحمۃ اللہ علیہ અલ્લાહની તૌફીક઼થી ફર્માવે છે કે અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના કેટલાક મુબારક નામોનો સરપાવ સરકારે કૌનેન ﷺને પણ કર્યો છે. એના વિશે એક મુદ્દાને બયાન કરવામાં આવે છે જેના પછી પહેલા પ્રકારના પ્રકરણને પૂરું કરી દેવામાં આવશે. એ મુદ્દાથી કમઅક્કલ અને વક્ર બુદ્ધિની શંકા દૂર થઈ જશે જે પાછલા પ્રકરણમાં એક હદીષથી તેના દિલમાં પેદા થઈ ગઈ હશે. આ ભેદ, શંકા અને વહેમની મુશ્કેલ ઘાટીઓથી નીકળીને હક઼ીક઼તને જૂઠની મેળવણીથી પાક સાફ કરી દેશે.

જાણી લેવું જોઈએ કે અલ્લાહ عزوجلને પોતાની મહાનતા, કિબ્રિયાઈ, બાદશાહી મુબારક નામો અને મહાન ખૂબીઓમાં મખ્લૂક઼ સાથે કોઈ સમાનતા નથી, અને ન મખ્લૂક઼ની કોઈપણ વ્યક્તિ તેના સમાન બની શકે છે, જે શબ્દોનો શરીઅતમાં ઉપયોગ ખાલિક઼ અને મખ્લૂક઼ બંને માટે થયો છે, હક઼ીક઼તમાં સમાનતા ત્યાં પણ બિલકુલ નથી, કેમ કે ઝાતે ક઼દીમની ભલાઈઓ અને મખ્લૂક઼ની ખૂબીઓ બિલકુલ જુદી જુદી છે. જેવી રીતે અલ્લાહ તઆલાની ઝાત અને મખ્લૂક઼ની ઝાતમાં કોઈ સમાનતા નથી એવી જ રીતે રબ્બુલ ઈઝ્ઝતની સિફતો (ખૂબીઓ)માં પણ સમાનતા નથી, કેમ કે મખ્લૂક઼ની ખૂબીઓ અરજ અને ગરજથી જુદાઈ નથી, જ્યારે કે અલ્લાહ તબારક વ તઆલા તેનાથી પાક છે. તદ્ઉપરાંત અલ્લાહ તઆલાના મુબારક નામો તથા સિફતો તેની જાતથી અલગ નથી અને જુદી થઈ શકતી નથી. એટલે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : لَيْسَ كَمِثْلِهٖ شَيْءٌ "તેના જેવો કોઈ નથી." *(સૂરએ શૂરા, આયત નં. ૧૧)*

અલ્લાહ તબારક વ તઆલા તે આરિફો અને સંશોધન કરનાર (મુહક્કિ઼ક઼) વિદ્વાનોને ખુશહાલ રાખે છે જેમણે ફર્માવ્યું છે કે તૌહીદથી મુરાદ એક એવી જાતની સાબિતી છે જે કોઈ જાતના સમાન ન હોય અને ન કદી પોતાની મહાન સિફતોથી દૂર હોય. ઈમામ વાસેતી رحمۃ اللہ علیہએ આના પર વધારો કરતાં આ પ્રમાણે ફર્માવ્યું છે જે અમારો ધ્યેય છે :–

"ન કોઈ જાત તેની જાતના જેવી છે, ન કોઈ નામ તેના નામ જેવું છે, ન કોઈ કૃત્ય તેના કૃત્યના જેવું છે. તેની સિફ઼ત (ખૂબી) જેવી કોઈની સિફ઼ત નથી. તેના સિવાય એક શબ્દના સાથે બીજા શબ્દની સમાનતા હોવાની અને તે ક઼દીમ ઝાત તેનાથી પાક છે કે તેની કોઈપણ સિફ઼ત નવી ઉદ્ભવેલી (હાદિષ) હોય જેવી રીતે કે હાદિષ નવીન જાતમાં ક઼દીમ સિફ઼તનું હોવું અશક્ય છે★. આ જે કાંઈ બયાન થયું

★ *વહાબિયતની ચળવળમાં મૂળમાં મુસ્તફા ﷺના મક઼ામના વિરુદ્ધ એક જબરદસ્ત કાવતરું અને અંબિયાએ કિરામ અને મહાન ઔલિયાની અઝમત (મહાનતા)ને મુસલમાનોના દિલ અને દિમાગથી હટાવવાની અલબેલી દુષ્ટતા છે, જેનો હેતુ દીનના નામ પર લોકોને બેદીન (અધર્મી) બનાવવા છે. વહાબી હઝરાત તૌહીદના બચાવની આડમાં અંબિયાએ કિરામ અને મહાન અવલિયાના ઈલ્મો અને અધિકારો વગેરે પર હુમલો કરે છે અને અજાણ લોકોને ધોકો આપવા માટે ખુદાની સિફતોથી શાબ્દિક સામ્યતા બતાવી શિર્ક અને કુફ્રની તોપો ફોડવા લાગે છે. ક઼દીમ અને હાદિષ અથવા ઝાતી તથા અતાઈ વગેરે જેટલા સ્પષ્ટ ફર્ક છે તેમને*

વધુ ફૂટનોંધ આગળના પેજ પર...

એ તમામ એહલે હક્કનો મહઝબ છે જે અહલે સુન્નત વ જમાઅત (કહેવાય) છે. અલ્લાહ તઆલા તેમના બધાથી રાજી થયો.

અબુલ કાસિમ કુશૈરી رحمۃ اللہ علیہએ પણ આ (ઉપરોક્ત) કથનની તફસીર કરી છે જેથી આ બયાન વધુ સ્પષ્ટ થઈ જાય. તે ફર્માવે છે કે આ હિકાયત તૌહીદના તમામ મસાઈલ પર આધારિત છે, કેમ કે : "અલ્લાહ તઆલાની ઝાત વળી મખ્લૂકની જાતના સમાન કેવી રીતે થઈ શકે છે ? જ્યારે કે તે (અલ્લાહ તબારક વ તઆલા) પોતાના વજૂદમાં અપવાદ છે. અને તેનું કાર્ય મખ્લૂકના કાર્ય જેવું કેવી રીતે જોઈ શકે છે જ્યારે કે (ખુદાનું કૃત્ય) કોઈની સાથે લગાવ કરવા અથવા નુકસાનથી બચવા સિવાય છે. ન ત્યાં ભય, મતલબ કે કોશિશ છે અને ન તેના કાર્યમાં સહવાસ અથવા ઉપાય છે, જ્યારે કે મખ્લૂકનું કાર્ય આ કારણોથી ખાલી નથી હોતુ." *(પેજ–૨૦૫)*

આપણા મહાન મશાયખમાંથી એક અન્ય બુઝુર્ગ ફર્માવે છે કે જે કાંઈ તમારા સંદેહમાં આવે છે અને

ફૂટનોંધ પાછળના પેજની ચાલુ... *બિલકુલ જોતા નથી. કેટલાય ભોળા ભાળા મુસલમાનો સમજી શકતા નથી અને આ કાવતરાનો ભોગ બનીને સ્વગુમાન મુજબ જાતે શિર્ક અને કુફ્રથી બચીને તૌહીદના પૂજારી બની બેસે છે. મુજદ્દિદે મિઅતે હાઝરા ઈમામ અહમદ રઝાખાન બરેલ્વી رحمۃ اللہ علیہએ વહાબિયતના અલમબરદાર અને પ્રચારકને પોતાની ઘણી કૃતિઓમાં આ બંને વચ્ચેનો ફર્ક સમજાવ્યો છે અને તેના પર સંપૂર્ણ દલીલો કરી છે. અમુક લખાણો જોઈ લો :–*

***૧.*** *અંબિયા علیہم الصلاۃ والسلامના સંબંધે અલીમ શબ્દ આવેલ છે. અને આ હકીકતમાં અતા થયેલ છે એટલે અલ્લાહની અતાથી. તે વાસ્તવમાં ઈલ્મથી સંબંધિત છે : અને મૌલા عزوجلએ પોતાના નફ્સે કરીમને અલીમ બતાવ્યો. આ હકીકતમાં જાતી છે કે તે કોઈની પણ અતા વિના પોતાની જાતથી આલિમ છે. તે સખત મૂર્ખ છે કે જે આ બાબતોમાં ફર્ક ન કરે. વહાબીઓના શિર્કના આ ફત્વા મદદ માગવી, ઈલ્મે ગૈબ, અધિકાર, પુકારવું અને સાંભળવું વગેરે વગેરે બાબતમાં એનો ફર્ક ન કરવાના કારણે છે. (અલ્ અમનુ વલ ઉલા, પેજ : ૫૫)*

***૨.*** *અલ્લાહના ગુણો અલ્લાહે બખ્શિશ કરેલા ગુણો નથી, જે અલ્લાહે બખ્શિશ કરેલ છે તે અલ્લાહના ગુણો નથી. તો તેનું સાબિત હોવું કોઈપણ હાલતમાં અલ્લાહના ગુણોની સાબિતી પણ ન થઈ, ન કે કોઈ ગુણ જે ઉલૂહિયત માટે લાઝિમ હોય કે શિર્ક સાબિત થાય. બલ્કે આ તો બંદગી થઈ કે બખ્શિશથી અન્ય કોઈ ગુણોનું પ્રાપ્ત થવું તો બંદાના માટે જ યોગ્ય છે. તો તેને સાબિત કરવું સ્પષ્ટપણે બંદાપણાની સાબિતી થઈ, ન કે મઆઝલ્લાહ ખુદાઈની ! એક જ શબ્દ વહાબીઓના શિર્કોને બુરાઈનો બદલો ચખાડવા માટે પૂરતો છે. (અલ્ અમનુ વલ ઉલા)*

***૩.*** *કુર્આને અઝીમ ખૂદ જ ફર્માવે છે કે આ ગુણો અલ્લાહ عزوجلના માટે એવા ખાસ છે કે કાફિર મુશ્રિક સુદ્ધાં તેની વિશેષતા જાણે છે. તેમનાથી પણ પૂછો કે કામનો પ્રબંધ કરનાર કોણ છે ? તો અલ્લાહને જ બતાવશે, બીજાનું નામ લેશે નહીં. અને પોતે આ ગુણને પોતાના પસંદ પામેલા બંદાના માટે સાબિત થયેલ ફર્માવે છે. કસમ તે મહબૂબાને ખુદાની કે જેઓ આલમમાં તદબીર તથા તસર્રુફ કરે છે, ઈમાનથી કહેશો વહાબિયતના ધર્મ પર કુર્આને કરીમ શિર્કથી કેમ કરીને બચ્યું ? હે નાપાક સમુદાયના સંગતવાળા ! જ્યારે કે ઝાતી અથવા અતાઈના ફર્ક પર ઈમાન લાવશો નહીં તો ક્યારેય કુર્આન અને હદીષના કહેરથી પનાહ મેળવશો નહીં. અને તેના પર ઈમાન લાવતાં જ આ તમારા શિર્કપણાના રાગ તદબીર તથા તસર્રુફ તથા મદદ કરવું તથા દાફેએ બલા (મુસીબત દૂર કરનાર) અને હાજત પૂરી કરનારા, મુશ્કિલો હલ કરનાર, ઈલ્મે ગૈબ, નિદા (પુકારવું) વગેરે વિશેના તમામ ગાયબ થઈ જશે અને અલ્લાહ તબારક વ તઆલાના મુબારક ફતેહમંદ બંદા આંખો દેખે ફતેહમાં નજરે પડશે. (અલ્ અમ્નુ વલ ઉલા, પેજ : ૮૬, ૮૭)*

***૪.*** *આ કાર્યો બલ્કે દરેક કમાલ બલ્કે વજૂદ તથા અસ્તિત્વનું ખાસ હોવું અલ્લાહ عزوجلથી છે. સહાયતા માંગવી હકીકતમાં એ છે કે તેને કાદિર બિઝ્ઝાત (રબની અતા વિના જાતે કુદરત* વધુ ફૂટનોંધ આગળના પેજ પર...

અક્કલ દ્વારા જે કાંઈ તમને જ્ઞાન થાય છે તે પણ તમારા જેમ જ નવુ ઉદ્‌ભવ (હાદિષ) પામેલું છે. ઈમામ અબુલ મઆલી જુવૈની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જે અલ્લાહ તબારક વ તઆલાના વુજૂદ (અસ્તિત્વ)નો ઈકરાર કરવા પર જ સંતોષી બની બેસી જાય છે તેઓ મુશબ્બહ (જેનો દાખલો આપેલ હોય) છે, અને જેઓ ખુદાના સિવાય બીજાઓનો ઈન્કાર કરવા પર સંતોષી બની જાય તેઓ નકામા (મુઅત્તલ) છે. અને તેના અસ્તિત્વનો ઈકરાર કર્યા પછી તેની હક઼ીક઼ત સુધી પહોંચવાથી આજીજી પ્રગટ કરે તેઓ મુવહ્‌હિદ (ખુદાને એક માનનાર) છે.

હઝરત ઝુન્નૂન મિસરી رحمۃ اللہ علیہએ શું સરસ ફર્માવ્યું છે કે તૌહીદની હક઼ીક઼ત એ છે કે તું અલ્લાહ તઆલાના વિશે એ વધુ પેજ નં. ૧૪....પર

ફૂટનોંધ પાછળના પેજની ચાલુ... *રાખવાવાળો) અને માલિકે મુસ્તક઼િલ, ગની, બેનિયાઝ, અલ્લાહ તબારક વ તઆલાની અતા વિના પોતાની ઝાતથી આ કામની તાક઼ાત (કુદરત) ધરાવે છે, એનો અર્થ તો ગૈરખુદાના સાથે ભરોસો રાખનાર* ***દરેક મુસલમાનના નજીક શિર્ક છે.*** *કદાપી પણ કોઈ મુસલમાન ગૈરના સાથે તેના અર્થનો ઈરાદો ન કરશે બલ્કે વાસ્તો, ઉસૂલે ફયઝ અને વસીલાનો ઝરીયો અને કઝાએ હાજત જાણે છે, અને વાસ્તવમાં એ સાચું છે. ખૂદ રબ્બુલ ઈઝ્ઝત તબારક વ તઆલાએ કુર્આને અઝીમમાં હુકમ ફર્માવે છે,* وَابۡتَغُوۡۤا اِلَیۡهِ الۡوَسِیۡلَةَ *''અલ્લાહ તરફ વસીલો શોધો.'' આ અર્થમાં ગૈરની મદદ હરગિઝ* اِیَّاکَ نَسۡتَعِیۡنُ *'તારાથી જ મદદ ચાહીએ છીએ''ની વિરુદ્ધ નથી જેવી રીતે હક઼ીક઼ી વજૂદ કે ખુદાનું પોતાની જાતથી કોઈના વિના પેદા કર્યા મૌજૂદ હોવું ખાસ અલ્લાહ તઆલા માટે છે પછી એના સબબથી બીજાને મૌજૂદ કહેવું શિર્ક થશે નહીં, જ્યાં સુધી તે જ વજૂદે હક઼ીક઼ી મુરાદ ન લે. પહેલો અક઼ીદો અહલે ઈસ્લામનો છે. એ જ પ્રમાણે ઈલ્મે હક઼ીક઼ી કે પોતાની ઝાતથી ગૈરની અતા વિના હોય અને તા'લીમે હક઼ીક઼ી કે પોતાની જાતે અન્યથી મદદ વિના ઈલ્મ ઈલ્કા કરે એ અલ્લાહ* عزوجل*થી ખાસ છે. પછી બીજાને આલિમ કહેવો અથવા તેનાથી ઈલ્મ પ્રાપ્ત કરવું શિર્ક થઈ શકતું નથી જ્યાં સુધી તે જ અર્થનો અસલ હેતુ ન હોય. ખૂદ રબ્બુલ ઈઝ્ઝત તબારક વ તઆલા કુર્આને અઝીમમાં પોતાના બંદાને અલીમ અને ઉલ્મા ફર્માવે છે. અને હુઝૂરે અક઼દસ સૈયદે આલમ* صلی اللہ علیہ وسلم *સંબંધે ફર્માવે છે, ''આ નબી તેઓને કિતાબ અને હિક઼મતનું ઈલ્મ બખ્શે છે.'' આ જ હાલ મદદ માગવી અને ફરિયાદ કરવાના વિશે છે કે તેની હક઼ીક઼ત ખાસ બખુદા વસીલાના અર્થમાં છે. અને વસીલો ગૈરના માટે સાબિત અને ક઼તઈ રીતે જાઈઝ છે. બલ્કે આ અર્થ તો ગૈરે ખુદાના માટે જ ખાસ વસીલો છે. અલ્લાહ* جل جلالہ *વસીલો બનવાથી પાક છે. તેનાથી ઉપર કોણ છે કે તેના તરફ વસીલો થશે ? અને તેના સિવાય હક઼ીક઼ી હાજત પૂરી કરનાર કોણ છે કે એ વચ્ચે વસીલો બનશે ? (બરકાતુલ ઈમ્દાદ મત્બૂઆ મશ્હૂર ઓફસેટ પ્રેસ–કરાંચી, પેજ : ૪, ૫)*

**૫.** *વિરીધીઓને તો મુહમ્મદ રસૂલ* صلی اللہ علیہ وسلم*ના ફઝાઈલે કરીમાની દુશ્મનીએ આંધળા બહેરા કરી મૂક્યા છે. તેમને સાચું દેખાતું નથી પરંતુ થોડી અક્કલવાળો સમજી શકે છે કે અહીં કોઈ મુશ્કેલી નથી. ઈલ્મ વાસ્તવમાં તે ગુણોમાંથી છે કે ગૈરેખુદાને ખુદાની બખ્શિશ વડે મળી શકે છે, જેથી ઝાતી અને અતાઈના પ્રકાર ખરેખર યક઼ીની છે. એ જ પ્રમાણે સીમિત તથા અસીમિતની વહેંચણી જાહેર છે. તેમાં અલ્લાહ* عزوجل*ના સાથે ખાસ હોવાના પાત્ર કેવળ દરેક વહેંચણીનો પ્રથમ પ્રકાર છે. એટલે ઈલ્મે ઝાતી અને ઈલ્મે મુહીત હક઼ીક઼ી. તો આયતો અને હદીષો અને ઉલ્માના કથનો જેમાં બીજાઓના માટે ગૈબના ઈલ્મની સાબિતીથી ઈન્કાર છે તેમાં ખરેખર આ જ પ્રકારો મુરાદ છે. જે ફુક઼હા કુફ્રનો હુકમ કરે છે તે આ પ્રકારો પર હુકમ લગાડે છે કે છેવટે તકફીર (કાફિર ઠરાવવા)નું કારણ આ જ તો છે કે ખુદાના ખાસ ગુણો બીજાના માટે સાબિત કરવામાં આવે. હવે આ જોઈ લો કે ખુદાના માટે ઈલ્મે ઝાતી ખાસ છે કે અતાઈ ? ખુદાની ક઼સમ ! અતાઈ ઈલ્મ (બખ્શિશ કરેલ ઈલ્મ) ખુદાના સાથે ખાસ હોવાનું તો દૂર રહ્યું, ખુદાના માટે ક઼તઈ અશક્ય છે કે બીજાના દેવાથી તેને ઈલ્મ પ્રાપ્ત થાય ! પછી ખુદાના માટે ઈલ્મ એ હક઼ીક઼ી ખાસ છે કે અસીમિત. હાશા ! લિલ્લાહ ! સીમિત ઈલ્મ ખુદાના માટે તદ્દન મુહાલ, (અશક્ય) છે કે જેમાં કેટલીક જાણકારી છુપી છે. તો ઈલ્મે અતાઈ સીમિત ગૈરખુદાના માટે સાબિત કરવો ખુદાનો ગુણ (સિફત) સાબિત કરવું કેવી રીતે થયું ?! (ખાલિસુલ એતેક઼ાદ, મત્બૂઆ લાહોર, પેજ : ૩૦ થી ૩૧)*

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક્ સાબરી દહેગામી

**ગુઝરે જિસ રાહ સે વો સૈયદેવાલા હો કર**
**રહ ગઈ સારી ઝમીં અંબરે સારા હો કર**

*(રાહ = રસ્તો, સૈયદેવાલા = મહાન સરદાર, અંબરે સારા = શુદ્ધ ખૂશ્બુ અથવા સંપૂર્ણ સુગંધ)*

**અર્થ** : જે પણ રસ્તે થઈને સૈયદેવાલા નબીએ પાક ﷺ પસાર થયા તે જમીન હુઝૂર علیہ الصلوٰۃ والسلامના ખૂશ્બુદાર વજૂદથી સંગધિત થઈ ગઈ.

શાહે મદીના મોઅત્તર પસીના ﷺના બદન મુબારકના ખૂશ્બુદાર (સંગધિત) હોવા પર ઘણી રિવાયતો છે જેમાંથી અમુક આપની સમક્ષ રજૂ કરું છું.

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે, ''હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ખૂશ્બુથી વધુ કોઈ પણ ખૂશ્બુ નથી જોઈ.'' *(બુખારી શરીફ)*

હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે કે, ''હુઝૂર ﷺની પાછળ આપને શોધવા નીકળતો તો ફક્ત ખૂશ્બુથી ઓળખી જતો હતો, કોઈને પૂછવાની જરૂરત ન પડતી.'' *(હુજ્જતુલ્લાહિ અલલ આલમીન, પેજ : ૬૮૫)*

હઝરત જાબિર બિન સુમરા رضی اللہ عنہ ફર્માવે છે, ''આપના હાથમાં એવી ખૂશ્બુ હતી કે જાણે આપનો હાથ અત્તર વેચનારી પેટમાંથી કાઢયો હોય.'' *(મુસ્લિમ શરીફ)*

હઝરત વાઈલ બિન હજર رضی اللہ عنہ ફર્માવે છે, ''જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلامથી મુસાફો કરતો તો તે પછી મારો હાથ કસ્તૂરીની જેવો સુગંધિત થઈ જતો.'' *(મવાહિબે લદુન્નિયા)* વધુ વિગત માટે અલ્લામા ફૈઝ અહમદ ઓવૈસીની કિતાબ ''ખૂશ્બુએ રસૂલ''નો અભ્યાસ કરો.

**રૂખે અન્વર કી તજલ્લી જો કમરને દેખી**
**રહ ગયા બોસા દહે નક્શે કફે પા હો કર**

*(રૂખે અન્વર = હુઝૂર ﷺનો નૂરાની ચહેરો, તજલ્લી = પ્રકાશ, કમર = ચંદ્ર, બોસાદહ = બોસો દેનાર, ચૂમનાર, નક્શે કફે પા = હુઝૂર ﷺના કદમ મુબારકનું નિશાન)*

**અર્થ** : હુઝૂર સરાપા નૂરના મુબારક ચહેરાની નૂરાનિય્યત જોઈ ચાંદ હુઝૂર ﷺના કદમ મુબારકના નિશાનને બોસો આપતાં રહી ગયો.

**વાએ મહરૂમિયે કિસ્મત કે મૈં ફિર અબ કી બરસ**
**રહ ગયા હમરહે ઝવ્વારે મદીના હો કર**

*(વાએ = અફસોસ, મહરૂમી = કમનસીબી, હમરહ = સાથી, ઝવ્વારે મદીના = મદીના શરીફની ઝિયારત કરનાર)*

**અર્થ** : અફસોસ ! કમનસીબી પર કે આ વર્ષે પણ હું ફક્ત મદીના શરીફની ઝિયારત કરનારનો સાથી બની રહી ગયો, મદીના મુનવ્વરાની હાજરી નસીબ ન થઈ !

**ચમને તયબહ હૈ વો બાગ કે મુર્ગે સિદરહ**
**બરસોં ચહકે હૈં જહાં બુલબુલે શૈદા હો કર**

*(ચમને તયબહ = મદીના શરીફનો બગીચો, મુર્ગે સિદરહ = સિદરતુલ મુન્તહાના પક્ષી અથવા જિબ્રઈલ علیہ السلام, ચેહકે = મધુર સ્વરમાં ગીત ગાયાં, બુલબુલે શૈદા = આશિક બુલબુલ)*

**અર્થ** : ચમને તયબહ તો તે નૂરાની બાગ છે જ્યાં સિદરહના મકીન આશિક બુલબુલ બનીને વર્ષો સુધી મુસ્તફા ﷺના ગીત ગાતા રહ્યા છે.

હઝરત જિબ્રઈલ علیہ السلامને ઘણીવાર હુઝૂર ﷺની બારગાહમાં હાજરી નસીબ થઈ અને તે પણ

ખુદાના હુકમથી. જેવું કે કુર્આન મજીદમાં છે, وَمَا نَتَنَزَّلُ اِلَّا بِاَمْرِ رَبِّكَ "આ તો તારા રબના હુકમથી જ ઉતરે છે." *(સૂરએ મરયમ, આ. : ૬૪)*

ઈમામ જલાલુદીન સિયૂતિ رحمۃ اللہ علیہ અલ્ ઈતકાનમાં લખે છે, "હઝરત જિબ્રઈલ علیہ السلام હુઝૂર ﷺની બારગાહમાં ૨૪૦૦૦ વખત હાજર થયા."

**સરસરે દશ્તે મદીના કા મગર આયા ખયાલ**
**રશ્કે ગુલશન જો બના ગુંચએ દિલ વા હો કર**

*(સરસર = તુફાન, દશ્ત = જંગલ, રશ્કે ગુલશન = જેના પર બગીચા રશ્ક હસદ કરે, ગુંચએ દિલ = દિલની કળી, વા હો કર = ખીલીને)*

**અર્થ :** દિલની કળીને મદીના શરીફના જંગલોની ગરમ ગરમ હવાઓનો ખયાલ આવ્યો કે તે ફૂલની જેમ ખીલી ઉઠી જેના પર બગીચાઓ રશ્ક કરે છે.

**ગોશે શહ કેહતે હૈં ફરયાદરસી કો હમ હૈં**
**વઅદ એ ચશ્મ હૈ બખ્શાએંગે ગોયા હોકાર**

*(ગોશે શહ = શહનશાહે કૌનૈન હુઝૂર ﷺના કાન મુબારક, ફરયાદ રસી = ફરિયાદ સાંભળી મદદ કરવી, વઅદએ ચશ્મ = આંખોના વાયદા, ગોયા હો કર = બોલીને)*

**અર્થ :** શહનશાહે કૌનૈન હુઝૂર સરાપા નૂર علیہ الصلوٰۃ والسلامના કાન મુબારક ફર્માવે છે કે ગુલામો ગભરાવો નહીં ! તમારી ફરિયાદ અને આંખોનો વાયદો છે કે અમે તને બખ્શાવીશું, જેવું કે હદીષે પાકમાં છે, "જેણે મારી કબ્રની ઝિયારત કરી તેના માટે મારી શફાઅત વાજિબ છે."

**પાએ શહ પર ગિરે યા રબ તપિશે મહરસે જબ**
**દિલે બે તાબ ઉળે હશ્રમેં પારા હો કર**

*(પાએ શહ = શહનશાહે કૌનૈન હુઝૂર ﷺના કદમ મુબારક, તપિશે મહર = સૂર્યની ગરમી, બેતાબ = બેચૈન, ઉળે = ઉડે, પારા = પારો)*

**અર્થ :** કયામતના દિવસે કબ્રના મેદાનમાં જ્યારે સૂર્ય નેઝા જેટલી ઊંચાઈ પર હશે અને ગરમી ઘણી સખત હશે તો તે વખતે મારું બેચૈન દિલ સૂર્યની ગરમીથી પારા (એક પદાર્થ)ની જેમ ઉડીને હુઝૂર علیہ الصلوٰۃ والسلامના કદમોમાં જઈને પડે અને હુઝૂર ﷺના કદમોનો બોસો આપે.

**હૈ યે ઉમ્મીદ "રઝા" કો તેરી રહમત સે શહા**
**ન હો ઝિંદાનીયે દોઝખ તેરા બંદા હો કર**

*(શહા = બાદશાહ, ઝિંદાની = કેદી, બંદા = ગુલામ)*

**અર્થ :** હે બંનેવ જહાનના બાદશાહ ! અહમદ રઝાને આપની રહમતથી ઉમ્મીદ છે કે આપનો ગુલામ હોવાથી દોઝખની કેદમાં નહીં જાય, કારણ કે આપની શફાઅત જન્નતમાં લઈ જશે.

## :: ખિલાફત અર્પણ ::

**ભરૂચ :** થી માસ્તર ઈસ્હાક આઈ. સમાલી ટંકારીયાવાલા અશરફી કમરી સાહબ લખી જણાવે છે કે ચાલુ સાલે પીર હાજી સૈયદ કમરુદ્દીનબાવા દરિયાઈ અશરફી સાહબનો દૌરએ આફ્રીકા, જાંબિયા, ઝિમ્બાબ્વે તથા મોઝામ્બિક થયો હતો. આપે મસ્લકે આ'લા હઝરત પર અડીખમ રહેવા માટે પોતાના મુરીદોને ભાર દીધો હતો, ત્યાર પછી આપ અમારા બધાની રૂબરૂમાં હરારેવાળા જનાબ હાજી બશીર ઓસ્માન અશરફી સાહબ, હરારેવાળા ખત્રી હાજી મુહમ્મદ અનીસ ગીરાચ સાહબ પોરબંદરવાળા, જનાબ હાજી પટેલ ગુલામ મુહયુદ્દીન અબ્દુલભાઈ ગાંડા સાહબ મેસરાડવાળા, મૌલાના ઈમ્તિયાઝ રઝા રઝવી, જોમ જોધપુરી સાહબ હરારે ઝિમ્બાબ્વેને લુસાકા ખાતે તથા હાજી ઉમરજી યૂસુફ ઈસા પટેલ તથા જનાબ હાજી સૂફી યાકૂબ યૂસુફ ઈસા પટેલ હલદરવી અને જનાબ હાજી સૂફી સલીમભાઈ હાજી યાકૂબ અહમદ હવેલીવાલા દયાદરવીને ખિલાફતો ઈજાઝતથી તથા દુઆઓથી નવાઝયા હતા. અને સર્વ નવા ખુલફાએ સિલસિલાને મુબારકબાદી પાઠવી હતી.

**મુનાફિકત તે આનુ નામ !**

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**

*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી*

## દેવબંદી જગતનો એક રમુજી ટુચકો !

કિતાબ અશ્રફુસ્સવાનેહના લેખક મહાશયે કિતાબમાં એક દિલચસ્પ કિસ્સો લખ્યો છે. તેનો હેતુ એ જાહેર કર્યો છે કે, મૌલ્વી અશ્રફઅલી થાન્વી પોતાના ચાહકો અને મુરીદોના મુક્તિદાતા હતા. આ દાવાના સમર્થનમાં તેમણે કેટલાક બનાવો પેશ કર્યા છે, એક નમૂનો આ પ્રમાણે છે :–

*હઝરતેવાલા (થાન્વી)ના ચાહકોના મૌત સુધરવાના અનેક દાખલાઓ છે, જેનાથી તેમની મહાનતા અને બરકતનો સિલસિલો જાહેર થાય છે, ખૂદ હઝરતેવાલા (થાન્વી) કહેતા હતા કે, હઝરત હાજી (થાન્વીના પીર સાહેબ)ના સિલસિલાની બરકત છે કે, જેઓ પરોક્ષ અથવા અપરોક્ષ રીતે હઝરત (થાન્વી)ના મુરીદ થયા તેમનું મૌત સુધરી ગયું છે, એટલે સુધી કે કેટલાક ચાહકો અને મુરીદો મુરીદ થયા પછી દુનિયાદાર રહ્યા છતાં પણ તેમની મૌત સુધરી અને તેમનો ખાત્મો અવલિયા અલ્લાહની જેમ થયો.*

*–(અશ્રફુસ્સવાનેહ, ભાગ : ૨, પેજ : ૮૬)*

ઉપરોક્ત કહાની પરથી એમ માનવા અને સમજવાને કારણ મળે છે કે અવલિયા અલ્લાહની દુનિયાથી વિદાય વખતે જે પ્રકારની મૌત અલ્લાહ તઆલાએ તેમને આપી હતી, તેવી મૌતને માટે પરહેઝગારીની કાંઈ જરૂર નથી, બસ ! મૌલ્વી થાન્વીના મુરીદ બની જવું તેના માટે પૂરતુ છે, પછી દુનિયાદાર બની જવાથી પણ તેની નજાત ચોક્કસ છે, અચંબાની વાત નથી ?

હવે તેનાથી વધીને હેરતનાક કિસ્સો વાંચો :–

*નાચીઝ (લેખક)ને મારા સંખ્યાબંધ પીર ભાઈઓએ પોતાની ઔરતોના મૃત્યુ સુધર્યાના અનેક આશ્ચર્યજનક બયાનો કહ્યા છે જેણીઓ હઝરતેવાલા (થાન્વી)ની મુરીદીનીઓ હતી. નાચીઝના એક બનેવી હતા જેઓ ઘણા સમય પહેલાં હઝરતેવાલા (થાન્વી)ના કાનપુર જઈને મુરીદ થઈ આવ્યા હતા જ્યારે*

*હઝરતેવાલા અચાનક કાનપુર આવ્યા હતા. તેમના અવસાન પછી એક નેક બીબીએ તેમને ખ્વાબમાં જોયા, તેમને કહી રહ્યા હતા કે : "બહુ સારું થયું છે કે હું પહેલાંથી હઝરત મૌલાના (થાન્વી)નો કાનપુર જઈને મુરીદ બની ગયો, હવે અહીં (કબ્રની દુનિયા)માં હું ખૂબ જ આરામમાં છે."*

*–(અશ્રફુસ્સવાનેહ, ભાગ : ૩, પેજ : ૮૬)*

**જોયું ? માત્ર હાથ થામી લેવાની આ બરકત જાહેર થઈ ગઈ કે, આખેરતની દુનિયાનો તમામ મામલો બિલકુલ દુરુસ્ત થઈ ગયો !** એ દુનિયાના કોઈ અજાણ્યાનું એમ કહેવું કે, "બહોત અચ્છા હુવા જો મૈં હઝરત મૌલાનાસે મુરીદ હો ગયા" કારણ વિના નથી, ખરેખર ! તેણે પોતાના પીર (થાન્વી)ની ગુલામીનો કોઈ ચમત્કાર ત્યાં જરૂર જોયો હશે !

એક તરફ દરબારે ખુદાવંદીમાં થાન્વીની લાગવગની એ શાન જોઈ લો કે તેમનો એક સામાન્ય મુરીદ પણ તેમની ગુલામીને કારણે બીજી દુનિયામાં કોઈ ઉચ્ચ દરજ્જાથી મેહરૂમ નથી રહેતો, અને બીજી તરફ મહબૂબે દો જહાં ﷺના સંબંધે એ શ્રીમાનોના દિલની કંજૂસાઈને પણ જોઈ લો, આંખોથી લોહી ટપકવા માંડશે, દેવબંદી ધર્મની પાયાની કિતાબમાં સ્પષ્ટ લખ્યું છે કે :–

*આપે સઘળા રિશ્તેદારોને, પોતાની લાડલી અને વહાલસોયી બેટી સુદ્ધાંને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું કે સગપણના નાતે કંઈ કરી છૂટવાનું તે બાબતોમાં જ શક્ય છે, જે માણસના અધિકારમાં હોય છે. માલમિલ્કત મારા અધિકારમાં છે. આ મારી ધનસંપત્તિ મૌજૂદ છે. જોઈએ તેટલી લઈ લો. એમાં હું જરાય કંજૂસાઈ નહીં કરું, પણ અલ્લાહના ત્યાંનો મામલો મારા અધિકાર બહારની વાત છે. ત્યાં હું કોઈની હિમાયત કરી શકતો નથી અને કોઈનો વકીલ પણ બની શકતો નથી. ત્યાંનો મામલો દરેકે પોતપોતાની રીતે દુરુસ્ત કરી લેવો અને દરેકે દોઝખથી બચવાની પૂરતી તૈયારી કરી લેવી.*

*–(તક્વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ : ૧૧૧, ૧૧૨, પ્રકાશન નંબર : ૯૬, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

**વિચારો ! થાનવીનો મુરીદ તો નજાત પામી જાય ! અને રસૂલે પાક ﷺની બેટીની હૈસિયત દેવબંદીઓ આ દર્શાવી રહ્યા છે !** વળી થાનવીના મુરીદે કબ્રમાં રહીને પોતાની નજાતનું કારણ દર્શાવતી ગયબની ખબર જણાવી આપી, તેને એમણે માની લીધી અને કિતાબમાં છાપી ! છતાં કોઈ મુશ્રિક ન થયો ! જ્યારે કે દેવબંદી ધર્મનો કાયદો તો છે કે :–

*અલ્લાહ તઆલાએ આપને જ આ હુકમ ફર્માવ્યો કે લોકોની સામે પોતાની વિસાત વર્ણવી દો કે મને કાંઈ જ કુદરત પ્રાપ્ત નથી અને હું ગૈબ પણ જાણતો નથી. મારી કુદરતનો અંદાજો આટલેથી જ લગાવી લો કે હું સ્વજાત માટે ય નફા–નુકસાનનો માલિક નથી તો બીજાઓને તો શું લાભ–નુકસાન પહોંચાડી શકવાનો હતો ?! –(તક્વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ : ૭૪, ૭૫, પ્રકાશન નંબર : ૯૬, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

હે ઈસ્લામનો કલમો પઢનારા ભાઈઓ ! બહેનો ! નબી વલી માટે તમો ઈલ્મે ગયબ કે ઈખ્તિયાર વગેરે માનો તો સ્પષ્ટ શબ્દોમાં દેવબંદીઓની કિતાબોમાં કુર્આન હદીષના ગલત અર્થો રજૂ કરીને શિર્કનો હુકમ રજૂ કરી દેવામાં આવે છે અને જ્યારે પોતાના મોલ્વીઓની વાત આવે છે તો શિર્કનો એ કાયદો તેઓ ભૂલી જાય છે ! માટે ગંભીરતાથી વિચારો અને તેમની અસલ હકીકત જાણવા અમારે ત્યાં (દયાદરા)થી અન્ય કિતાબો મંગાવી સાચા સુન્ની પથ પર મજબૂત થઈ જાવ.

## દલીલુલ આરિફીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

***(દલીલુલ આરિફીન** : મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمة الله عليه)*

(**સંપાદક** : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمة الله عليه)

***(મજલિસ : ૦૨)***

### ★ જનાબત વિશે ચર્ચા ★

જુમેરાતના દિવસે કદમબોસીની દોલત નસીબ થઈ. એ વખતે જનાબતના બારામાં ચર્ચા થઈ રહી હતી. મૌલાના બહાઉદ્દીન બુખારી તથા મૌલાના શહાબુદ્દીન મુહમ્મદ બગદાદી ખિદમતમાં હાજર હતા. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે માણસના દરેક વાળની નીચે જનાબત છે, જેથી અનિવાર્ય છે કે જે જે વાળ નીચે જનાબત છે ત્યાં પાણી પહોંચાડે અને પોતાના વાળોને તર કરવા જોઈએ, જો એક વાળ પણ સૂકો રહી જશે તો ક઼યામતના દિવસે એ જ વાળ તેની સાથે ઝઘડશે. (જનાબત = સંભોગ બાદ ગુસ્લ વાજિબ થાય તે હાલત)

પછી ફર્માવ્યું કે ફતાવા ઝહીરિયામાં મેં લખાવી આપ્યું છે કે માણસનું મોં પાક રહે છે જ્યાં સુધી જુનુબની હાલતમાં રહે, જે કાંઈ પાણી વગેરે પીએ તો નાપાક નથી થતુ. જો તે પાકી વિનાનો છે અથવા જુનુબી છે અથવા હૈઝવાળી, મો'મિન હોય ચાહે કાફિર તેનું મોં પાક છે.

ત્યારબાદ એના બારામાં ફર્માવ્યું, એક વાર રસૂલુલ્લાહ صلى الله عليه وسلم બેઠા હતા એવામાં એક સહાબીએ ઉઠીને પૂછયું, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم જો કોઈ જુનુબી હોય અને ગરમ હવા ચાલતી હોય અને પસીના વડે કપડાં ભીનાં થઈ જાય તો એ કપડાં નાપાક થઈ જશે કે નહીં ? ફર્માવ્યું, આબે દહન (થૂક) પાક છે જો કપડાંને લાગી જાય તો નાપાક નથી થતાં.

ત્યારબાદ પ્રસંગાનુરૂપ ફર્માવ્યું કે મેં ખ્વાજા ઉષ્માન હારૂની رحمة الله عليهની ઝબાની સાંભળ્યું છે કે જયારે હઝરત આદમ عليه السلام જન્નતથી બહાર દુનિયામાં આવ્યા અને હવ્વા સાથે સોહબતનો પ્રસંગ થયો તો જિબ્રઈલ عليه السلامએ આવીને કહ્યું, ઉઠીને ગુસ્લ કરો ! તો ઘણા જ ખુશ થયા અને કહ્યું, હે ભાઈ જિબ્રઈલ ! આ ગુસ્લનો કાંઈ અજર ?! જવાબ મળ્યો,
رحمة الله تعالى عليهم اجمعين
**આપના શરીરના દરેક વાળના બદલામાં એક વરસની ઈબાદતનો સવાબ, અને પાણીનું દરેક ટીપુ જે આપના શરીરને સ્પર્શેલ છે એનાથી અલ્લાહ તઆલાએ એક એક ફરિશ્તો પેદા કર્યો છે જે ક઼યામતના દિવસ સુધી ઈબાદત કરતો રહેશે અને એ ઈબાદતનો સવાબ તમને મળશે.** પૂછયું, હે ભાઈ જિબ્રઈલ ! આ સવાબ મારા માટે જ છે કે મારા ફરઝંદો માટે પણ ? જવાબ મળ્યો, **જે તારો ફરઝંદ મો'મિન હશે અને હલાલ ગુસ્લ કરશે તેના વાળોની સંખ્યાના પ્રમાણે એટલાં જ વરસોની ઈબાદત તેના આમાલનામામાં લખવામાં આવશે, અને જે ટીપાં તેના શરીરેથી પડશે તે દરેક ટીપાના બદલામાં એક ફરિશ્તો અલ્લાહ તઆલા પેદા કરશે જે ક઼યામત સુધી તસ્બીહ તથા તહલીલમાં મશગૂલ રહેશે અને એનો સવાબ એ મો'મિનને મળશે.** જ્યારે ખ્વાજા સાહબે આ વાત ખત્મ કરી તો રડયા અને ફર્માવ્યું કે આ ફાયદા તે શખ્સના વધુ પેજ નં. **૧૨....પર**

## હરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ
# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

### તરાવીહની નમાઝનું વર્ણન

તરાવીહની વીસ રકાતો સુન્નતે મોઅક્કેદા છે. જે રમઝાન શરીફમાં પઢવામાં આવે છે. તરાવીહ ઈશાની ફર્ઝ નમાઝ પછી દરરોજ રાત્રે પઢાય છે.

**મસ્અલો** : તરાવીહનો સમય ઈશાની ફર્ઝ નમાઝ પછીથી લઈને સુબ્હ સાદિક઼ થતા સુધી છે. *(હિદાયા)*

**મસ્અલો** : તરાવીહમાં જમાઅત સુન્નતે કિફાયા છે કે જો મસ્જિદના બધા માણસો જમાઅત છોડી દેશે તો બધા જ ગુનેહગાર થશે. પરંતુ કોઈ એકે ઘરમાં પઢી લીધી તો તે ગુનેહગાર નથી. *(હિદાયા, ક઼ાઝીખાન વગેરે)*

**મસ્અલો** : મુસ્તહબ એ છે કે ત્રીજા ભાગની રાત જવા સુધી મોડુ કરે અને અડધી રાત વીતી ગયા પછી પઢવામાં પણ કરાહત (કંઈક ખરાબી) નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : તરાવીહની વીસ રકાતો બે બે રકાતો કરીને દસ સલામથી પઢવી, એમાં દરેક ચાર રકાત પછી, ચાર રકાત પઢતાં જેટલો સમય લાગે તેટલા સમય સુધી બેસવું મુસ્તહબ છે આ બેસવાને તરાવીહા કહે છે. *(આલમગીરી, ક઼ાઝીખાન)*

**મસ્અલો** : તરાવીહમાં ચુપ બેસવું કે કાંઈક ઝિક્ર, કલ્મા કે દુરૂદ શરીફ, તસ્બીહ, દુઆ વગેરે પઢતા રહેવું કે એકલા એકલા નફ્લ નમાઝ પઢી શકાય છે. જમાઅતથી મકરૂહ છે. *(ક઼ાઝીખાન)*

**મસ્અલો** : જેણે ઈશાની ફર્ઝ નમાઝ પઢી ન હોય તે તરાવીહ કે વિત્ર પઢી શકતો નથી, જ્યાં સુધી કે ફર્ઝ નમાઝ ન પઢી લે.

**મસ્અલો** : જેણે ઈશાની ફર્ઝ નમાઝ એકલા પઢી અને તરાવીહ જમાઅતથી પઢી તો તેણે વિત્ર જમાઅતથી ન પઢતાં એકલા પઢી લેવી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : જો કોઈએ ઈશાની ફર્ઝ નમાઝ જમાઅતથી પઢી અને તરાવીહ એકલાએ પઢી તો તે વિત્રની જમાઅતમાં ભેગો થઈ શકે છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : જેની અમુક રકાતો તરાવીહની બાકી રહી ગઈ હોય અને ઈમામ વિત્ર માટે ઉભા થઈ જાય તો તેણે ઈમામ સાથે વિત્ર પઢી લેવા. પછી બાકીની રકાતો પઢવી આ એના માટે અફઝલ છે. પરંતુ એ ત્યારે જ કે ઈશાની નમાઝ જમાઅત સાથે પઢી હોય. જો તરાવીહ પૂરી કરીને વિત્ર એકલો પઢે તો પણ જાઈઝ છે. *(આલમગીરી)*

**મસ્અલો** : લોકોએ તરાવીહ પઢી લીધી હવે બીજીવાર પઢવા માંગે છે તો તે એકલા એકલા પઢી શકે છે જમાઅતથી પઢવાની છૂટ નથી. એક ઈમામ બે મસ્જિદોમાં નમાઝ પઢાવે છે. જો બંનેમાં પૂરેપૂરી પઢાવે છે તો નાજાઈઝ છે અને જો મુક્તદીએ બંને મસ્જિદમાં પૂરી પઢી તો વાંધો નથી. પણ બંનેમાં વિત્ર પઢવું જાઈઝ નથી. જયારે કે પહેલીમાં પઢી ચૂક્યો હોય. *(આલમગીરી)*

**મસ્અલો** : તરાવીહ મસ્જિદમાં જમાઅતથી પઢવી અફઝલ છે, જો ઘરમાં જમાઅતથી પઢી તો જમાઅત છોડવાનો ગુનો લાગુ પડશે નહીં, પરંતુ તે સવાબ મળશે નહીં, જે મસ્જિદમાં પઢવાનો હતો. *(આલમગીરી)*

**મસ્અલો** : નાબાલિગની પાછળ બાલિગોની તરાવીહ થશે નહીં, "સાહિબે હિદાયા"ના લેખકે તેમજ "ફતહુલ કદીરે" પણ એમ જ કહ્યું. વળી આલમગીરીમાં પણ એ જ વાત ખરી હોવા પર જોર દીધું છે. તેમજ હિદાયા અને મુહીત, બહર્રુરાઈકથી હવાલો પણ આપેલો છે. બહારે શરીઅતમાં પણ આ જ બાબત સહી હોવાનું કહ્યું છે.

વધુ પેજ નં. ૨૫....પર

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

### ★ નમાઝી સામેથી પસાર થવું મના, ખસવામાં વાંધો નથી ! ★

સામાન્ય રીતે મસ્જિદોમાં એવું જોવા મળે છે કે બે માણસો આગળ પાછળ નમાઝ પઢે છે એટલે કે એક માણસ પાછળની સફમાં અને બીજો માણસ તેની સામે (આગળ) આગળની સફમાં નમાઝ પઢે છે. આગળની સફમાં નમાઝ પઢનાર વ્યક્તિ, પાછળની સફમાં નમાઝ પઢનાર વ્યક્તિથી પહેલાં નમાઝ પઢી લે છે અને પછી પાછળવાળાની નમાઝ પૂરી થવાની રાહ જુએ છે કે પાછળવાળો સલામ ફેરવે પછી તે (આગળવાળો) પોતાની જગ્યાએથી હટે, અને તેનાથી પહેલાં હટી જવાને તે નમાઝીની સામેથી પસાર થવું સમજે છે. જો કે આ પ્રમાણે નથી (આ પ્રમાણે વિચારવું ગલતફહમી છે). આગળ નમાઝ પઢનાર પોતાની જગ્યાએથી નમાઝ પઢીને હટી જાય તો તેના ઉપર નમાઝીની આગળથી પસાર થવાનો ગુનોહ લાગુ પડતો નથી અને ન તો તે નમાઝીના આગળથી પસાર થનારના વિશે આવેલ હદીષમાંની વઈદ (ધમકી)ના પાત્ર ઠરે છે.

ખુલાસો એ જ કે નમાઝીની સામેથી પસાર થવું મના છે પરંતુ હટવું મના નથી.

સદરુશ્શરીઅહ્ હઝરત મૌલાના અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "જો બે માણસો નમાઝીની આગળથી નીકળવાનું ઈચ્છે છે અને સુતરા (આડશ)ની કોઈ વસ્તુ નથી તો તેમાંથી એક માણસ નમાઝીની સામે પીઠ રાખીને ઊભો રહી જાય અને બીજો તેની આગળથી નીકળી જાય. હવે આ બીજો માણસ તેની પીઠની પાછળ નમાઝીની તરફ પીઠ રાખીને ઉભો રહી જાય અને આ પહેલો પણ નીકળી જાય અને પેલો બીજો માણસ જે બાજુથી આવ્યો તે બાજુ જ હટી જાય. *(આલમગીરી, રદ્દુલ મુહ્તાર, બહારે શરીઅત, ભાગ : ૩, પેજ : ૧૫૯)*

આથી સ્પષ્ટ થઈ ગયું કે પસાર થવામાં અને હટવામાં ફર્ક છે અને પસાર થવાનો અર્થ એ છે કે, નમાઝીની સામે એક બાજુથી આવે અને બીજી બાજુથી નીકળી જાય, એ ખરેખર નાજાઈઝ અને ગુનોહ છે, અને જો નમાઝીની સામે બેઠો છે અને કોઈપણ બાજુએ હટી જાય તો આ પસાર થવાના અર્થમાં નથી અને તેમાં કોઈ ગુનોહ પણ નથી. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

### ★ નમાઝમાં નફ્લ નમાઝોને ફર્ઝ અને વાજિબ સમજવું નફ્લો પઢાવવા જ જોઈએ એવું સમજવું) ★

નમાઝે ઝોહર, મગરિબ અને ઈશામાં છેલ્લે અને ઈશામાં વિત્રની પહેલાં બે રકાત નફ્લ પઢવાનો રિવાજ છે અને તેના પઢવામાં હિક્મત અને સવાબ છે તેથી પઢી લેવું સારું છે પરંતુ આ નફ્લોને ફર્ઝ, વાજિબ અને જરૂરી વિચારવું અને નફ્લ ન પઢવાવાળાઓને ટોકવું અને તેમના વિશે મલામત કરવી (ભલુ બુરુ કહેવું) અને સાચું, ખોટુ કહેવું ખરાબ છે, અને ઈસ્લામમાં આ બાબત "વધુ પડતી" અને શરઈ હુદૂદ (શરીઅતની હદો)થી આગળ વધવું છે. ઈસ્લામમાં નફ્લ અને મુસ્તહબ તેને કહે છે જેના કરવાથી સવાબ મળે છે અને ન કરવામાં આવે તો કોઈ ગુનાહ અને અઝાબ નથી. તો જ્યારે અલ્લાહ તઆલાએ જેના ન કરવા પર કોઈ ગુનાહ કે અઝાબ નથી રાખ્યો તો તમને પણ તેના પર લા'નત કરવાનો અને સાચું, ખોટું કહેવાનો કોઈ અધિકાર નથી અને જ્યારે ખુદાએ તઆલા નફ્લ છોડવાથી નારાજ નથી તો તમે ટોકવાવાળો કોણ છો? ઈસ્લામમાં અલ્લાહ તબારક વ તઆલાએ તેના બંદાઓને જે છૂટ અને સરળતાઓ આપી છે તેને લોકો સુધી પહોંચાડવું જરૂરી છે. જો તમે આમ નથી કરી રહ્યા તો આપ ઈસ્લામને નફો પહોંચાડવાને બદલે નુકસાન કરી રહ્યા છો અને લોકો

પેજ નં. ૨૩ નું ચાલુ...

એવું વિચારી લેશે કે આપણે ઈસ્લામ પર ચાલી શક્તા જ નથી (અમલ કરી શક્તા નથી) કારણ કે ઈસ્લામ ઘણો જ કઠીન મઝહબ છે જેથી તેના પ્રચારમાં કમી આવશે. આજે ઘણા એવા લોકો છે જેઓ ફક્ત એટલા માટે નમાઝ નથી પઢતા કે તેઓ એવું સમજી રહ્યા છે કે અમો નમાઝ પઢી જ નથી શક્તા અને નમાઝ અને તહારત તેમજ પાકી અને નાપાકીના મસાઈલની પૂરી રીતે જાણકારી ન હોવાને કારણે અને ખુદા અને રસૂલે આપેલ અમુક છૂટછાટ અને સરળતાઓની જાણકારી ન હોવાને કારણે તેઓ નમાઝને છોડવાનું પસંદ કરી લે છે અને આ સરળ તાઓનો લાભ નથી લઈ શક્તા. જો એક વખતની પણ નમાઝ જાણીબુઝીને છોડી દેવું ઈસ્લામમાં કુફ્ર અને શિર્ક પછી મહાન ગુનોહ છે. ઓલમા અને મસ્જિદોના ઈમામોથી વિનંતિ છે કે તેઓ અવામ (આમ લોકો)નો ડર ન રાખતાં તેમને ઈસ્લામી એહકામ પર અમલ કરવામાં જે જે જગ્યાઓ ઉપર છૂટછાટ આપવામાં આવી છે અને જે સરળતાઓ છે તેનો જરૂર પોતાની તકરીરમાં ઉલ્લેખ કરે અને અવામને બતાવે જેથી કરીને વધુને વધુ લોકો ઈસ્લામ અને ઈસ્લામિયતને અપનાવે. લોકોને નફ્લો બાબતે જોવામાં આવેલ છે કે જો કોઈ વ્યક્તિ તેને (નફ્લોને) ન પઢે તો કેટલાક જાહિલ લોકો તેમના ઉપર આક્ષેપો કરવાની સાથે આ પ્રમાણે કહે છે કે, "નમાઝ પઢવી તો પૂરી પઢવી, નહિતર ન પઢવું સારું !" આ એક મોટી અજ્ઞાનતાભરી વાત છે જેઓ આ પ્રમાણે કહે છે. જો કે સાચી વાત તો એ છે કે, "નફ્લ તો નફ્લ જો કોઈ સુન્નતો પણ છોડી દે અને ફક્ત ફર્ઝ પઢી લે તો તે નમાઝને જાણીબુઝીને છોડી દેવાવાળાઓ કરતાં ઘણું જ સારું છે અને તેઓને બેનમાઝી કહેવામાં આવશે નહીં. સુન્નતો (મોઅક્કદા) છોડી દેવાને કારણે ગુનેહગાર જરૂર છે, કેમ કે સુન્નતો છોડવાની પરવાનગી નથી અને સુન્નતોને જાણીબુઝીને છોડી દેવાની આદત નાખવી ગુનોહ અને મના છે. (જો કે સુન્નતે ગૈર મોઅક્કદા નફ્લના હુકમમાં છે.)

હા ! જો દોડાદોડીમાં, ઉલ્ઝન, પરેશાની અને ઉતાવળમાં કોઈ એવો સમય છે કે તમો સુન્નતોની સાથે પૂરેપૂરી નમાઝ પઢી શક્તા નથી તો ફક્ત ફર્ઝ અને વિત્ર પઢી લેવામાં કોઈ વાંધો કે ગુનોહ નથી. દા.ત. સમય ઓછો છે, પૂરી નમાઝ નહીં પઢી શકાય તો ફક્ત ફર્ઝ પઢી લેવું પૂરતુ છે. ખુલાસો એ છે કે ઝોહર, મગરિબ અને ઈશામાં જે નફ્લો પઢવામાં આવે છે તેને પઢવું ઘણું જ સારું, મુનાસિબ અને બેહતર છે અને પઢવું જ જોઈએ પરંતુ તેને ફર્ઝ, વાજિબ અને જરૂરી સમજવું અને તેને ન પઢવાવાળાઓને ટોકવું તેમજ નફ્લ છોડવા માટે ભલુ બુરુ કહેવું ખરાબ છે જેની સુધારણા જરૂરી છે.

**મસ્અલો** : પૂરા રમઝાન શરીફના તરાવીહમાં એક વખત કુર્આન શરીફ પૂરું કરવું સુન્નતે મોઅક્કદા છે. અને બે વખત પૂરું કરવું ફઝીલત ધરાવે છે અને ત્રણવાર પૂરું કરવું અફઝલ છે. લોકોની સુસ્તીના કારણે કુર્આન શરીફ ખત્મ કરવાનું છોડવું નહીં.

**મસ્અલો** : હાફિઝને મહેનતાણુ આપીને કુર્આન શરીફ તરાવીહમાં પઢાવવું **નાજાઈઝ** છે. **આપનાર અને લેનાર બંને ગુનેહગાર** છે. મહેનતાણુ ફક્ત એ જ નહીં કે પહેલેથી નક્કી કરી લેવામાં આવે કે આ દઈશું, આ આપીશું, બલ્કે જો એવી ખબર હોય કે અહીંયાથી કંઈક મળે છે પછી ભલે નક્કી કરવામાં ન આવતુ હોય એ પણ **નાજાઈઝ** છે. જો એમ કહી દે કે કંઈ જ નહીં લઉં કે કંઈ જ નહીં આપીએ પછી પઢે અને લોકો હાફિઝને સેવા રૂપે કાંઈક મદદ કરે તો તેમાં કંઈ વાંધો નથી. *(બહારે શરીઅત)*

## શબીના

શબીના એટલે એક જ રાતમાં પૂરુ કુર્આન શરીફ તરાવીહમાં પૂરું કરવું જે અત્યારના સમયમાં કેટલીક જગ્યાએ રિવાજ છે કે **હાફિઝો એટલા ઝડપથી પઢે છે કે શબ્દો સુદ્ધાં સમજમાં આવતા નથી. તો પછી હરફોના મખરઝ (અક્ષરોના ઉચ્ચાર) બરાબર અદા કરવાની તો વાત જ શી ?! વળી સાંભળનારાઓની પણ એ હાલત હોય છે કે કોઈ બેઠો છે તો કોઈ સૂતો કે કોઈ આડો પડેલો કે ઊંઘતો છે, કેટલાક વળી ચા પાણી કરે છે. જ્યાં ઈમામે રકૂઅની તકબીર કહી કે દોડીને તરત જ નિય્યત બાંધી રુકૂઅમાં જઈ મળે છે !** આ રીતે શબીના પઢવી **નાજાઈઝ** છે. જો હાફિઝ પોતાની ઝડપ અને ઉતાવળ નામનાને ખાતર કરે છે તો "રિયા" (દેખાવ) કરવાનો ગુનો અલગ થશે.

# તબ્લીગે દીનમાં કામયાબીનું રાઝ : ઉચ્ચ કિરદાર !

## (સહાબાએ કિરામના કિરદારની ઝલકો)

–(કાર્યાલય)

દા'વત તથા તબ્લીગની કાર્યપદ્ધતિ ભલે ગમે તેટલી ઉમદા હોય, ત્યાં સુધી બિનઅસરકારક તથા બેકાર છે જ્યાં સુધી એને મુબલ્લિગ તથા દાઈ (દીનની દા'વત આપનાર)ની ઉચ્ચ વર્તણૂંક, ઉચ્ચ શાણપણ તથા સુસંસ્કારિક્તાની શક્તિનું રક્ષણ પ્રાપ્ત ન હોય. માનવ પ્રકૃતિ છે કે જેને દા'વત આપવામાં આવે તે સૌ પ્રથમ દાઈનો કિરદાર તથા તેના વ્યક્તિત્વને જોઈ લે છે. જો દાઈનું વ્યક્તિત્વ બિનભરોસાપાત્ર તથા કિરદાર દાગદાર છે તો દા'વત તથા તબ્લીગમાં અસર જ પેદા નથી થઈ શકતી, અને જો દાઈનું વ્યક્તિત્વ ઉમદા ગુણોવાળુ હોય અને કિરદાર પાકીઝગીથી સજ્જ હોય તો દા'વતમાં આપોઆપ અસરકારક્તા તથા આકર્ષણ પેદા થાય છે.

જેને સંબોધવામાં આવે તેના જીવનના તથા તેની જાતના ઘડતર માટે સૌથી ઉચ્ચ નમૂનો મુબલ્લિગ દાઈ (નિયંત્રક)નો અંગત કિરદાર તથા અખ્લાક઼ (સંસ્કાર) છે. જે ચીજની એ દા'વત આપી રહેલ છે તેના ઉપર શું એ પોતે પણ અમલ કરી રહેલ છે ? શું એની વાણી તથા વર્તનમાં વિરોધાભાસ તો નથી ?! શું એ પોતે પણ એ દા'વતના રંગમાં રંગાયેલ છે ? આ તે ચીજો છે જેને સામેની વ્યક્તિ જેને દા'વત આપવામાં આવી રહી છે તે સૌ પ્રથમ જુએ છે. એટલા માટે જરૂરી છે કે નિમંત્રકની જીવનશૈલી એવી પાકીઝા અને નજરમાં વસી જાય તેવી હોવી જોઈએ કે લોકો આપોઆપ તેના પ્રતિ ખેંચાતા ચાલ્યા આવે. અસલમાં નિયંત્રક (દાઈ)નો અંગત કિરદાર જ સામેવાળાના દિલો દિમાગના વલણને બદલવામાં મહત્વનો ભાગ ભજવે છે. સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعين ની કામયાબ દા'વતી જિંદગીનો અભ્યાસ કરવામાં આવે તો જણાશે કે તેમની દા'વતી કામયાબીઓની પાછળ તેમના મહાન વ્યક્તિત્વ, ઉચ્ચ કિરદાર તથા સુસંસ્કારોની મજબૂત તથા અડગ દીવાલ ખડી જણાય છે. સહાબાએ કિરામની જિંદગી સર્વ લોકોના માટે ઉઘાડી કિતાબની જેમ હતી કે જેના લખાણનો દરેક અક્ષર પાકીઝા, રોશન તથા ઉજ્જવળ હતો. દરેક શખ્સ સહાબીઓના બેદાગ અખ્લાક઼ તથા કિરદાર, અમાનત તથા પ્રમાણિક્તા તેમજ ઉચ્ચ શાણપણને માનનારો હતો. જાણે **સહાબાએ કિરામ માનવ કિરદારના શ્રેષ્ઠ નમૂના હતા.** તેમણે જે દા'વતની તરફ લોકોને બોલાવ્યા, તેના પર પ્રથમ અમલ કરી બતાવ્યો.

### ★ ગુલામો સાથે સમાનતાનો વર્તાવ ★

એકવાર હઝરત સફ્વાન બિન ઉમૈયા એક મોટા વાસણમાં ખાણુ લાવ્યા અને હઝરત ઉમરની સામે રાખી દીધું. તેમણે ફ઼કીરો તથા ગુલામોને બોલાવ્યા અને સૌને પોતાની સાથે ખાણુ ખવડાવ્યા પછી ફર્માવ્યું, **"અલ્લાહ તઆલા એ લોકો પર લઅનત કરે જેમને ગુલામોની સાથે ખાણુ ખાવામાં શરમ મેહસૂસ થાય છે."**

એકવાર હઝરત અબૂઝર ગફ્ફારીની ખિદમતમાં કોઈકે બે ચાદરો રજૂ કરી. તેમણે એકની ઈજાર બનાવી લીધી અને બીજી પોતાના ગુલામને આપી દીધી. ઘરેથી નીકળ્યા તો લોકોએ કહ્યું, જો તમે બંનેવ ચાદરો ઉપયોગમાં લેતા તો વધુ સારુ થાત. ફર્માવ્યું, સાચું છે પરંતુ મેં રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું છે, **"જે તમે પોતે ખાવ તથા પહેરો છો તે જ તમારા ગુલામોને પણ ખવડાવો તથા પહેરાવો."**

એકવાર હઝરત ઓબાદા બિન વલીદ હઝરત અબુલ યસર કઅબ બિન અમ્રથી હદીષ સાંભળવાના માટે આવ્યા. જોયું કે પોતે એક ચાદર તથા લુંગી પહેરેલા છે અને ગુલામનો પણ એ જ લિબાસ છે. ઓબાદાએ અર્ઝ કરી, મોહતરમ અંક્લ ! બેહતર થશે કે એક જોડ સંપૂર્ણ

કરી લો. ક્યાં તો તમે તેમની લુંગી લઈ લો અને તમારી ચાદર તેમને આપી દો અથવા તમારી લુંગી આપી દો અને તેમની પાસેથી ચાદર લઈ લો. હઝરત અબુલ યસરે તેમના માથે હાથ ફેરવ્યો અને દુઆ આપી પછી ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺનો હુકમ છે કે, **"જે તમે પહેરો તે ગુલામોને પહેરાવો અને જે તમે ખાવ તે તેમને ખવડાવો."**

અરબ સમાજમાં ગુલામોના માટે જે નફરત જોવા મળતી હતી તેની સહાબાએ કિરામે પોતાના અમલ વડે જડો ઉખેડ કાઢી અને ગુલામોને સમાજમાં બાઈજ્જત સ્થાન અપાવ્યું. સહાબાએ કિરામ આ હકીકતથી સંપૂર્ણપણે માહિતગાર હતા કે તેમનો કિરદાર અન્ય લોકો માટે હુજ્જત તથા દલીલ છે, એટલા માટે તેઓ ગૈર શરઈ બાબતોની નજીક ફરકતા પણ ન હતા. બલ્કે અમુક સહાબા તો એ બાબતોમાં પણ રસૂલુલ્લાહ ﷺની પયરવી કરવાને જરૂરી સમજતા હતા જેના માટે એમને બંધનકર્તા કરવામાં આવ્યા ન હતા.

## ★ સુન્નતે રસૂલની અતિશય પાબંદી ★

અબ્દુલ્લાહ ઈબ્ને કૈસ બિન મખરમા એકવાર મસ્જિદે બની અમ્ર બિન ઔફમાં નફલોની અદાયગીના માટે પોતાના ખચ્ચર પર સવાર થઈને પાછા ફરી રહ્યા હતા એવામાં માર્ગમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી મુલાકાત થઈ ગઈ જે પગપાળા એ તરફ જઈ રહ્યા હતા. તેમને પગપાળા જોઈને તે ખચ્ચરથી નીચે ઉતરી પડયા અને કહેવા લાગ્યા કે, ચાચા જાન ! તમે સવાર થઈ જાવ. તો તેમણે જવાબ આપ્યો, હે ભત્રીજા ! જો હું સવાર થવા ઈચ્છત તો મારી પાસે પણ સવારી મૌજૂદ હતી પરંતુ **મેં રસૂલુલ્લાહ ﷺને આ મસ્જિદ તરફ નમાઝના માટે પગપાળા જ જતા જોયા, જેથી મને આ રીતે પગપાળા જવું પસંદ છે.** જેવું કે મેં રસૂલુલ્લાહ ﷺને પગપાળા જતાં જોયું છે, જેથી તે પગપાળા જ મસ્જિદની તરફ રવાના થઈ ગયા.

સહાબાએ કિરામના આ ઈતાઅત (આજ્ઞાપાલન)ના જઝબાથી અંદાઝો લગાડી શકાય છે કે શરઈ બાબતોમાં એમની ફર્માંબરદારીની હાલત શું હશે ?! હઝરત જશામા ઈબ્ને મસાહક્કને હઝરત ઉમરે કાસિદ બનાવીને હિરક્લના દરબારમાં મોકલ્યા. ખૂદ વર્ણવે છે કે હું ત્યાં જઈને એક ચીજ પર બેસી ગયો. મને ખબર ન હતી કે મારી નીચે કઈ ચીજ છે ? એકદમ મને જાણ થઈ કે મારી નીચે સોનાની ખુરશી છે ! જેથી મેં તેને જોઈ તો એકદમ તેના પરથી ઉઠી ગયો. હિરક્લ હસ્યો અને કહ્યું કે આ ખુરશી પરથી શા માટે ઉતરી પડયા ?! આ તો કેવળ તમારા સન્માન ખાતર બિછાવવામાં આવી હતી. મેં કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું છે કે આપ આ પ્રકારની ચીજ પર બેસવાથી મના કરતા હતા.

ઓબૈદુલ્લાહ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉત્બાથી રિવાયત છે કે તે હઝરત અબૂ તલ્હા અન્સારી رضی اللہ عنہની ખબર પુચ્છા (અયાદત) કરવા તેમને ઘરે ગયા. સહલ બિન હનીફ પણ ત્યાં મૌજૂદ હતા. હઝરત અબૂ તલ્હાએ એક માણસને બોલાવીને કહ્યું કે મારી નીચેથી ગાદલાને કાઢી નાખો. સહલ બિન હનીફે કહ્યું કે એને શા માટે કઢાવો છો ? ફર્માવ્યું, એમાં તસ્વીરો છે અને એના બારામાં રસૂલુલ્લાહ ﷺએ જે કાંઈ ફર્માવ્યું છે તેની તમને ખબર છે. સહલે કહ્યું, શું રસૂલુલ્લાહ ﷺએ એવું નથી ફર્માવ્યું કે, એ તસ્વીરો સિવાય જે કપડામાં અંકિત હોય ?! ફર્માવ્યું, કેમ નહીં ! પણ મારી દિલી ખુશી એમાં જ છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એક સફરમાં હતા એ જ હાલતમાં પોતાના ભાઈ કુષિમ બિન અબ્બાસના ઈન્તેકાલની ખબર સાંભળી તો પ્રથમ اِنَّا لِلّٰهِ وَ اِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ પઢયા પછી રસ્તેથી હટીને બે રકાત નમાઝ પઢી. નમાઝથી ફારિગ થઈને ઊંટ પર સવાર થયા અને આ આયતે કરીમા પઢી :

واستعينوا بالصبر والصلوٰة وانها

لكبيرة الا علٰى الخاشعين

"સબ્ર અને નમાઝથી મદદ તલબ કરો. બેશક ! એ ભારે છે એ લોકો સિવાય જેઓ અલ્લાહથી ડરનારા છે." *(સૂ. બક્રહ, ૨/૪૫)*

## ★ સહાબિયાતમાં શરીઅતની પાબંદી ★

રસૂલુલ્લાહ ﷺએ **પતિ સિવાય અન્ય સગાંના મૃત્યુ પર સોગના માટે કેવળ ત્રણ દિવસ નિશ્ચિત**

**કર્યા છે.** સહાબી સ્ત્રીઓએ રસૂલે પાક ﷺના આ હુકમ પર ઘણો સખ્તીપૂર્વક અમલ કર્યો. ઝયનબ બિન્તે જહશના ભાઈનો ઈન્તેકાલ થયો તો ચોથા દિવસે અમુક સ્ત્રીઓ મળવા આવી. તેમણે એમની સમક્ષ ખૂશ્બુ લગાડી અને ફર્માવ્યું, ખુદાની કસમ ! મને ખૂશ્બુની જરૂરત ન હતી પરંતુ મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા છે કે **કોઈ સ્ત્રીના માટે જે અલ્લાહ અને કયામત પર ઈમાન ધરાવે છે તેણી માટે એ જાઈઝ નથી કે ત્રણ દિવસથી વધુ સોગ મનાવે, પતિ સિવાય કે એના પર ચાર મહિના દસ દસ દિવસનો સોગ છે.**

એ જ પ્રમાણે હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہاના વાલિદ અબૂ સુફયાન رضی اللہ عنہ ઈન્તેકાલ કરી ગયા તો તેમણે ત્રણ દિવસ પછી તેલ લગાડયું અને ખૂશ્બુ ઘસી અને ફર્માવ્યું, મને ખૂશ્બુની જરૂરત ન હતી પણ મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યું છે, કોઈ સ્ત્રી માટે જાઈઝ નથી જે અલ્લાહ અને આખેરતના દિવસ પર ઈમાન ધરાવે છે કે કોઈ મૈયત પર ત્રણ દિવસથી વધુ સોગ કરે, પણ પોતાના પતિનો, જેનો સોગ ચાર મહિના દસ દિવસ છે.

ઉમ્મે અતિય્યાનો એક પુત્ર કોઈ જંગમાં શરીક હતો તે બીમાર થઈને બસરામાં આવ્યો. હઝરત ઉમ્મે અતિય્યા رضی اللہ عنہاને ખબર થઈ તો ઝડપભેર મદીનાથી બસરા આવી ગયાં પણ એમના પહોંચવાના એક દિવસ અગાઉ તેનો ઈન્તેકાલ થઈ ચૂક્યો હતો. ત્યાં પહોંચીને તેમણે બનૂ ખલફના મકાનમાં રહેઠાણ અપનાવી લીધું અને પછી બસરાથી ક્યાંય ન ગયાં. ત્રીજા દિવસે ખૂશ્બુ મંગાવીને ઘસી અને કહ્યું પતિના સિવાય અન્ય કોઈના માટે ત્રણ દિવસથી વધુ સોગ કરવાથી મના કરવામાં આવ્યું છે.

## ★ સહાબામાં ખૌફે ખુદાની સ્થિતિ ★

નાફેઅ મૌલા ઈબ્ને ઉમરનું બયાન છે કે ઈબ્ને ઉમરે વાંસળીનો અવાજ સાંભળ્યો તો પોતાના કાનોમાં આંગળીઓ નાખી લીધી અને રસ્તાથી હટીને ચાલવા લાગ્યા અને પૂછયું, હે નાફેઅ ! શું તને અવાજ સંભળાઈ રહ્યો છે ? કહ્યું, હા ! પછી આપ ચાલતા રહ્યા ત્યાં સુધી કે મેં કહ્યું કે હવે અવાજ નથી આવતો. પછી આપે આંગળીઓ કાઢી લીધી અને પોતાની સવારીને રસ્તા પર ચલાવવા લાગ્યા અને ફર્માવ્યું, **મેં રસૂલુલ્લાહ ﷺને જોયા કે આપે એક ચરવાહાની વાંસળીનો અવાજ સાંભળ્યા તો આવું જ કર્યું હતું.**

સિદ્દીકે અકબર رضی اللہ عنہના એક ગુલામે તેમને ખાવાની કોઈ ચીજ લાવીને આપી. જ્યારે આપ ખાઈ ચૂક્યા તો ગુલામે પૂછયું, તમે જાણો છો કે આ કઈ ચીજ હતી ? પૂછયું, શું હતું ? તેણે કહ્યું, હું જાહિલિયતમાં ફાલ જોવાનું કામ કરતો હતો તો આ ચીજ તેની મજૂરી પેટે હતી. હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ આવું સાંભળ્યું તો તરત જ ઉલ્ટી કરી નાખી અને પેટમાં જે કાંઈ હતું તે કાઢીને બહાર ફેંકી આપ્યું.

આ રિવાયતોથી સ્પષ્ટ થાય છે કે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینનો કિરદાર કેટલો જાનદાર હતો અને તે દીની મામલાઓમાં શરઈ બાબતોનો કેટલા અંશે ખયાલ રાખતા હતા. વાણી તથા વર્તનના આ જ એકાકીપણાને લીધે લોકો એમના પ્રતિ ખેંચાતા ચાલ્યા આવતા હતા.

શતાદૂ મિસ્રનો એક ઘણો જ મહાન રઈસ હતો. મુસલમાનોની સુસંસ્કારિક્તાની સ્થિતિ વિશે ચર્ચા સાંભળીને ઈસ્લામનો દીવાનો બની ગયો અને હજાર માણસોની સાથે ઈસ્લામ સ્વીકારી લીધો. તારીખે મક્રીઝીમાં છે : "શતાદૂ હજાર માણસોની સાથે નીકળ્યો અને મુસલમાનોની જમાઅતમાં સામેલ થઈ ગયો. તે પહેલાં પણ નેકીનાં કામોથી મહોબ્બત ધરાવતો હતો અને મુસલમાનોના ઉમદા અખ્લાક્ને સાંભળીને એમના પ્રતિ આકર્ષાઈ ગયો."

## ★ સમાનતાના ગુણની અસરકારક્તા ★

સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ઈસ્લામની હરતી ફરતી તસ્વીર હતા અને તેમણે ઈસ્લામને પોતાની જાત પર લાગુ પાડીને ઈસ્લામી તા'લીમાતમાં એક એવું આકર્ષણ પેદા કરી આપ્યું હતું કે લોકો ઈસ્લામના દામનમાં પનાહ લેવામાં જ પોતાની ભલાઈ સમજતા હતા. સહાબાએ કિરામના ઉમદા અખ્લાક્માં સમાનતા એક એવો ગુણ હતો જે પોતે જ દિલો દિમાગોને પોતાના

તરફ આકર્ષતો હતો. ખાસ કરીને જ્યારે ઈસ્લામના સમાનતાના નિયમો તથા મુસલમાનો સમાનતાવાળી સામાજિક પદ્ધતિનો ઈરાનીઓની અસમાનતાવાળી સામાજિક વ્યવસ્થા સાથે મુક઼ાબલો થતો હતો તો આ ખૂબી વિશિષ્ટપણે જાહેર થઈ જતી હતી અને હક્ક઼પસંદ લોકો આપોઆપ ઈસ્લામની તરફ વળી જતા હતા. જેમ કે એકવાર ઝહરાએ રૂસ્તમને વાતચીત દરમ્યાન ઈસ્લામની જે ઉમદા ખૂબીઓ બતાવી એમાંથી એક આ હતી : **બંદાઓને બંદાઓની ગુલામીમાંથી કાઢીને અલ્લાહની ગુલામીમાં દાખલ કરવા એ ઈસ્લામનો મૂળ હેતુ છે.**

રૂસ્તમે આ સાંભળીને કહ્યું કે ઈરાનીઓએ તો ઉર્દશેરના જમાનાથી નીચ જાતિના ધંધા નિશ્ચિત કરી આપ્યા છે અને કહે છે કે જો તેઓ આ વર્તુળમાંથી નીકળે તો શરીફોના હરીફ બની જશે. રફીલ શરૂથી જ આ ચર્ચા સાંભળી રહ્યો હતો એના પર એ અસર થઈ કે જ્યારે રુસ્તમ ચાલ્યો ગયો તો તેણે તુરત જ ઈસ્લામ સ્વીકારી લીધો.

## ★ સહાબાની પ્રમાણિક્તાનો કમાલ ! ★

દરેક કેસમાં ગવાહની જરૂરત હોય છે પરંતુ સહાબાએ કિરામને એમની પ્રમાણિક્તાએ એનાથી અપવાદ કરી આપ્યા હતા. હઝરત સઈદ બિન ઝૈદ બિન અમ્ર બિન નુફૈલ પર એક સ્ત્રીએ જમીન હડપ કરવાનો દાવો કર્યો. તેમણે કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું છે કે **જે શખ્સ હક્ક઼ મારીને કોઈની એક વેંત જેટલી જમીન લેશે તો અલ્લાહ જમીનના સાતેવ તબકાને તેના ગળામાં તૌક઼ બનાવી આપશે.** મેં તેણીની જમીનનો કોઈ હિસ્સો નથી લીધો. કેસ મરવાનની અદાલતમાં હતો. તેણે કહ્યું, હવે હું તમારી પાસે ગવાહ નથી માગતો !

## ★ અખ્લાક઼ે સહાબાની ગૈરો પર અસર ★

અમીરો તથા સુલ્તાનો તો ખૈર મુસલમાન હતા પણ સહાબાએ કિરામના ઉમદા અખ્લાક઼ની અસરો સૌથી વધુ ગૈર મુસ્લિમો પર પડી. હઝરત અબૂબક્ર رضي الله عنه શહેર મક્કાને છોડીને નીકળ્યા તો રસ્તામાં ઈબ્ને દગના મળી ગયો જે અરબમાં સૈયદુલ ક઼ારહના લક઼બથી પ્રખ્યાત હતો. તેણે પૂછયું, ક્યાં જાવ છો ? બોલ્યા, મને મારી ક઼ૌમે કાઢી મૂક્યો છે ! હવે ફરતો રહીને ખુદાની ઈબાદત કરતો રહીશ. તેણે કહ્યું, **તમારા જેવો માણસ ન વતનથી નીકળી શકે છે ન કાઢી શકાય છે. તમે ગરીબો માટે માલ પેદા કરો છો, સગાથી સદ વહેવાર કરો છો, ક઼ૌમની દિયત તથા તાવાન (ખૂનનો બદલો માલ તથા બદલા)નો બોજ ઉઠાવો છો, મહેમાનનવાઝી કરો છો અને ક઼ૌમની મુસીબતોમાં સહાયતા કરો છો.** હું તમારો જામિન છું, ચાલો ! અને તમારા દેશમાં ખુદાની ઈબાદત કરો. જેથી તે પરત થયા અને અમુક શરતો સાથે કાફિરોએ તેમને ઈબાદત કરવાની ઈજાઝત આપી દીધી.

હઝરત નઈમ ઈબ્ને અબ્દુલ્લાહ નેહામ અતિશય ફૈયાઝ (સખી) સહાબી હતા અને બનૂ અદી ક઼બીલાની સ્ત્રીઓ તથા યતીમોની પરવરિશ કરતા હતા. કાફિરો પર તેમની આ નેકીની એ અસર હતી કે જ્યારે તેમણે હિજરતનો ઈરાદો કર્યો તો તમામ કાફિરોએ રોકી લીધા અને કહ્યું કે **જે મઝહબ ચાહો અપનાવો ! જો કોઈ તમારી સાથે ટકરાશે તો સૌથી પહેલાં અમારી જાન તમારા પર કુર્બાન થશે.**

સહાબાએ કિરામ ઈસ્લામની હરતી ફરતી તસ્વીર હતા જેથી તેમની જીવન શૈલી તથા કિરદારથી પ્રભાવિત થઈને પણ ઈસ્લામ પ્રતિ આકર્ષાતા હતા. સહાબાએ કિરામને પોતાના ઈલ્મ તથા કિરદારના લીધે સમાજમાં પવિત્રતાનો જે દરજ્જો હાંસલ હતો તેનાથી ફાયદો ઉઠાવતાં તેમણે દરેક ઠેકાણે ઈસ્લામના પયગામને ફેલાવ્યો અને સહાબાના દૌરમાં ચોતરફ ઈસ્લામનો ચર્ચો થવા લાગ્યો. દરેક પ્રકારનાં પરિણામોથી બેપરવા થઈને સહાબાએ કિરામે હમેશાં હક્ક઼ને સમર્થન કર્યું જેનાથી ન કેવળ સમયના સત્તાધારીઓએ પોતાના વલણમાં ફેરફાર કરવો પડયો બલ્કે આ રીતની આઝાદ હક્ક઼ગોઈથી સહાબાએ કિરામે ઈસ્લામને પણ દરેક પ્રકારના ફેરફારથી મહેફૂઝ રાખ્યો. સહાબાના યુગમાં ઈસ્લામને જે પ્રગતિ તથા ઉઠાવ હાંસલ થયો તેનો પાયાનો સબબ ખરેખર સહાબાએ કિરામની હક્ક઼પસંદી તથા ઉચ્ચતમ કિરદારને ઠરાવી શકાય છે.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, માર્ચ–૨૦૧૨)*

# ગૈર મા'સૂમ માટે "અલૈહિસ્સલામ"નો ઉપયોગ કેવો ?

લેખક : મુહમ્મદ ઝુબેર કાદરી, સિંધ-પાકિસ્તાન

અનુવાદક : હાફેઝ અબ્દુર્રહમાન હાફેઝ દાઊદ પટેલ-પારખેત (મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)

*મઅસૂમ એટલે જેનાથી ગુનોહ થઈ જ ન શકે. તો એ સિફત (ખૂબી) **નબીઓ** તથા **ફરિશ્તાઓ** માટે છે, અને એ સિવાયના સર્વ સાલેહ બંદાઓ વલીઓ એ ગુનાહોથી **"મેહફૂઝ"** છે, તેમને માસૂમ નથી કહી શકતા. આ અહલે સુન્નતનો માન્યવર અક઼ીદો છે. -તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

આજકાલ આ મસ્અલો ખૂબ જ આમ થઈ ગયો છે કે એહલે બૈત رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના ઝિક્ર સાથે "અલૈહિસ્સલામ" વપરાય છે, ઉલમાએ કિરામના ઈર્શાદો આ વિશે મૌજૂદ છે કે, "અલૈહિસ્સલામ" શબ્દ મા'સૂમ સિવાય એટલે કે ગૈરે અંબિયા અને ગૈરે મલાઈકા (ફરિશ્તા સિવાયનાઓ) માટે વાપરવામાં ન આવે. બલ્કે તેમના ઝિક્ર વખતે "રદિયલ્લાહુ અન્હુ" અથવા "ગુફિરલ્લાહુ લહુ" વાપરવામાં આવે કે એમાં સૌથી મોટી વાત એ છે કે રાફઝીઓની મુશાબેહત (મળતાપણુ) નથી થતી, કેમ કે બાર ઈમામો અને બીબી ફાતિમા رضی اللہ عنہا નાં નામો સાથે "અલૈહિસ્સલામ" લગાડવું એ તેઓની નિશાની છે. આ જ મુશાબેહતના કારણે ઉલમાએ અહલે સુન્નતે આ કામથી મના ફર્માવ્યું છે, અને આ જ આપણા બુઝુર્ગોનો તરીક઼ો રહ્યો છે.

## ★ ગૈરે નબી માટે સલાત તથા સલામ (શબ્દ)નો વપરાશ ★

ભલે સલાત દુઆ છે જે દરેક મુસલમાન માટે જાઈઝ છે, પરંતુ જ્યારે હુઝૂર ﷺ નો ઉમ્મતી આપ પર સલાત પેશ કરે છે તો ખાસ શબ્દો દ્વારા પેશ કરે છે. જો તે શબ્દો કોઈ ગૈર નબી માટે પણ કહેવામાં આવે તો ગુનો નહીં થાય, પરંતુ કેમ કે આ તરીક઼ો અંબિયાએ કિરામ علیہم السلام માટે ખાસ છે તો આપણે તેને ગૈરે નબી માટે નથી વાપરતા, એ જ રીતે હુઝૂર ﷺ ના નામ મુબારક સાથે "અઝ્ઝ વ જલ્લ" (عزوجل) વાપરવું પણ ગુનો નથી, પરંતુ આ શબ્દ અલ્લાહ તબારક વ તઆલાના નામ સાથે ખાસ છે, એટલા માટે જ આપણે મુહમ્મદ "અઝ્ઝ વ જલ્લ" નથી લખતા અને ન કહીએ છીએ. એવી જ રીતે અબૂબક્ર "સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ" કહેવું પણ ગુનો નથી, પરંતુ એટલા માટે કે આ શબ્દ હુઝૂર ﷺ ના નામ મુબારક સાથે ખાસ છે, આપણે બીજા કોઈના માટે નથી વાપરતા.

આવા ઘણા બધા લખાણો મળે છે જેનાથી સ્પષ્ટ થઈ જાય છે કે શબ્દકોશ મુજબ તેનો વપરાશ ગૈરે નબી તથા ગૈરે મલક (ફરિશ્તા સિવાય) માટે દુરુસ્ત છે, પરંતુ બુઝુર્ગોએ આ શબ્દોને અંબિયા તથા ફરિશ્તાઓ માટે ખાસ ફર્માવ્યા છે. આ મસ્અલા પર કાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ એ "અશ્શિફા બિતઅ્રીફિ હુકૂકિલ્ મુસ્તફા"માં વિવિધ બયાનો ભેગા કર્યા છે, જેમાં કેટલાક જાઈઝ હોવાનાં છે અને કેટલાક નાજાઈઝનાં, બધાં બયાનો રજૂ કર્યા બાદ આપ ફર્માવે છે : મારું દિલ તે બયાન તરફ છે જે ઈમામ માલિક તથા સૂફિયાને કર્યું, અને તે હદીષ તરફ છે જે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. અને વધુ પડતા ફુક઼હા તથા આલિમોનું માનવું એ છે કે અંબિયા علیہم السلام સિવાય બીજા પર તેના ઝિક્ર સમયે દુરૂદ ન પઢવામાં આવે બલ્કે દુરૂદો

સલામ અંબિયા عَلَيۡهِمُ السَّلَام ની ઈજ્જત તથા તેમના મર્તબા માટે ખાસ છે. *(અશ્શિફા, ભાગ : ૨, પેજ : ૮૭)*

તફસીરે બયઝાવી, ભાગ : ૪માં છે :–

''ગૈર અંબિયા પર સલાત તાબેદાર બનાવીને (જાઈઝ) છે અને સીધુ (Direct) મકરૂહ છે, એટલા માટે કે સામાન્ય બોલચાલમાં આ ઝિક્ર રસૂલુલ્લાહ صَلَّى اللهُ عَلَيۡهِ وَسَلَّم ની નિશાની છે, અને એટલા માટે જ 'મુહમ્મદ અઝ્ઝ વ જલ્લ' કહેવું મકરૂહ છે, ભલે આપની ઝાતે અક્દસ ઘણી જ નેક છે.''

**વાંધો** : ઉપરોક્ત રજૂ કરેલ આખી બહષ તો સલામથી રોકવા માટે છે, સલામના વિશે તો આવી કોઈ વાત નથી. ક઼ાઝી અયાઝ رَحۡمَةُ اللهِ عَلَيۡه એ પણ આના પર કોઈ દલીલ નથી આપી ?!

**જવાબ** : ઉપરોક્ત બહષમાં આ વાતનો જવાબ મૌજૂદ છે. કેટલાક કારણોના લીધે ''અલૈહિસ્સલામ'' ગૈર અંબિયા માટે વાપરવાથી મના ફર્માવવામાં આવ્યું. એક એ કે જે શબ્દો અંબિયાએ કિરામ عَلَيۡهِمُ السَّلَام અને ફરિશ્તાઓ عَلَيۡهِمُ السَّلَام માટે ખાસ કરી દેવામાં આવ્યા છે તે કોઈ બીજા માટે વાપરવામાં ન આવે, તેની વધુ સ્પષ્ટતા અલ્લામા સૈયદ આલૂસી رَحۡمَةُ اللهِ عَلَيۡه (રૂહુલ મઆનીના લેખક)ના ઈર્શાદથી પણ થાય છે :–

''સલામના મસ્અલામાં કેટલાક ફાઝિલોએ તેહક઼ીક઼ કરી છે, હું તેમની વાતોનો ખુલાસો થોડી સ્પષ્ટતાથી લખું છું. સલામ બે પ્રકારના હોય છે, એક સલામે ''તહિય્યા'' છે જે આવવાવાળો પેશ કરે છે, ભલે જીવતાને પેશ કરે છે કે પછી ક઼બ્રવાળાને. જો જીવંતને પેશ કરે તો તેનો જવાબ વાજિબ છે, જો આખા ટોળાને સલામ કરે તો જવાબ વાજિબે કિફાયા છે, એકનો જવાબ સૌની તરફથી પૂરતો છે. અને કોઈ વ્યક્તિને પોતે જઈ સલામ કરી છે અથવા ''તહિય્યા'' મોકલ્યો છે અથવા પત્રમાં સલામ લખી છે તો તે વ્યક્તિ પર જવાબ વાજ્જબ છે જેને સલામ કરી છે અથવા કહેવડાવી છે અથવા લખી છે. અને બીજા પ્રકારની સલામ એ છે કે સલામ કરવાવાળો અલ્લાહથી દુઆ કરે છે કે તે પોતાનો સલામ તે બંદા પર નાઝિલ ફર્માવે, તેના માટે ત્રીજા પુરૂષનું ક્રિયાપદ વાપરવામાં આવે, દા.ત. ''સલ્લમલ્લાહુ અલયહ'' અથવા ''સલામલ્લાહિ અલયહ.'' અથવા બીજા પુરૂષનું, દા.ત. ''અલ્લાહુમ્મ સલ્લિમ અલયહ'' આ સલામ જે દુઆ છે હુઝૂર صَلَّى اللهُ عَلَيۡهِ وَسَلَّم અને અંબિયાએ કિરામ عَلَيۡهِمُ السَّلَام માટે ખાસ છે, ઉમ્મતીઓ સાથે આનો સંબંધ નથી. હા ! તાબા હેઠળ હોય એ રીતે ઉમ્મતીનો ઝિક્ર કરી શકાય છે, દા.ત. હઝરત મુહમ્મદ صَلَّى اللهُ عَلَيۡهِ وَسَلَّم અને તેમની ઔલાદ તથા એમના સહાબા પર અલ્લાહનો સલામ થાય. આ જ વાત અલ્લામા તક઼ીય્યુદ્દીન સુબ્ક઼ીએ શિફામાં લખી છે. આ હવાલાઓ મુજબ જ્યારે આપણે ''અલૈહિસ્સલામ'' કહીએ છીએ તો એનો મતલબ એ જ છે કે જે ''અલૈહિસ્સલામ'' કહેવાનો છે, આમાં પણ તે જ તા'ઝીમ છે જે ''અલૈહિસ્સલાત''માં છે. અલ્લામા અલીમીએ આ જ સલામ વિશે દાવો કર્યો છે કે આ સલામ સલાતના અર્થમાં છે.''

**સવાલ** : શું અંબિયાએ કિરામ અને મલાઈકા (ફરિશ્તા) સિવાય બીજા કોઈ માટે ''અલૈહિસ્સલામ'' વાપરવું દુરુસ્ત છે ? જેમ કે કેટલાક લોકો સૈયદુશ્શોહદા ઈમામ આલી મક઼ામ ઈમામ હુસૈન માટે ''અલૈહિસ્સલામ'' વાપરે છે, સાથે જ આ મસ્અલામાં આ'લા હઝરતની તેહક઼ીક઼ ખરી ? *[પૂછનાર : અલ્લામા મુફ્તી હસન અલી રઝવી મેલસી, મુલ્તાન–પાકિસ્તાન (ખલીફએ હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رَحۡمَةُ اللهِ عَلَيۡه તથા કુતુબે મદીના, બુરહાને મિલ્લત અને મુહદ્દિષે આ'ઝમે પાકિસ્તાન)]*

**જવાબ** : ''અલૈહિસ્સલામ''નો શબ્દ અંબિયા તથા ફરિશ્તાઓ માટે ખાસ છે, ગૈર અંબિયા તથા મલાઈકા માટે બોલવું તથા લખવું ન જોઈએ, આ'લા હઝરત رَحۡمَةُ اللهِ عَلَيۡه આ કામથી રોકે છે, સાથે જ આ શીઆ રાફઝીઓમાં વધુ વપરાય છે કે તેઓ મૌલા અલી كَرَّمَ اللهُ تَعَالٰى وَجۡهَهُ الۡكَرِيۡم તથા પાક ઈમામોને (હુઝૂર صَلَّى اللهُ عَلَيۡهِ وَسَلَّم સિવાય) બીજા અંબિયાએ કિરામથી શ્રેષ્ઠ સમજે છે,

એટલા માટે તેઓ બેખૌફ લખે તથા બોલે છે. મારો ખ્યાલ છે કે કેટલાક સુન્નીઓમાં પણ આ શબ્દ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ તથા ઈમામે હુસૈનના નામો સાથે બોલવું તેમની દેખાદેખી જ છે.

વળી કેટલાક ઉલમાની કિતાબોમાં પણ હવે જોવા મળે છે જેમ કે શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ તો શક્ય છે કે તે કાતિબ (લહિયા)નું કારનામુ હોય, પરંતુ મને યાદ આવે છે કે હઝરત શૈખ મુહક્કિક્ અબ્દુલ હક્ક્ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہના બયાનમાં ગૈર નબી માટે આવુ લખાણ છે, જો આવું છે તો હઝરત શૈખના ખયાલમાં નહીં રહ્યું હોય કે આ સલામ ફરિશ્તા તથા અંબિયા સાથે ખાસ છે. *(જહાંને મુફતીએ આ'ઝમ, ૪૧૩૧, રઝા એકેડમી–મુંબઈ)*

હુઝૂર صلی اللہ علیہ وسلمના નામ મુબારક સાથે ''અઝ્ઝ વ જલ્લ'' પણ લગાડી શકાય છે અને મૌલા અલી તથા સિદ્દીકે અક્બર رضی اللہ عنہماના નામો સાથે ''સલ્લાહુ અલયહિ વસલ્લમ'' પણ લગાડી શકાય છે, પરંતુ અમે બુઝુર્ગોને આવું કરતાં નથી જોયા, એવી જ રીતે આપણા બુઝુર્ગોએ ગૈરે અંબિયા તથા ગૈરે મલાઈકા માટે ''અલૈહિસ્સલામ''નો શબ્દ નથી વાપર્યો.

**રાફઝીઓની નિશાની** : ગૈર અંબિયાના ઝિક્ર સાથે ''અલૈહિસ્સલામ'' વાપરવાને એહલે સુન્નતે રિવાજ નથી બનાવ્યો. આના પરથી પણ જાણવા મળે છે કે એહલે સુન્નતના નજીક અફઝલુલ બશર બાદ અંબિયા હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہ અને પછી ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ છે, જો આ અમલ ઉલમા તથા ઈમામોનો હોત તો તેઓ જરૂર જરૂર આ હઝરાતના નામો સાથે પણ વાપરતા, પરંતુ આવું ક્યાંય જોવા નથી મળતું.

આ વિશે ક઼ાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું : ''આ વાત શરૂઆતમાં મશહૂર ન હતી બલ્કે રાફઝી તથા શીઆઓએ પેદા કરી છે જે કેટલાક ઈમામો માટે માને છે, એટલા માટે તેઓ તેમના ઝિક્ર સમયે સલાતો સલામમાં હુઝૂર صلی اللہ علیہ وسلمના બરાબર તથા ભાગીદાર બનાવી દે છે, તે સિવાય એ વાત પણ છે કે બિદઅતીઓની મુશાબેહત પણ છે જેનાથી શરીઅતમાં રોકાવાનો હુકમ છે, આ વિશે તેમના આ અક઼ીદાઓનો વિરોધ કરવો વાજિબ છે, હા ! ઔલાદ તથા અઝવાજે મુતહ્હરાતનો ઝિક્ર દુરૂદમાં નબીએ પાક صلی اللہ علیہ وسلمની સાથે આપની તાબેદારીમાં ઉમેરી શકાય છે, બિલ્કુલ ખાસ કરીને નહીં.'' *(અશ્શિફા, ભાગ : ૨)*

**પરિણામ** : જાણવા મળ્યું કે આ કામ શીઆઓનું પેદા કરેલું છે અને ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہના લખાણથી એક બીજી વાત પણ જાણવા મળી કે શીઆઓ આ અક઼ીદાના આધારે બાર ઈમામોનાં નામો સાથે ''અલૈહિસ્સલામ'' બોલે તથા લખે છે અને તેમને અંબિયાએ કિરામ علیہم السلامથી (હુઝૂર صلی اللہ علیہ وسلم સિવાય) શ્રેષ્ઠ માને છે.

હઝરત મુફસ્સિરે આ'ઝમે પાકિસ્તાન મુફતી ફૈઝ અહમદ ઉવૈસી رحمۃ اللہ علیہએ આ વિશે એક શીઆ મુજતહિદના શબ્દો રજૂ કર્યા છે :–

''આજના જમાનમાં એક શીઆ મુજતહિદના બયાનથી આ વાત સાબિત થઈ ગઈ છે. પ્રસંગ એ રીતે છે કે તેને બાર ઈમામો પૈકીના મુજતહિદ સૈયદ મુજતબા હસન સાહબે કહ્યું :–

આ બાર વ્યક્તિઓ ઈમામ છે, તેઓની ઈમામત એ નથી કે મુજતહિદ ઈમામોની છે બલ્કે આ તે ઈમામત છે જે હઝરત ઈબ્રાહીમ علیہ السلامને અલ્લાહ તઆલાએ ઈનાયત ફર્માવી છે, અલ્લાહ તબારક વ તઆલાનો ઈર્શાદ છે :–

**واذا بتلیٰ ابراھیم ربه بکلمات فاتمھن قال انی جاعلك للناس اماماً**

આ ઈમામત નબુવ્વતના મર્તબાનો ઉચ્ચ દરજ્જો છે, આ બાર વ્યક્તિઓ અને હુઝૂર યક઼ીનન ! બધા જ અંબિયાથી શ્રેષ્ઠ છે અને તેમની ઈમામત ઈબ્રાહીમ علیہ السلامની ઈમામતથી બેહતર છે, આ બાર વ્યક્તિઓ નબી છે એટલા માટે જ તેમના નામો સાથે

અલૈહિસ્સલામ વાપરવું જાઈઝ છે.'' અસ્તગફિરુલ્લાહિ રબ્બી વ અતૂબુ ઈલૈહ. *(ગૈર અંબિયા વ મલાઈકા કે સાથ અલૈહિસ્સલામ લિખના કૈસા ? પેજ : ૧૧, મદીના પબ્લિશર, કરાંચી–પાકિસ્તાન)*

એ વાત પણ સ્પષ્ટ થઈ કે ગૈર નબી માટે ''અલૈહિસ્સલામ''નો શબ્દ વાપરવો રાફઝીઓનો તરીકો છે, હવે એ પણ જાણી લઈએ કે બદ્ મઝહબનો તરીકો અપનાવવાનો શું હુકમ છે ?

હદીષે પાકમાં છે : ''જે (વ્યક્તિ) કોઈ કૌમથી મુશાબેહત (મળતાપણુ) કરે છે તે તેમનામાંથી જ ગણાશે.'' *(અબૂ દાઊદ, ભાગ : ૨, પેજ : ૨૦૩)*

ઈમામ હસ્કફીએ દુર્રે મુખ્તારમાં લખ્યું છે :–

'' (પુરૂષ) અંગૂઠી ડાબા હાથમાં હથેળી તરફ રાખે, અને એ પણ કહેવામાં આવ્યું કે જમણા હાથમાં પહેરે પરંતુ આ રાફઝીઓની નિશાની છે, તો આનાથી બચવું જરૂરી છે. (કહેસ્તાની વગેરે) તો મેં (ઈમામ હસ્કફી) કહ્યું, આવું કોઈ સમયે હશે પછી ખતમ થઈ ગયું હશે, જેથી તમે તેના વિશે વિચારી લો.'' *(દુર્રે મુખ્તાર, ભાગ : ૬, પેજ : ૩૬૧)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''જે વસ્તુ કાફિરો અથવા બદ્મઝહબો, ફાસિકો તથા ફાજિરોની નિશાની હોય તેને શરીઅતની સહીહ હાજત વગર નફ્સના માટે ઈખ્તેયાર કરવું મના તથા નાજાઈઝ અને ગુનો છે, ભલે તે એક વસ્તુ પણ કેમ ન હોય. એટલા માટે કે તેનાથી એક વાતમાં તો જરૂર તેમની મુશાબેહત (મળતાપણુ) થઈ જશે, અને મનાના હુકમ માટે તે પૂરતું છે, ભલે બીજી વાતોમાં મુશાબેહત ન હોય. તેનું ઉદાહરણ ગુલાબ અને પેશાબમાં છે, બોટલ ભરીને ગુલાબ (પાણી) અને તેમાં એક ટીપુ પેશાબ હોય તો બધુ જ નાપાક છે, એવું નથી કે આખી બોટલમાં પેશાબ હોય તો જ નાપાક થાય, એટલા માટે હદીષ તથા ફિક્હના ઈર્શાદોમાં દરેક એવી વસ્તુ પર મના તથા હરામનો હુકમ આપવામાં આવ્યો છે (જેમાં થોડી પણ મુશાબેહત હોય), એમ નહીં કે માથાથી પગ સુધી મુશાબેહત હોય તો જ મના થાય. એ ફક્ત જહાલત અથવા પાગલપણુ છે અને જો જાણી બુઝીને હોય તો શરીઅતથી ખુલ્લી દુશ્મની છે.'' *(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૨૨, પેજ : ૫૩૬)*

તફસીરે અઝીઝીમાં સૂરએ બક્રહની આયત ( **ولكم فى الارض مستقر و متاع الى حين** ) ના બયાનમાં લખ્યું છે કે હઝરત આદમ علیہ السلام એ બખ્શિશ માટે આ શબ્દો અર્ઝ કર્યા (**اسئلك بحق محمد الا غفرت لى**) અને પછી લખ્યું છે કે ફુક્હાએ કિરામે ''ફલાણાના વાસ્તે'' આ રીતે દુઆ કરવાને મકરૂહ લખ્યું છે, ત્યાર બાદ આપે મકરૂહ ઠરાવવાનું કારણ બયાન કર્યું છે કે મો'તઝલા (એક ફિર્કા)ના મઝહબમાં બંદાના અમલ બંદાની ખેતી છે, અલ્લાહ તબારક વ તઆલાએ તેના અમલનો બદલો નક્કી કરી રાખ્યો છે આ બદલો બંદાનો હક્ક છે અને એ એવો હક્ક જે હકીકી છે. જ્યારે **એહલે સુન્નતની નજીક શું બંદો અને શું તેનો અમલ, બધું જ અલ્લાહની મખ્લૂક છે, અલ્લાહ તઆલાએ જો બંદાના અમલ પર બદલો આપવાનું ફર્માવ્યું છે તો આ તેનો કરમ છે, તેની બંદાપરવરી છે, અને બંદાનો આ હક્ક તેના ફઝલ તથા તેના કરમથી છે.**

**વાંધો** : હુઝૂર ﷺ એ હઝરત અલી کرم اللہ تعالٰی وجہہ الکریم માટે ફર્માવ્યું કે અલી મારાથી છે. બીબી ફાતિમા رضی اللہ عنہا માટે ફર્માવ્યું, આ મારા જિગરનો ટુકડો છે. હસનૈન કરીમૈન رضی اللہ عنہما ને જન્નતી જવાનોના સરદાર ફર્માવ્યા, તેમની શાન નિરાલી છે. એટલા માટે તેમના ઝિક્ર સાથે ''અલૈહિસ્સલામ''નો શબ્દ વાપરી શકાય છે.

**જવાબ** : હુઝૂર ﷺ ના દરેક સહાબીની શાન ઘણી ઉચ્ચ છે, હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમર رضی اللہ عنہما બંને જમીનમાં હુઝૂર ﷺ ના વજીર છે, ઉષ્માને ગની رضی اللہ عنہ ની શાન છે કે ફરિશ્તા પણ તેમનાથી હયા ફર્માવે છે, સાથે જ દરેક સહાબી પોતાની એક આગવી શાન ધરાવે છે, ફક્ત એને આધાર બનાવીને કેટલાક વધુ પેજ નં. ૩૮....પર

# ખુદાથી તઅલ્લુક઼ મજબૂત કરનાર ૫ ઉસૂલ

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

વ્યક્તિગત જીવન અને સામાજિક સ્તરે દીની માહોલ તથા દીનદારીનું વાતાવરણ સ્થાપ્વામાં જે ગુણ સૌથી પ્રથમ અને અગત્યનો છે એ તઅલ્લુક બિલ્લાહ એટલે કે અલ્લાહ તઆલાની સાથે લગાવ છે. મનુષ્ય કોઈપણ કાર્ય કરવાનો સંકલ્પ કરે છે તો એ કાર્ય તરફ આકર્ષિત કરનાર મૂળ કારણ એનો હેતુ હોય છે જેના માટે મનુષ્ય એ કાર્ય કરે છે અને એ કાર્યમાં વેગ ત્યારે જ મળે છે જ્યારે હેતુની સાથે સાથે લગન અને પરિશ્રમ પણ હોય. આપણે જે મહાન કાર્યને માથે લીધુ છે તે એ જ છે કે આપણે અલ્લાહ તબારક વ તઆલાને રાજી કરીએ અને આ કાર્યમાં સરળતા ત્યારે જ મળશે જ્યારે અલ્લાહ તબારક વ તઆલાની સાથે આપણો લગાવ મજબૂત અને ગાઢ હશે. અલ્લાહ તબારક વ તઆલા સાથે જેનો લગાવ જેટલો અધિક હશે તેની સર્વાધિક કોશિશ એ રહેશે કે અલ્લાહને રાજી કરવાવાળા કાર્યો અધિક્તમ કરે અને એવા સર્વ કાર્યોથી બચે જેનાથી અલ્લાહ તબારક વ તઆલા નારાજ થાય. તદ્‌ઉપરાંત અલ્લાહ તઆલાને રાજી કરવાવાળા કાર્યો ઘણી જ લગન અને દિલથી કરશે અને અન્ય કોઈને રાજી કરવાનો અંશ સુદ્ધા એમાં નહીં હોય.

### ★ તઅલ્લુક઼ બિલ્લાહથી શું મુરાદ છે ? ★

આનો સચોટ ઉત્તર કુર્આનમાં આ રીતે મળે છે : "બેશક ! મારી નમાઝ અને મારી કુર્બાનીઓ અને મારું જીવવું અને મરવું, બધું અલ્લાહ માટે જ છે." *(સૂરએ નિસાઅ્, આયત : ૧૬૨)*

અલ્લાહ તબારક વ તઆલાથી લગાવ માટે પ્રથમ શરત એ છે કે અલ્લાહની ઝાત પર સંપૂર્ણ યક઼ીન હોય ત્યાર પછી જે કાંઈ પણ કરવામાં આવે તે ઘણા જ ખુશૂઅ અને ખુઝૂઅ સાથે (ખુદાની યાદમાં ખૂબ મગ્ન થઈને) કરવામાં આવે. તઅલ્લુક઼ બિલ્લાહ માટે બીજી શર્ત અમલ છે, અમલ દ્વારા જ અલ્લાહ તબારક વ તઆલા સાથે લગાવ મજબૂત થાય છે.

### ★ કઈ બાબતોથી અલ્લાહ તઆલા સાથે લગાવ મજબૂત થાય છે ? ★

૧. ઈબાદતોમાં ખુશૂઅ ખુઝૂઅ તઅલ્લુક઼ બિલ્લાહનું મહત્વનું માધ્યમ છે. તે ઉપરાંત ફર્ઝ તથા વાજિબ સિવાય નફ્લ ઈબાદતો પણ અદા કરવાથી ખાસ કરીને તહજ્જુદની પાબંદી કરવાથી.

૨. ઝિક્રે ઈલાહીનો વિર્દ હર હાલમાં અને દરેક સમયે જારી રાખવો, તેનાથી દિલોનો મેલ દૂર થાય છે અને દિલોને સુકૂન નસીબ થાય છે.

૩. દરેક પ્રકારની કુર્બાની જે કેવળ અલ્લાહ તબારક વ તઆલા માટે જ કરવામાં આવે, વિશેષ રીતે અલ્લાહની રાહમાં ખર્ચ કરવું.

૪. કુર્આન તથા ઈસ્લામિક સાહિત્યનો અભ્યાસ પણ અલ્લાહ તબારક વ તઆલા સાથે લગાવનું એક માધ્યમ છે.

૫. ખૂબ દુઆ કરવાથી પણ તઅલ્લુક બિલ્લાહમાં વધારો થાય છે.

### ★ દરેક કામ ખુદાની રઝા માટે ★

ઈસ્લામી જીવન બંધારણ સ્થાપિત કરવામાં ત્યાં

સુધી સફળતા શક્ય નથી જ્યાં સુધી અલ્લાહ તબારક વ તઆલા સાથે ઈન્સાનનો લગાવ મજબૂત અને ગાઢ ન હોય અને એની નિય્યત કેવળ અલ્લાહ તઆલા માટે જ કોઈ પણ કાર્ય કરવાની ન હોય. અલ્લાહ તબારક વ તઆલાની રઝામંદી જ હેતુ ન હોય. જે પણ કરે અલ્લાહની મહોબ્બતમાં જ કરે. અલ્લાહ તબારક વ તઆલાના કરમ પર જ સંપૂર્ણ ભરોસો હોવો જોઈએ તથા બદલાની ઉમ્મીદ પણ માત્ર અલ્લાહ તઆલાથી રાખવી અને અલ્લાહ તબારક વ તઆલા સાથે લગાવ એ પ્રમાણે હોય કે દરેક બાબત દોસ્તી હોય કે દુશ્મની ખાલિસ (ફક્ત) અલ્લાહ તબારક વ તઆલા માટે જ હોય.

### ★ અલ્લાહ તબારક વ તઆલાની યાદ ★

અલ્લાહનું ઝિક્ર એક એવી ઈબાદત છે જેના વિના મો'મિનને એ જિંદગી નથી મળી શકતી જે ઈસ્લામનો હેતુ છે. અલ્લાહનું ઝિક્ર મો'મિનના દિમાગ તથા ચિંતનની સલામતી તથા પ્રગતિ માટે અત્યંત જરૂરી છે. જેવી રીતે કોઈપણ જગ્યા કદી ખાલી નથી હોતી, અને જો તેને ખાલી કરી દેવામાં આવે તો હવા અવશ્ય તેમાં જગા બનાવી લે છે, એ જ રીતે એ પણ હક઼ીક઼ત છે કે જ્યારે ઈન્સાનનું દિમાગ અલ્લાહના ઝિક્રથી ખાલી હશે તો શૈતાન બુરા ખ્યાલોથી તેના દિમાગ પર કબજો જમાવી લેશે. કહેવામાં આવે છે કે ખાલી દિલ અને દિમાગ શૈતાનનું ઘર હોય છે જેના પરિણામે અલ્લાહ તબારક વ તઆલાના ઝિક્રથી ગાફેલ રહેનારને શૈતાન ગુનાહ અને બુરાઈઓ તરફ પ્રોત્સાહિત કરશે. જેથી મો'મિન માટે જરૂરી છે કે હમેશાં અલ્લાહ તબારક વ તઆલાનું ઝિક્ર કરતો રહે. હવે અલ્લાહના ઝિક્રથી શું મુરાદ છે ? એ જાણવું અત્યંત જરૂરી છે.

કુર્આને મુક઼દ્દસમાં છે : ''હે ઈમાનવાળાઓ ! અલ્લાહ તબારક વ તઆલાને ખૂબ ખૂબ યાદ કરો અને સવાર સાંજ તેની તસ્બીહ કરતા રહો.'' *(સૂરએ અહઝાબ, આયત : ૪૧, ૪૨)*

બીજા ઠેકાણે છે : ''તો અલ્લાહની યાદ કરો ઊભો રહીને અને બેસીને અને પડખાંઓ પર સૂતા હતા.'' *(સૂરએ નિસાઅ, આયત : ૧૦૩)*

દરેક હાલતમાં અલ્લાહ તબારક વ તઆલાના ઝિક્રની તલ્ક઼ીન (સૂચના) કરવામાં આવી છે. અલ્લાહ તબારક વ તઆલાનું ઝિક્ર કોઈ ટેમ્પરરી ચીજ નથી બલ્કે એ એક એવી કૈફિયત છે જેનાથી દિલોને સાંત્વન મળે છે અને કુર્આન કહે છે કે અલ્લાહના ઝિક્રથી જ દિલોને સુકૂન મળે છે. સાંભળો ! : ''આ એ જ લોકો છે જે ઈમાન લાવ્યા અને જેમનાં દિલોને અલ્લાહ તઆલાના ઝિક્રથી શાંતિ મળે છે. સાભંળી લો ! અલ્લાહની યાદથી જ દિલોને સુકૂન મળે છે.'' *(સૂરએ રઅદ, આયત : ૨૮)*

અલ્લાહ તબારક વ તઆલાને અધિક્તમ યાદ કરવાવાળાઓને અજ્ૂરે અઝીમની બશારત આપવામાં આવી, જેમ કે ફર્માવ્યું, ''અલ્લાહને પુષ્કળ પ્રમાણમાં યાદ કરનારા પુરૂષો અને પુષ્કળ યાદ કરનારી સ્ત્રીઓ એમના માટે અલ્લાહ તઆલાએ બખ્શિશ તથા મહાન બદલો તૈયાર કરી આપ્યો છે.'' *(સૂરએ અહઝાબ, આયત : ૩૫)*

અલ્લાહ તબારક વ તઆલાને અધિક યાદ કરવાનો મતલબ એ છે કે દરેક બાબતમાં દરેક સમયે ઝબાન પર અલ્લાહનું નામ કોઈ ન કોઈ રીતે આવતું રહે અને આ સ્થિતિ ત્યાં સુધી નહીં બને જ્યાં સુધી અલ્લાહ તઆલાનો ખયાલ દિલ તથા દિમાગમાં રચી વસી ન જાય. જ્યારે આ સ્થિતિ થઈ જાય છે ત્યારે ઈન્સાન જે પણ વાત અથવા કાર્ય કરશે તેમાં અલ્લાહ તઆલાનું નામ, તેની યાદ અને ઝિક્ર જરૂર આવશે, દરેક આફત આવવા પર અલ્લાહ તઆલાની મદદ માંગશે, નેઅમત મળવા પર તેનો શુક્ર અદા કરશે, મુસીબતમાં તેની રહમતોની ઉમ્મીદ કરશે, બુરાઈનો ખયાલ આવતાં એનાથી ડરશે, ગુનો થતાં તેનાથી માફી માંગશે, કોઈ પણ હાજત અને જરૂરતમાં તેનાથી દુઆ કરશે. સારાશં કે ઉઠતાં બેસતાં દરેક કામ અને પ્રત્યેક સંજોગોમાં અલ્લાહ તબારક વ તઆલાની યાદ તેની સાથે હશે.

ઈન્સાનને ઈલ્મ, અક્કલ અને તેના દિલો દિમાગ

તથા ચિંતન તથા દષ્ટિ વડે જે રોશની નસીબ થાય છે તે અલ્લાહ તઆલાના ઝિક્ર અને તેની યાદથી જ નસીબ થાય છે. અલ્લાહ તઆલાના ઝિક્ર વિના ઈન્સાનનું દિલ અંધકારમય થઈ જાય છે. દિલ ખોટા મશવરા આપે છે અને દિમાગ ખોટુ માર્ગદર્શન કરે છે. તેના હાથ, પગ કોઈ પણ દિશામાં જે પણ હેતુ માટે ઉઠે છે, તે ગલત જ હોય છે, એટલે સુધી કે કોઈ દીનના નામ પર દીનનું કામ કરવા પણ ચાહે પરંતુ તેનું દિલ અલ્લાહની યાદથી ખાલી છે તો એની દીનદારી પણ દુનિયાદારીમાં બદલાય જાય છે.

જેઓ અલ્લાહને યાદ કરે છે અલ્લાહ તઆલા પણ તેમને યાદ કરે છે. કુર્આનમાં અલ્લાહ ﷻ ઈર્શાદ ફર્માવે છે :– " તમે મને યાદ કરો હું તમને યાદ કરીશ." *(સૂરએ બક્રહ, આયત : ૧૨૭)* અને બીજી જગ્યાએ છે : "અને અલ્લાહનો આભાર માનો જો તમે તેને જ પૂજતા હોય."

અલ્લાહ તબારક વ તઆલાના ઝિક્રથી ગાફેલ કરવાવાળી બે વસ્તુઓ છે, એક માલ અને બીજી ઔલાદ. કુર્આને મજીદમાં છે : "હે ઈમાનવાળાઓ! તમારા માલ કે તમારી ઔલાદ કોઈપણ વસ્તુ તમને ક્યાંક અલ્લાહની યાદથી ગાફેલ ન કરી દે, અને જે એવું કરે તો તે લોકો જ નુકસાનમાં છે." *(સૂરએ મુનાફિક્રૂન, આયત : ૯)*

## ★ આખેરતની ફિક્ર ★

આખેરતની ફિક્ર એક એવો ગુણ છે જે મો'મિનને હમેશાં સાચુ માર્ગદર્શન આપે છે અને ઈન્સાનને યાદ અપાવે છે કે આખેરત હમેશાં માટે બાકી રહેવાની છે અને આ જ એહસાસ ઈન્સાનને પોતાની સર્વ દૌલત, સમય અને પોતાનો દુનિયવી આરામ ત્યજી દેવા અને હમેશાંની જિંદગી માટે પોતાનું સર્વસ્વ કુર્બાન કરવા માટે તૈયાર કરી દે છે. કુર્આન કહે છે : "અને આખેરત ઉત્તમ અને બાકી રહેનાર છે." *(સૂરએ ઔલા, આયત : ૧૭)*

ઈન્સાન દુનિયામાં મૌજ મસ્તી અને દુનિયવી રંગરેલીઓમાં લુપ્ત થવા માટે નથી આવ્યો બલ્કે અલ્લાહ તબારક વ તઆલા ઈન્સાનને એક નિશ્ચિત મુદ્દત સુધી અજમાવવા ચાહે છે જેથી કસોટી થાય કે કોણ સારા અમલ કરે છે અને કોણ પોતાનું દુનિયવી જીવન અલ્લાહ તબારક વ તઆલાની નાફર્માનીમાં બર્બાદ કરે છે. દુનિયામાં જે લોકો સારા અમલ કરશે એમને આખેરતમાં એનો બદલો આપવામાં આવશે અને ગુનહગારોને પણ તેમના ગુનાહોની સજા આપવામાં આવશે. કુર્આન કહે છે : "પછી જે એક રજકણ જેટલી ભલાઈ કરે તો તે તેને જોશે અને જે એક રજકણ જેટલી બુરાઈ કરે તો તેને જોશે." *(સૂરએ ઝિલ્ ઝાલ, આયત : ૭, ૮)*

જે લોકો સમક્ષ આખેરતનો એહસાસ રહે છે તેઓને હમેશાં એક ચિંતા અને ફિક્ર રહે છે. અલ્લાહ તબારક વ તઆલા નાની નાની વાતો પર તેમની પકડ ન કરે ! તેઓ હમેશાં આખેરતના ખૌફથી ડરતા રહે છે. કુર્આન કહે છે : "અને પોતાના રબથી ડરે છે અને હિસાબની બુરાઈનો ડર રાખે છે." *(સૂરએ રઅદ, આયત : ૨૧)*

ભલે દુનિયા આખેરતની ખેતી છે પરંતુ મો'મિનની નજર હમેશાં આખેરત પર રહે છે, ક્ષણ માટે પણ તે એ વાતને પસંદ નથી કરતો કે દુનિયાથી દિલ લગાડે અને તેના પરિણામે આખેરતમાં નુકસાન ઉઠાવવું પડે. મો'મિનને એ વાતનું યકીન હોય છે કે આખેરતની કામયાબી જ વાસ્તવિક કામયાબી છે, ભલે એના માટે દુનિયામાં બેઈજ્જત થવું પડે, મુસીબતો ઉઠાવવી પડે.

આખેરતના ઝિક્રનો પ્રથમ દરજ્જો મૌતની યાદ છે. મૌત એક એવી કડવી હકીકત છે જેનો કોઈ ઈન્કાર નથી કરી શકતું. દુનિયામાં મૌતથી અધિક યકીની હકીકત બીજી શું હોય શકે છે ? પરંતુ ઈન્સાન એનાથી ગાફેલ છે. દુનિયાની એશમય જિંદગી, માન મર્તબા અને માલો દૌલતની લાલચે અસંખ્ય લોકોને ગુમરાહ કરી દીધા છે. કેટલાક લોકો એટલી હદે ગાફેલ હોય છે કે પોતાના ખભા પર મૂકીને કેટલાય લોકોને કબ્રના હવાલે કરી આવે છે છતાંય એમના દિલમાં મૌત અને આખેરતનો સહેજ પણ એહસાસ પેદા નથી થતો ! શું આપણા દિલોમાં આખેરતનો

સહેજ પણ એહસાસ બાકી નથી રહ્યો ?!

એ પહેલાં કે આખેરતમાં નુકસાન ઉઠાવવું પડે આપણે જાગૃત થઈ જઈએ, મૌતને પુષ્કળ યાદ કરીએ, આખેરતનો એહસાસ પેદા કરીએ, એના માટે કબ્રસ્તાન જઈ કબ્ર અને મૈયતની હાલત પર ચિંતન કરીએ, જહન્નમના ભયંકર અઝાબ અને ગુનાહોની સજાઓ વિશે અભ્યાસ કરીએ અને એ વાત હમેશાં ધ્યાનમાં રાખીએ કે જન્નત અને જન્નતની નેઅમતો એ જ લોકો માટે છે જેઓ ગુનાહોથી બચીને અલ્લાહ તબારક વ તઆલાની યાદ અને ફર્માબરદારીમાં જીવન પસાર કરે.

## ★ તૌબા અને ઈસ્તિગફાર ★

તૌબાનો અર્થ પલટવું અને યાદ કરવું છે અને ઈસ્તિગફારનો અર્થ પાછલા ગુનાહોની માફી માગવી. શરીઅતમાં અલ્લાહ તબારક વ તઆલાના ખૌફથી ગુનાહ છોડી દેવા અને ગુનાહો તથા બુરાઈનો એહસાસ કરીને તેના પર શર્મિંદા થવું તથા ત્યાર પછી ગુનાહ ન થાય એ વાતનો પાકો નિશ્ચય કરવાને તૌબા કહેવામાં આવે છે. હકીકતમાં તૌબા એ દિલી એહસાસને કહેવામાં આવે છે જે ગુનાહ કરવા પછી શર્મિંદગી દ્વારા પેદા થાય છે.

સાચી તૌબા માટે અનિવાર્ય છે કે ઈન્સાનથી જે ગુનોહ થઈ ગયો છે એની ભરપાઈની સંપૂર્ણ કોશિશ કરે અને જ્યાં ભરપાઈનો કોઈ રસ્તો ન હોય ત્યાં અલ્લાહ તઆલાની બારગાહમાં તૌબા કરે અને વધુથી વધુ નેકીઓ કરી ગુનાહોના એ ડાઘને ધોતો રહે. પરંતુ જે તૌબા અલ્લાહને રાજી કરવા માટે ન હોય તો એ તૌબા હકીકતમાં તૌબા નથી. કોઈ બીજા કારણે બુરા કાર્યને છોડી દેવું તૌબા કહેવાશે નહીં.

તૌબા વિશે પણ કુર્આનમાં ઘણી જ તાકીદ આવી છે, અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે : **"કહી દો, હે મારા બંદાઓ ! જેમણે પોતાની જાનો પર જુલ્મ કર્યો છે, અને અલ્લાહની રહમતથી નિરાશ ન થશો, અલ્લાહ તો સર્વ ગુનાહોને માફ કરે છે તે ઘણો જ બખ્શનારો મહેરબાન છે."** અને એક જગાએ કુર્આનમાં છે : "અને અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહ તૌબા કબૂલ કરનારો અને રહમ કરનારો છે."

દુનિયામાં ભૂલ તો ઈન્સાનથી થાય છે પરંતુ સારો ઈન્સાન એ છે જે પોતાની ભૂલ પર શર્મિંદો થાય. હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"દરેક ઈન્સાનથી ભૂલ થાય છે અને બેહતરીન ભૂલ કરનાર એ છે જે તૌબા કરી લે."** *(તિર્મિઝી)*

માનવસહજ કમજોરીના કારણે ઈન્સાન ગુના કરે છે અને જ્યારે તેને અલ્લાહ તબારક વ તઆલા યાદ આવે છે તો તે પોતાના પાલનહારની તરફ પાછો ફરે છે. કુર્આનમાં ઈર્શાદ છે : "જેમનો હાલ એ છે કે તેમનાથી જ્યારે કોઈ બુરુ કામ થઈ જાય છે અથવા કોઈ ગુનોહ કરીને પોતાના ઉપર જુલ્મ કરી બેસે છે તો તેમને અલ્લાહ યાદ આવી જાય છે, તેઓ એનાથી પોતાના ગુનાહોની માફી ચાહે છે, અને અલ્લાહના સિવાય કોણ ગુનાહોને માફ કરી શકે છે ?!" *(આલિ ઈમરાન-૧૩૫)*

જે લોકો તૌબા કરે છે તેમને ન કેવળ અલ્લાહ તઆલા માફ કરી દે છે બલ્કે તેમના ગુનાહોને નેકીઓમાં બદલી દે છે ! તૌબા કર્યા બાદ જ્યારે નેક અમલ કરે છે તો તેના ગુનાહોના બદલે પણ નેકીઓ લખી દેવામાં આવે છે પણ એ કે જે શખ્સ તૌબા કરે, ઈમાન લાવીને નેક અમલો કરે તો અલ્લાહ એવા લોકોની બુરાઈઓને નેકીઓમાં ફેરવી આપે છે. *(ફુર્કાન-૧૭૦)*

તૌબા તથા ઈસ્તિગફારથી જેવી રીતે મો'મિનના ગુનાહ માફ થાય છે તેવી જ રીતે એના દરજ્જા પણ બુલંદ થાય છે અને દીની તથા દુનિયવી કામયાબીના રસ્તા ખુલી જાય છે.

તૌબાની એટલી ફઝીલત છે કે ખૂદ સૈયદુલ મા'સૂમીન શફીઉલ મુઝનબીન ﷺ દિવસમાં સો વાર ઈસ્તિગફાર કરતા. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : "અલ્લાહ તઆલાથી પોતાના ગુનાહોની માફી માંગતા રહો અને એની તરફ પાછા ફરી આવો. મને જુઓ ! હું દિવસમાં સો વાર અલ્લાહ તઆલાથી

મગફેરતની દુઆ કરતો રહું છું." *(મુસ્લિમ શરીફ)*

## ★ દુઆ મો'મિનનું હથિયાર ★

દુઆની તાકીદ કુર્આનમાં ઠેક ઠેકાણે જોવા મળે છે. દુઆ મો'મિનનું હથિયાર છે, દુઆ ઈબાદતની રૂહ છે. દુઆનો અર્થ પોકારવું, બોલાવવું અને માંગવું છે. જે રીતે ઈબાદત ખાલિસ (ફક્ત) અલ્લાહ તઆલા માટે હોય છે એ જ રીતે દુઆ પણ ખાલિસ અલ્લાહ તઆલા માટે હોવી જોઈએ. દુઆથી ઈબાદત કરનારને શક્તિ મળે છે.

અલ્લાહ તબારક વ તઆલા દુઆનો હુકમ આ રીતે ફર્માવે છે : "મને પોકારો ! હું તમારા પોકારને સાંભળું છું."

બંદો જ્યારે દુઆ કરે છે તો કદી કદી દુનિયામાં બંદાની દુઆઓ કબૂલ નથી થતી. જે દુઆઓની અસરો દુનિયામાં જાહેર નથી થતી તે આખેરતનો ખજાનો બની જાય છે. અલ્લાહ તબારક વ તઆલાએ બંદાને દુઆ માગવાનો તરીકો બતાવ્યો છે. ફર્માવે છે : "તમારા રબને પુકારો ગદગદ (રડમશ) થઈને અને છુપી રીતે. યકીનન ! તે હદથી ગુજરનારાઓને પસંદ નથી કરતો. જમીનમાં ટંટા ફસાદ ન ફેલાવો જ્યારે કે તેની સુધારણા થઈ ચૂકી છે અને ખુદાને જ પુકારો ડરની સાથે અને લાલચની સાથે. યકીનન ! અલ્લાહની રહમત નેક કિરદારવાળા લોકોથી નજીક છે." *(સૂરએ અઅ્રાફ, આયત : ૫૫, ૫૬)*

શૈતાન આપણો ઉઘાડો દુશ્મન છે. તે દરેક સમયે કોશિશ કરે છે કે કોઈ રીતે ઈન્સાનને ગલત રાહ પર લઈ જાય, બુરાઈ માટે ઉત્તેજીત કરે. તે હક્ક તરફ બોલાવનારા (દાઈઓ)ને ભયભીત કરે છે અને લોભ તથા લાલચની જાળ પાથરીને તેમને હક્ક માર્ગેથી વાળવા ચાહે છે. શૈતાનની પાથરેલી જાળથી તે જ શખ્સ બચી શકે છે જેને અલ્લાહની પનાહ મળી ગઈ હોય એટલા માટે દુઆ શીખવાડવામાં આવી છે. દુઆ કરો કે પરવરદિગાર ! હું શૈતાનના આ આકર્ષણથી તારી પનાહ ચાહુ છું. બલ્કે હે રબ ! હું તો એનાથી પણ તારી પનાહ માગુ છું કે તે મારી પાસે આવે." *(સૂરએ મુઅમિનીન, આયત : ૯૬, ૯૭)*

દરરોજના જીવનમાં મો'મિનથી એવા ગુનાહ પણ થઈ જાય જેનો તેને એહસાસ પણ નથી થતો પરંતુ અલ્લાહ તઆલા એવા ગુનાહોને પણ પકડનારો છે, જેથી આપણે તે ગુનાહોની પણ માફી માગવી જોઈએ જે અજાણતામાં થયા અને દરેક વખતે દુઆઓ થકી અલ્લાહથી મગફેરત માગવી જોઈએ. ઈલ્મ તથા હિદાયતના માટે દુઆ કરવી જોઈએ અને શૈતાનની બુરાઈથી મહેફૂઝ રહેવાની પણ દુઆ કરવી જોઈએ.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, માર્ચ–૨૦૧૨)*

પેજ નં. 33 નું ચાલુ...

સહાબા માટે શબ્દો ખાસ કરવા દુરુસ્ત નથી, બલ્કે સહાબાએ કિરામના ઝિક્ર સમયે પણ કોઈને ખાસ કરવામાં ન આવે જેવી રીતે બીજા સહાબાએ કિરામ માટે "રદિયલ્લાહુ તઆલા અન્હૂ" વપરાય છે એવી જ રીતે મૌલા અલી, હસનૈન કરીમૈન તથા બીબી ફાતિમા માટે પણ વાપરવામાં આવે.

**વાંધો** : હદીષ શરીફમાં છે : હઝરત અબ્દુલ્લાહ બિન અવફા ફર્માવે છે કે હુઝૂર ﷺની પાસે જ્યારે કોઈ કૌમ પોતાનો સદકો લાવતી તો આપ "અલ્લાહુમ્મ સલ્લિ અલા આલિ ફુલાં" ફર્માવતા તો તેમના પિતા પણ આપની ખિદમતમાં સદકો લાવ્યા, તો હુઝૂરે ફર્માવ્યું, "અલ્લાહુમ્મ સલ્લિ અલા આલિ અબી અવફા." *(સહીહ બુખારી)*

**જવાબ** : ફુકહા ફર્માવે છે કે નબીએ કરીમ ﷺએ જેમના પર સલાત (શબ્દ) વાપર્યો છે તે દુઆની જગ્યાએ તથા તેમના પર ખાસ તવજ્જોહ માટે છે ન કે તેના દ્વારા તેમની તા'ઝીમ મુરાદ હતી. *(અશ્શિફા, ભાગ : ૨, પેજ : ૮૭)*

આનો જવાબ ઈમામ બદરુદ્દીન ઐનીએ ઉમ્દતુલ કારી શરહે સહીહ બુખારીમાં આ રીતે આપ્યો છે :– "સલાત હુઝૂર ﷺનો હક્ક છે જેને ચાહે અતા ફર્માવી દે, આપના સિવાય બીજાને આ ઈખ્તેયાર નથી."

*(અમજદિયા ત્રિમાસિક–ઉર્દૂ, જાન્યુથી માર્ચ–૨૦૧૨, ઘોસી)*

# ખૂદકુશી (આપઘાત)

## કરનેવાલે પર સખ્ત અઝાબ !

સંપાદક.........
પીરે તરીકત હઝરત મૌલાના ગુલઝાર અહમદ બાપુ નૂરી રઝવી (સજ્જાદા નશીન ખાનકાહે રઝવિય્યહ, મસ્જિદે રઝા, જુનાગઢ)

અપની ઝિંદગી કો કિસી ન કિસી તરીકેસે ખૂદ હી ખત્મ કર લેના ખૂદકુશી કહલાતા હૈ. ઝિંદગી અલ્લાહ તઆલા કા અઝીમ તોહફા છે. લેહાઝા ઈસ નેઅમતે ઉઝમા સે હર શખ્સ કો ફાઈદા ઉઠાના ચાહીએ ઔર હમાવક્ત અપની ઝિંદગી કો અલ્લાહ કી યાદ ઔર ઈબાદતમેં ગુઝારના ચાહીએ. ખ્વાહ કિત્ની હી તંગી યા તકલીફ ક્યૂં ન હો, ક્યોં કે ઈન્સાન દુન્યામેં એકબાર હી આતા હૈ. ઈન્સાની ઝિંદગી અગરચે ખૂશી ઔર ગમ કા હસીન મુરક્કા હૈ. યા'ની કભી ખૂશી મયસ્સર આતી હૈ ઔર કભી ગમ મિલતા હૈ. વહી માલો દૌલત જો સુખ ઔર ચૈનકા સહારા હૈ કભી ઉસી દૌલતસે દુઃખ ઔર પરેશાની મિલતી હૈ. બલ્કે બસા ઔકાત ઈન્સાન કા માલ ઈન્સાન હી કે લિયે વબાલે જાન બન જાતા હૈ કે જાન બચાના મુશ્કિલ હો જાતા હૈ. ઐસે હી ઔલાદ બળા મીઠા ફલ હૈ ઔર બંદે કે દુઃખ સુખકા સહારા હૈ, મગર વહી ઔલાદ જિસકો બળે નાઝો નેઅમતસે પાલા હોતા હૈ, પરેશાનિયોંમેં બુબ્તિલા કરકે ઝિંદગી કો અજીરન યા'ની દુશ્વાર બના દેતી હૈ. ઈન્સાની રાહત ઔર વકારકા બળા દારોમદાર સેહત પર મબની હૈ, મગર સેહત કે બિગળનેસે ઝિંદગી કે શબો રોઝ બળે તલ્ખ (કડવે) હો જાતે હૈં. બાઝ ઔકાત બીમારી ઈન્સાન કો ઈતના લાગર (કમઝોર) કર દેતી હૈ કે ઈન્સાન ઝિંદગી હી સે તંગ આ જાતા હૈ. મગર અલ્લાહ કે પ્યારે હબીબ ﷺને હમેં યહી રાસ્તા બતાયા હૈ કે **નેઅમત પર અલ્લાહ કા શુક્ર અદા કરો ઔર તકલીફ પર સબ્રસે કામ લો ઔર અલ્લાહસે મદદ માંગો. ઝયાદાસે ઝયાદા અલ્લાહ કી ઈબાદત કરો, દિન રાત ઉસે ખૂબ યાદ કરો, તા કે ઝિક્રસે અલ્લાહ રાઝી હો કર તુમ્હારી તકલીફ દફઅ કર દે.** મગર જો લોગ તકલીફોં કો બરદાશ્ત નહીં કર સકતે ઔર ખૂદ હી અપની જાન કો અપને હાથોં ખત્મ કર દેતે હૈં. વોહ અલ્લાહ ઔર ઉસકે રસૂલ ﷺ કે મુજરિમ હૈં. ક્યોં કે **ઈસ્લામ મેં ખૂદકુશી હરામ ઔર ગુનાહે કબીરા** હૈ. લેહાઝા કિસી મુસલમાન કો અપની જાનસે ખૂદ હાથ નહીં ધોના ચાહીએ. ક્યોં કે અલ્લાહ તઆલાને ખૂદ ઐસા કરનેસે મના ફર્માયા હૈ :–

وَلَا تَقْتُلُوْٓا اَنْفُسَكُمْ ؕ اِنَّ اللّٰهَ كَانَ بِكُمْ رَحِيْمًا

''ઔર અપની જાન કો ખૂદ હલાક ન કરો ! બેશક ! અલ્લાહ તુમ પર મહેરબાન હૈ.'' *(પારા : ૫, સૂરએ અન્નિસા, આયત : ૨૯)*

ઈસ આયતમેં હુકમ દિયા ગયા હૈ કે ખૂદકુશી મત કરો, લેહાઝા મુસલમાન કો અલ્લાહ પર પૂરા પૂરા ભરોસા રખના ચાહીએ ઔર ઝિંદગી કી કિસી તકલીફસે માયૂસ નહીં હોના ચાહીએ, ખ્વાહ હાલત કૈસી હી પેરશાન કુન ક્યોં ન હો. અપની સોચ કે મુતાબિક તકાલિફ ઔર પરેશાનિયોંસે નજાત કે લિએ તદબીર ઈખ્તિયાર કરે ઔર અલ્લાહ પર પૂરા પૂરા યકીન રખતે હુએ બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમેં ઝુકા રહે ઔર આખરી દમ તક ડટ કર મસાઈબ કા મુકાબલા કરે. ક્યોં કે જો લોગ ઝિંદગીસે તંગ આકર ખૂદકુશી કર લેતે હૈં વોહ દર હકીકત બુઝદિલી કા ઈઝહાર કરતે હૈં. અલ્લાહ કે બંદો કા કામ નહીં કે હિંમત હાર જાએ. લેહાઝા ખૌફે ખુદા કે તહત અપને આપકો ઈસ જુર્મસે હમેશા મહફૂઝ રખને કી કોશિશ કરની ચાહીએ.

હુઝૂર ﷺને ખૂદકુશી કી બહુત મુઝમ્મત કી હૈ, ચંદ અહાદીષે મુબારકા ઝૈલમેં દર્જ હૈ. હઝરત અબૂ હાઝિમ رضی اللہ عنہને હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہસે

રિવાયત કી હૈ કે મુસલમાનોં કે બહુત બળે જવાંમર્દોમેં સે એક શખ્સ કિસી ગઝવામેં હુઝૂર ﷺ કે હમરાહ જેહાદ કર રહા થા. હુઝૂર ﷺને ઉસે દેખકર ફર્માયા, જો કિસી જહન્નમી શખ્સ કો દેખના ચાહે તો વોહ ઈસ શખ્સ કો દેખ લે. મુસલમાનોં મેં સે એક શખ્સ ઉસકે પીછે જાને લગા જબ કે વોહ ઈસી તરહ મુશરિકોં કે સાથ જાન તોળકર લળ રહા થા યહાં તક કે વોહ ઝખ્મી હો ગયા તો ઉસને મરનેમેં જલ્દી કી ઔર ઉસને તલ્વાર કી નોક અપને સીને કે દરમ્યાન રખ્ખી યહાં તક કે ઉસ કે કંધોં સે પાર નિકલ ગઈ. પસ વોહ શખ્સ જલ્દીસે હુઝૂર ﷺ કી ખિદમતમેં હાઝિર હુઆ ઔર કહા : મૈં ગવાહી દેતા હૂં કે આપ અલ્લાહ કે સચ્ચે રસૂલ હૈં. ફર્માયા કે ક્યા બાત હૂઈ ? અર્ઝ ગુઝાર હુવા કે આપને ફલાં કે બારેમેં ફર્માયા થા કે જો કિસી જહન્નમી કો દેખના ચાહે તો ઉસે દેખ લે ! ઔર વોહ મુસલમાનોં કી તરહ જાન તોળ કર લળ રહા થા. મૈં સમજતા થા કે વોહ ઈસ હાલતમેં નહીં મરેગા, લેકિન જબ વોહ ઝખ્મી હો ગયા તો મરેનેમેં જલ્દી કી ઔર ખૂદકુશી કર લી. ઉસ વક્ત હુઝૂર ﷺને ફર્માયા કે કોઈ શખ્સ જહન્નમિયોં જૈસે અમલ કરતા રહતા હૈ. લેકિન ! હોતા વોહ જન્નતી હૈ, ઔર કોઈ ઐસા હૈ કે અહલે જન્નત જૈસા અમલ કરતા રહતા હૈ લેકિન હોતા હૈ વોહ જહન્નમી ! ઔર આ'માલ કા દારોમદાર ખાત્મે પર હૈ. *(બુખારી શરીફ)*

હઝરત અબૂહુરૈરહ્ رضی اللہ عنہસે રિવાયત હૈ કે હુઝૂર ﷺને ફર્માયા હૈ કે જિસને અપને આપ કો લોહે કે ઔઝાર કે સાથ ખત્મ કિયા તો ઉસ્કા લોહે કા ઔઝાર ઉસ્કે હાથમેં હોગા ઔર વોહ દોઝખ કી આગમેં હમેશા હમેશા ઉસ્કે સાથ અપને પેટમેં માર રહા હોગા. ઔર જિસને ઝહર પિયા ઔર અપને આપ કો કૃત્લ કિયા તો વોહ ઉસ ઝહર કો દોઝખ કી આગમેં હમેશા હમેશા પીતા રહેગા, ઔર જિસને અપને આપકો પહાળસે ગિરાયા ઔર અપને આપકો કૃત્લ કિયા તો વોહ દોઝખ કી આગમેં હમેશા હમેશા અપને આપ કો પહાળસે ગિરતા રહેગા ઔર અઝાબ બરદાશ્ત કરતા રહેગા. (અલ્લાહ કી પનાહ !)

હઝરત ષાબિત બિન ઝહાક رضی اللہ عنہસે રિવાયત હૈ કે રસૂલુલ્લાહ ﷺને ફર્માયા કે જો શખ્સ અપની ઝાત કો કિસી ચીઝ સે કૃત્લ કર દેગા તો અલ્લાહ તઆલા ઉસકો જહન્નમમેં ઉસી ચીઝ સે અઝાબ દેગા. *(સહીહ મુસ્લિમ શરીફ)*

હઝરત મુહમ્મદ બિન મુન્તશિર رضی اللہ عنہ કા બયાન હૈ કે એક શખ્સને નઝર માની કે અપને આપકો ઝુબ્હ કરેગા અગર અલ્લાહ તઆલા ઉસે દુશ્મનસે બચા દે. ઉસને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماસે પૂછા, ઉન્હોંને ઉસસે ફર્માયા કે હઝરત મસરૂક رضی اللہ عنہસે પૂછો. ઉસને પૂછા તો ફર્માયા, અપની જાન કો ઝુબ્હ ન કરો, ક્યોં કે અગર તુમ મો'મિન હો તો એક મો'મિન કો કત્લ કરોગે ઔર તુમ કાફિર હો તો જહન્નમ કી તરફ જલ્દી કરોગે, બલ્કે એક દુંબા ખરીદ કર ઉસે મસાકિન કે લિયે ઝુબહ કર દો, ક્યોં કે હઝરત ઈસ્હાક علیہ السلام તુમ સે બેહતર થે જિનકા એક દુંબા ફિદીયા દિયા ગયા. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماકો બતાયા ગયા તો ફર્માયા, મૈંને ભી યહી ફતવા દેને કા ઈરાદા કિયા થા. *(હવાલા : રઝીન)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہસે રિવાયત હૈ કે રસૂલુલ્લાહ ﷺને ફર્માયા જિસને અપના ગલા ઘોંટા તો વોહ જહન્નમમેં અપના ગલા ઘોંટેગા, ઔર જો ખૂદ કો નેઝા મારેગા વોહ જહન્નમમેં ખૂદ કો નેઝા મારતા રહેગા.

હઝરત જુન્દુબ બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہસે રિવાયત હૈ કે રસૂલુલ્લાહ ﷺને ફર્માયા, તુમસે પેહલે લોગોંમેં એક શખ્સ કો ઝખ્મ થા તો ગભરા ગયા ઔર છુરી લેકર ઉસકે સાથ અપના હાથ કાટ લિયા, પસ ઈતના ખૂન બહા કે વોહ મર ગયા. અલ્લાહ તઆલાને ફર્માયા કે મેરે બંદેને અપની જાન કે મુતઅલ્લિક મુઝસે જલ્દી કી લેહાઝા મૈંને ઉસ પર જન્નત હરામ કર દી. *(બુખારી શરીફ)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہસે રિવાયત હૈ કે રસૂલુલ્લાહ ﷺને ફર્માયા, જિસને પહાળસે ગિરાકર

અપને આપ કો ખત્મ કિયા તો ઉસને અપને આપકો જહન્નમ કી આગમેં ગિરાયા, વોહ હમેશા હમેશા ઉસમેં રહેગા. જિસને ઝહર ખાકર અપને આપકો કત્લ કિયા તો વોહ ઝહર ઉસકે હાથમેં હોગા, ઔર ઉસે જહન્નમ કી આગમેં ખાતા રહેગા ઔર હમેશા હમેશા ઉસમેં રહેગા. ઔર જિસને કિસી હથિયાર કે સાથ અપને આપકો કત્લ કિયા તો ઉસકા વોહ હથિયાર ઉસકે હાથમેં હોગા જિસે જહન્નમ કી આગમેં અપને પેટ કે અંદર ઘોંપતા રહેગા ઔર ઉસમેં હમેશા રહેગા. *(સહીહ મુસ્લિમ શરીફ)*

હઝરત જાબિર رضی اللہ عنہસે રિવાયત હૈ કે હુઝૂર ﷺને જબ મદીના મુનવ્વરા કી તરફ હિજરત કી તો હઝરત તુફૈલ બિન અમર દોસી رضی اللہ عنہને ભી આપકી તરફ હિજરત કી ઔર ઉનકી કૌમ કે એક ઔર શખ્સને ભી જો બીમાર પળા તો ગભરા ગયા ઔર અપને તીરોં કે પૈકાન લેકર અપને પૌરે કાટ ડાલે ઉંગલીયો કે પૌરે કાટ ડાલે, પસ હાથોંસે ખૂન બહા ઔર વોહ ફૌત હો ગયા. પસ હઝરત તુફૈલ બિન અમરદોસી رضی اللہ عنہને ઉસે ખ્વાબમેં દેખા તો હાલત અચ્છી થી ઔર અપને હાથ છુપાએ હુએ થા. ઉસે કહા કે તુમ્હારે સાથ તુમ્હારે રબને ક્યા કિયા ? કહા કે હુઝૂર ﷺકી તરફ હિજરત કરને કે બાઈષ મુઝે બખ્શ દિયા હૈ. કહા, મૈં દેખતા હૂં કે તુમને અપને હાથ છુપાએ હુએ હૈ ?! કહા મુઝસે કહ દિયા ગયા કે હમ તેરે ઈસ હિસ્સોં કો દુરુસ્ત નહીં કરેંગે જો તુને ખરાબ કર લિયે. હઝરત તુફૈલને ઉસકા રસૂલુલ્લાહ ﷺસે ઝિક્ર કિયા તો રસૂલુલ્લાહ ﷺ દુઆગો હુએ કે, ઐ અલ્લાહ ! ઉસકે હાથોં કો ભી મુઆફ ફર્મા. *(મુસ્લિમ શરીફ)*

**મસ્અલા** : ખૂદકુશી કરનેવાલા મુસલમાન અગરચે ખૂદકુશી કરનેસે કાફિર નહીં હોતા લેકિન સખ્ત ગુનહગાર ઔર જહન્નમ કા સઝાવાર હો જાતા હૈ. વોહ દુન્યામેં જિસ ઔઝાર કે ઝરીયે ખૂદકુશી કરેગા જહન્નમેં ઉસી ઔઝાર કે ઝરીયે અઝાબ દિયા જાએગા. ઔર ખૂદકુશી કરનેવાલા ચૂંકે મુસલમાન રહતા હૈ ઈસ લિએ ઉસ કી નમાઝે જનાઝા પળ્હી જાએગા ઔર ઉસ્કો મુસલમાનોં કે કબ્રસ્તાનમેં દફન કિયા જાએગા. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

## પ્રો. તાહિરુલ કાદરી વિરુદ્ધ એહતેજાઝી પ્રોગ્રામ

**કરજણ** : ખાતે તા. ૨૫–૨–૨૦૧૨ના રોજ મદની ઈસ્લામિક સ્ટડી સેન્ટર એન્ડ સાબરી એજ્યુ. ટ્રસ્ટ સાબરી સ્કૂલના વિશાળ પ્રાંગણમાં કેવળ આસપાસના વિસ્તારના હલદરવા, વડોદરા–ગોરવા, ભરૂચ, આમોદ, ચાંચવેલના ઉલમાને તથા સુન્ની કાર્યકર્તાઓને જ નિમંત્રણ આપીને એક એહતેજાઝી પ્રોગ્રામ રાખવામાં આવ્યો જેમાં કરજણ શહેરની સુન્ની અવામે લગભગ ૧૦૦% હાજરી આપી હતી. ખલીફા શૈખુલ ઈસ્લામ હઝરત મૌલાના સૈયદ નૂરુદ્દીનબાવા સાહબની હાજરીમાં મૌલાના યાસીન દહેગામી (ડભોઈ)એ તિલાવતે કુર્આનથી પ્રોગ્રામની શરૂઆત કરી હતી. જનાબ હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાળાએ કસીદા બુર્દા શરીફ પેશ કર્યો હતો. ત્યારબાદ મૌલાના ઝહીર મિસ્બાહી દહેગામી (આમોદ)એ પ્રો. તાહિર સાહબના સુલહે કુલ્લી હોવાની સાબિતી કુર્આન હદીષની રોશનીમાં પેશ કરી હતી તથા ઈજમાએ ઉમ્મત વિરુદ્ધ તેમના ફત્વા વિશે જણાવી પ્રો. સાહબના સ્પષ્ટ ગુમરાહ હોવાનું પ્રદર્શિત કર્યું હતું ત્યારબાદ પટેલ શબ્બીર અલી રઝવીએ પોતાના ટૂંકા વક્તવ્યમાં તથા મૌલાના યાસીન અશરફી દહેગામી (કરજણ)એ પણ પ્રો. તાહિરની ઝાટકણી કાઢીને તેમની રદમાં મુદલ્લલ બયાન કર્યું હતું. છેવટમાં સ્થળ પર જ કરજણના સુન્ની આગેવાનો મુહમ્મદભાઈ સિંધી, અહમદભાઈ ફુટવાળા, સુમારભાઈ સિંધી, દાદુભાઈ મુલ્તાની, હાફેઝ મેહબૂબ ઝંઘારવી, મુહમ્મદભાઈ ખોખર, રઝ્ઝાક મેમણ, અહમદ પટેલ તથા કરજણના નવયુવાનો તથા સર્વ બહારના હાજરજનો થકી મામલતદાર કરજણને પ્રો. તાહિર વિરુદ્ધ આવેદનપત્ર પણ આપવામાં આવ્યું હતું. છેવટે સલાતો સલામ બાદ મગરિબની નમાઝ, પછી જનાબ મુબીન અશરફ (બોરસદ)ના થકી મેહફિલે નઅતનો શાનદાર પ્રોગ્રામ થયો હતો. છેવટમાં સૌને ન્યાઝ જમાડવામાં આવી હતી. તેમજ શયખે આ'ઝમ હઝરત સૈયદ ઈઝહાર અશરફ કછોછવી رحمۃ اللہ علیہની બારગાહમાં ફાતેહાખ્વાની કરીને ખિરાજે અકીદત પેશ કરવામાં આવી હતી. *(રિપોર્ટ ટૂંકાવીને –તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

# પ્રો. તાહિરુલ ક઼ાદરીને
# ઉલમાએ અહલે સુન્નતના નવ સવાલો

કાર્યાલય

જનાબ ડો. તાહિરુલ ક઼ાદરી સાહબ ! અસ્સલામુ અલા મનિત્તબઈલ હુદા. આપની વિવિધ કિતાબો તથા ખુત્બાઓ તથા બયાનો જોયાં તથા સાંભળવામાં આવ્યાં, જેમાં ઘણી બધી વાતો અહલે સુન્નત વ જમાઅતના અક઼ીદાઓ તથા કુર્આન હદીષના આદેશોથી સ્પષ્ટ વિરુદ્ધ છે. કેમ કે તમો તમારી તક઼રીરમાં અહલે સુન્નત વ જમાઅત તથા મસ્લકે આ'લા હઝરતનું નામ લો છો અને તમારાં બયાનો વડે તમારું સુન્ની હોવું જાહેર કરો છો, બલ્કે ''શફાઅત''ના અક઼ીદા તથા ''ઈલ્મે ગયબ'' વગેરે પર પૂરી કિતાબ લખી ચૂક્યા છો.

અહલે સુન્નતના ઉલમા તમારાં ડબલ બાજુનાં લખાણો તથા બયાનોથી સખત બેચેનીમાં છે એના લીધે આપના પાયાના અક઼ીદા તથા દીની હાલતને જાણવા ચાહે છે, જેથી આપની પાસે અમુક સવાલોના જવાબો માગે છે. ઉમ્મીદ છે કે આપ એના જવાબો આપીને તમારા અક઼ીદાની સ્થિતિનો સ્પષ્ટ ખુલાસો કરશો અને મતભેદ તથા વિખવાદનું વાતાવરણ ખત્મ કરવામાં સહાયરૂપ બનશો. *–ઉલમાએ અહલે સુન્નત*

૧. આજે દુનિયાભરમાં મુસ્લિમ નામધારી જેટલા ફિર્ક઼ા જોવા મળે છે તો તમારી દષ્ટિમાં એમની વચ્ચે અક઼ીદાનો મતભેદ છે કે કેવળ ઉપર છલ્લો મતભેદ છે ?

૨. અહલે સુન્નત વ જમાઅતના સિવાય જે ફિર્ક઼ાઓ મુસ્લિમ નામે મૌજૂદ છે તેઓમાં ક઼ાદયાની, વહાબી, દેવબંદી તથા રાફઝી (શીઆ)ના બારામાં ઉલમાએ અહલે સુન્નતનો જે મૌક઼ફ (માન્યતા) છે એટલે તેમને કાફિર જાણવું, તો તમારી દષ્ટિએ આ મૌક઼ફ હક઼્ક઼ તથા દુરુસ્ત છે કે નહીં ?

૩. તમારા નામથી પ્રસિદ્ધ થયેલી કિતાબ ''ફિર્ક઼ા પરસ્તી કા ખાત્મા ક્યૂં કર મુમ્કિન હૈ ?'' શું એ આપની જ લખેલી છે ? અને તેમાં વર્ણવેલ સર્વ વાતો ખાસ કરીને નીચે વર્ણવેલ લખાણથી શું તમે સહમત છો કે : –

> *બિહમ્દિલ્લાહ ! મુસલમાનોના સર્વ મસ્લકો તથા મકાતિબે ફિક્ર (વિચારશ્રેણીના કેન્દ્રો)માં અક઼ીદાઓના બારામાં કોઈ પાયાનો મતભેદ મૌજૂદ નથી, અલ્બત્ત ફુરૂઈ (સામાન્ય) મતભેદો કે જુઝઈય્યાત તથા તફસીલાત (પાયાના અક઼ીદા સિવાયની બાબતો)ની હદ સુધી છે જેની સ્થિતિ સમજવામાં ફેરફારની જેમ છે, એટલા માટે તબ્લીગી બાબતોમાં પાયાના અક઼ીદાના વર્તુળને છોડીને કેવળ ઉપર છલ્લી બિન પાયાની વાતોમાં ઉલઝીને તેના આધારે બીજા મસ્લકને ટીકાટીપ્પણનું નિશાન બનાવવું કોઈ રીતનુ શાણપણ તથા ન્યાયયુક્ત નથી. (ફિર્ક઼ા પરસ્તી કા ખાત્મા ક્યૂં કર મુમ્કિન હૈ ? પેજ : ૬૫)*

૪. જે ઉલમાએ હક઼્ક઼ે દેવબંદી, વહાબી, રાફઝી વગેરે બાતિલ ફિર્ક઼ાઓની તકફીર કરી (કાફિર ઠરાવ્યા) છે એમના વિશે તમારી શું માન્યતા છે ?

૫. શું આપની માન્યતા એ છે કે વહાબી તથા શીઆની પાછળ પણ અહલે સુન્નતની નમાઝ થઈ જાય છે ? જેમ કે રિસાલા ''દીદો શુનીદ''માં આપનો આદેશ છે કે, ''હું શીઆ તથા વહાબી આલિમો પાછળ નમાઝ પઢવાનુ કેવળ પસંદ જ નથી કરતો, જ્યારે પણ મોકો મળે તેમની પાછળ નમાઝ પઢું છું.'' *(રિસાલા દીદો શુનીદ, પેજ : ૪ થી ૯, ૧૧ એપ્રિલ –૧૯૮૬)*

૬. સૈયદુલ અંબિયા ખાતમુન્નબીય્યિન સૈયદના વ મૌલાના મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺની નબુવ્વતને નકારનાર (મુન્કિર) કાફિર છે કે ઈમાનવાળો છે ?

૭. કુર્આને કરીમમાં રિસાલતકાળના યહૂદી તથા ઈસાઈઓને મુહમ્મદ ﷺની નબુવ્વતના ઈન્કારના કારણે કાફિર કહેવામાં આવ્યા. જેમ કે ઈર્શાદે રબ્બાની છે :–

اِنَّ الَّذِيۡنَ كَفَرُوۡا مِنۡ اَهۡلِ الۡكِتٰبِ وَالۡمُشۡرِكِيۡنَ فِىۡ نَارِ جَهَنَّمَ خٰلِدِيۡنَ فِيۡهَا‌ ؕ اُولٰٓـئِكَ هُمۡ شَرُّ الۡبَرِيَّةِ

"બેશક ! જેટલા કાફિર છે કિતાબી તથા મુશ્રિક સૌ જહન્નમની આગમાં છે, હમેશાં એમાં રહેશે. એ જ તમામ મખ્લૂકમાં બદ્તર છે." *(સૂરએ બય્યિનહ્, આયત : ૬)* તથા

لَمۡ يَكُنِ الَّذِيۡنَ كَفَرُوۡا مِنۡ اَهۡلِ الۡكِتٰبِ وَالۡمُشۡرِكِيۡنَ مُنۡفَكِّيۡنَ حَتّٰى تَاۡتِيَهُمُ الۡبَيِّنَةُ

"કિતાબી કાફિર તથા મુશ્રિક પોતાનો દીન છોડવાના ન હતા જ્યાં સુધી એમની પાસે રોશન દલીલ ન આવે..." *(સૂરએ બય્યિનહ્, આયત : ૧)*

હવે જે શખ્સ આ યહૂદીઓ તથા ઈસાઈઓને ઈમાનવાળા કહે અને તેમને કાફિરોમાં ન ગણે તે કુર્આનનો મુન્કિર (નકારનાર) છે કે નહીં ?

૮. આપે આપની એક તક્રીરમાં અહલે કિતાબ યહૂદી તથા ઈસાઈઓને ઈમાનવાળા (Belivers) કહ્યા અને આગળ વધીને એવું પણ કહ્યું કે, "યહૂદી તથા ઈસાઈ કાફિરોમાં સામેલ નથી." તો આપનું આ કથન કુર્આને કરીમની રદ અને તેનો ઈન્કાર તથા તેને જૂઠાડવું છે કે નહીં ?

૯. કુર્આન તથા હદીષ અને ઈમામોના આદેશોમાં ક્યા સ્થળે રિસાલતકાળથી લઈને આજ સુધી યહૂદી તથા ઈસાઈને ઈમાનવાળાઓમાં ગણવામાં આવ્યા છે ? અને એવું કઈ જગાએ લખ્યું છે કે યહૂદી તથા નસારા (ઈસાઈ) કાફિર નથી ?

જનાબ ડો. સાહબ ! આ સવાલો કેવળ જાહેર ખુલાસા માટે આપની પાસે મોકલવામાં આવી રહ્યા છે તો પ્રથમ ફુરસદમાં જવાબો આપીને શંકાકુશંકા તથા મતભેદ તથા વિખવાદના અંધકારને દૂર કરે.

*–ફક્ત, ઉલમાએ અહલે સુન્નત વ જમાઅત હિંદુસ્તાન*

મુહદ્દિષે કબીર **અલ્લામા ઝિયાઉલ મુસ્તફા ક઼ાદરી** مدظلہ العالی, ના હુકમથી **મુફ્તી મુહમ્મદ હુસૈન અખ્તર ક઼ાદરી**, (ક઼ાઝીએ શરીઅત ઝિલા સંતકબીર નગર, યુ.પી.)એ સવાલો સંપાદિત કર્યા. તા. ૪ રબીઉલ આખર, હિ.સ. ૧૪૩૩, ૨૭ ફેબ્રુઆરી, ઈ.સ. ૨૦૧૨, વાર : સોમવાર

**નોંધ : ડો. તાહિરુલ ક઼ાદરીએ હૈદ્રાબાદના દૌરામાં આ સર્વ સવાલોના જવાબો આપવાથી સાફ ઈન્કાર કરી આપ્યો.**

**રજૂકર્તા : ઓલ ઈન્ડિયા જમાઅતે રઝાએ મુસ્તફા, ઓલ ઈન્ડિયા સુન્ની તબ્લીગી જમાઅત, દારુલ ઉલૂમ નૂરીયા બરકાતિયા, ઓલ ઈન્ડિયા સુન્ની જમીઅતુલ ઉલમા, બઝ્મે મોહિબ્બાને રઝા, ગુલામાને રઝા કમિટી, રઝા એકેડમી**

**નોંધ** : હૈદ્રાબાદ ખાતે તા. ૫–૩–૨૦૧૨ના રોજ સુન્ની ઉલમાના એક વફદે પ્રો. તાહિર સાહબની હોટલ પાર્ક પર મુલાકાત કરી એમના વિશે જે શંકા તથા વિવાદો છે તેના જવાબો આપવા વિનંતિ કરી તો ગમે તેમ કરીને જવાબો આપવા તૈયાર ન થયા. તો ઉપરોક્ત નવ સવાલો તેમની સેવામાં રજૂ કરતાં જવાબમાં ગુસ્સામાં આવી ગયા હતા ! તે ઉપરાંત ઉલમાએ અહલે સુન્નત તરફથી મુંબઈમાં પણ તેમને મુનાઝરાની ઓપન ચેલેંજ સંપૂર્ણ પોલીસ બંદોબસ્તની સાથે મુનાઝરો કરવા કરવામાં આવી છે છતાં પ્રો. સાહબ તૈયાર થયા નથી.

# પ્રો. તાહિરુલ ક઼ાદરી વિશે
# ઉલમાએ અહલે સુન્નતના ફત્વા

કાર્યાલય

## દારુલ ઉલૂમ અલીમિયહ્-જમદાશાહીનો ફત્વો

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

ડો. તાહિરુલ ક઼ાદરીનાં વિવિધ લખાણો તથા બયાનોને ખૂદ ફક઼ીરે (મુફતી સાહબે) પઢયાં અને સાંભળ્યાં. ખાસ કરીને તેમની કિતાબ "ફિર્ક઼ા પરસ્તી કા ખાત્મા ક્યૂં કર મુમ્કિન હૈ ?"ને શરૂથી અંત સુધી વાંચી. એમના લેખન તથા બયાનનો સાર એ છે કે આજે દુનિયામાં મુસ્લિમ નામી જેટલા મસ્લક તથા ફિર્ક઼ા જોવા મળે છે, ચાહે તે વહાબી, દેવબંદી તથા રાફઝીના રૂપમાં હોય કે ખારજી, નેચરી તથા ક઼ાદયાનીના રૂપમાં હોય સૌ તમામે તમામ પાયાના અક઼ીદાઓમાં એક છે. એ તમામ ફિર્ક઼ાઓમાં અને અહલે સુન્નત વ જમાઅતમાં અક઼ીદાઓના એતબારથી કોઈ ફરક નથી, અને જે મતભેદો છે તે પણ કેવળ ઉપર ઉપરના અને શાખાકિય બાબતોમાં છે, જેથી અક઼ીદાઓને નિશાન બનાવીને કોઈ ફિર્ક઼ાને ગુમરાહ કે કાફિર કહેવાનું તો દૂર રહ્યું તેની ટીકાટીપ્પણ પણ દુરુસ્ત નથી. જેમ કે આં જનાબ લખે છે :–

*બિહમ્દિલ્લાહ ! મુસલમાનોના સર્વ મસ્લકો તથા મકાતિબે ફિક્ર (વિચારશ્રેણીના કેન્દ્રો)માં અક઼ીદાઓના બારામાં કોઈ પાયાનો મતભેદ મૌજૂદ નથી, અલ્બત્ત ફુરૂઈ (સામાન્ય) મતભેદો કે જુઝઈય્યાત તથા તફસીલાત (પાયાના અક઼ીદા સિવાયની બાબતો)ની હદ સુધી છે જેની સ્થિતિ સમજવામાં ફેરફારની જેમ છે, એટલા માટે તબ્લીગી બાબતોમાં પાયાના અક઼ીદાના વર્તુળને છોડીને કેવળ ઉપર છલ્લી બિન પાયાની વાતોમાં ઉલઝીને તેના આધારે બીજા મસ્લકને ટીકાટીપ્પણનું નિશાન બનાવવું કોઈ રીતનુ શાણપણ તથા ન્યાયયુક્ત નથી. (ફિર્ક઼ા પરસ્તી કા ખાત્મા ક્યૂં કર મુમ્કિન હૈ ? પેજ : ૬૫)*

બલ્કે એનાથીય આગળ વધીને ડોકટર સાહબ કહે છે કે યહૂદી તથા નસારા ઈમાનવાળા છે, એમને કાફિરોમાં ગણવા ગલત છે, જેમ કે આં જનાબની CD વગેરેમાં મૌજૂદ છે. જેમ કે ફક઼ીરે ખૂદ સાંભળ્યું છે.

ડો. તાહિરની ઉપરોક્ત માન્યતા કુર્આન હદીષ તથા દીનના ઈમામોના આદેશોની તદ્દન વિરુદ્ધ છે કેમ કે વહાબીઓ દેવબંદીઓના કુફ્ર તથા ઈર્તેદાદ (દીનથી ફરી જવા) પર હરમૈનના ઉલમા ઉપરાંત હિંદ તથા સિંધના સેંકડો ઉલમા સહમત છે. ત્યાં સુધી કે દેવબંદીઓના કુફ્રી અક઼ીદાઓથી માહિતગાર થયા બાદ તેમના કુફ્રમાં શક કરવાવાળાને પણ કાફિર ઠરાવેલ છે. એ જ પ્રમાણે ક઼ાદયાનીઓ તથા રાફઝીઓનો હાલ છે. જેમ કે ક઼ાદયાનીઓના કાફિર હોવા પર આખુ ઈસ્લામી જગત એકમત છે અને રાફઝીઓના વિશે ફતાવા આલમગીરીમાં છે : "આ લોકો ઈસ્લામી મિલ્લતમાંથી બહાર છે અને એમના હુકમો મુર્તદોના હુકમો છે." *(ફતાવા આલમગીર, ૨/૨૬૪)*

અને ફતાવા રઝવિય્યહ્માં છે : "અને તેમનું કાફિર મુર્તદ હોવું આમ વિશ્વસનીય કિતાબો, ખુલાસા, ફત્હુલ ક઼દીર, ઝહરિય્યહ્, આલમગીરી, રદ્દુલ મુહતાર, ઉકુદુદુર્રિયહ્, બહરુર્રાઈક, નહરુલફાઈક઼, તબ્યીનુલ હક઼ાઈક઼, બદાએઅ, બઝ્ઝાઝિયહ, બરજંદી, અન્કુરુય્યહ્, વાક઼ેયાતુલ મુફતીન, તથા અશબાહ, મજમઉલ અન્હર, તહતાવી અલ દુર, ગુન્યહ, નઝમુલ ફરાઈદ, બુર્હાન શરહે મવાહિબુર્રહમાન, તયસીરુલ

મક઼ાસિદ, શરહે વહબાનિયહ્ તથા મુગ્નિયુલ મુસ્તફતી, તન્વીરુલ અબ્સાર તથા મન્હુલ ગફ્ફાર તથા ઉસૂલે ઈમામ શમ્સુલ અઈમ્મા વ કશ્ફુલ બજદવી, શિફા શરીફ, રૌઝા, ઈમામ નવવી વ અઅલામ ઈમામ ઈબ્ને હજર વ કિતાબુલ અન્વાર, શર્હે અક઼ાઈદ, મન્હુર્રોઝ, ફવાતિહુર્રહમૂત, ઈર્શાદુસ્સારી વ ફતાવા અલ્લામા મુફતી અબૂ સઊદ વ અલ્લામા નૂહ આફંદી વ શયખુલ ઈસ્લામ અબ્દુલ્લાહ આફંદી વ અહમદ મિસ્રી અલલ મરાક઼િયુલ ફલાહ, શલ્બી અલ્ ઝઝ્યનઈ વગેરેથી સાબિત તથા રોશન છે.......... *(ફતાવા રઝવિય્યહ્, મુતર્જિમ, ૧૪/૨૪૬)*

જ્યારે **ડો. તાહિરુલ ક઼ાદરી એ સર્વ ફિર્ક઼ાઓને તથા અહલે સુન્નત વ જમાઅતને એક માને છે. એનો સ્પષ્ટ મતલબ છે કે આં જનાબની દષ્ટિએ ઈમાન તથા કુફ્ર, હક્ક઼ તથા બાતિલ, સુન્ની તથા ગૈર સુન્ની સૌ સરખા છે.** (અલ્અયાઝુ બિલ્લાહિ તઆલા)

એ જ પ્રમાણે એમની એ માન્યતા કે, ''યહૂદી તથા ઈસાઈ ઈમાનવાળા (Belivers) છે, તેમને કાફિરોમાં નથી ગણી શકાતા.'' એ ખુલ્લમ ખુલ્લા કુર્આનને જૂઠાડવું અને એનો ઈન્કાર છે.

અલ્લાહ તઆલાનો આદેશ છે :–

اِنَّ الَّذِیۡنَ كَفَرُوۡا مِنۡ اَهۡلِ الۡكِتٰبِ وَالۡمُشۡرِكِيۡنَ
فِىۡ نَارِ جَهَنَّمَ خٰلِدِيۡنَ فِيۡهَا ؕ اُولٰٓئِكَ هُمۡ شَرُّ الۡبَرِيَّةِ

''બેશક ! જેટલા કાફિર છે કિતાબી તથા મુશ્રિક સૌ જહન્નમની આગમાં છે, હમેશાં એમાં રહેશે. એ જ તમામ મખ્લૂક઼માં બદ્તર છે.'' *(સૂરએ બય્યિનહ્, આયત : ૬)*

અને ઈર્શાદ ફર્માવ્યો :–

هُوَ الَّذِىۡۤ اَخۡرَجَ الَّذِيۡنَ كَفَرُوۡا مِنۡ اَهۡلِ الۡكِتٰبِ
مِنۡ دِيَارِهِمۡ لِاَوَّلِ الۡحَشۡرِ

''તે જ છે જેણે એ કાફિર કિતાબીઓને તેમના ઘરોએથી કાઢયા તેમના પ્રથમ હશ્ર (અંજામ)ના માટે.'' *(સૂરએ હશ્ર, આયત : ૨)*

અને ઈર્શાદ ફર્માવ્યો :–

لَمۡ يَكُنِ الَّذِيۡنَ كَفَرُوۡا مِنۡ اَهۡلِ الۡكِتٰبِ
وَالۡمُشۡرِكِيۡنَ مُنۡفَكِّيۡنَ حَتّٰى تَاۡتِيَهُمُ الۡبَيِّنَةُ

''કિતાબી કાફિર તથા મુશ્રિક પોતાનો દીન છોડવાના ન હતા જ્યાં સુધી એમની પાસે રોશન દલીલ ન આવે......'' *(સૂરએ બય્યિનહ્, આયત : ૧)*

આ પવિત્ર આયતો સિવાય અન્ય પણ વિવિધ આયતોમાં જેમાં સ્પષ્ટપણે કિતાબીઓને કાફિર કહેવામાં આવ્યા છે. જેથી **ડો. તાહિરુલ ક઼ાદરીએ કિતાબવાળાઓને કાફિર ન માનીને કુર્આને કરીમનો સ્પષ્ટ ઈન્કાર કર્યો એ એમનુ ઉઘાડુ કુફ્ર છે.**

સારાંશ કે પોતાના વાણી તથા વર્તનના આધારે ઈસ્લામથી ખારિજ તથા કાફિર તથા બેદીન છે. તેમની તક઼રીર તથા લખાણને પઢવુ તથા સાંભળવું નાજાઈઝ છે. આ ડોકટરના વિશે પાકિસ્તાનના ઉલમા ખાસ કરીને હઝરત અલ્લામા ક઼ારી મહબૂબ રઝા ક઼ાદરી સાહબ માજી મુફતી દારુલ ઉલૂમ અમજદિયા–કરાંચીએ ઘણા જ પહેલાં ફર્માવ્યું છે કે એ ગુમરાહ તથા ગુમરાહ કરનાર છે અને જાહેરી રીતે કુફ્ર તથા ઈર્તેદાદના હુકમથી પણ કોઈ રીતે બચી શકે તેમ નથી જણાતુ. હઝરત અલ્લામાએ ડો. તાહિરુલ ક઼ાદરીના બારામાં જે કાંઈ ફર્માવ્યું છે તે વિના શંકાએ હક્ક઼ તથા સત્ય અને શરીઅતના હુકમાનુસાર છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

લખનાર : **(મુફતી) મુહમ્મદ અખ્તરહુસૈન ક઼ાદરી** *(ખાદિમે ઈફતા વ દર્સ દારુલ ઉલૂમ અલીમિયહ, જમદાશાહી, બસ્તી) ૩૦ રબીઉલ અવ્વલ શરીફ, હિ.સ. ૧૪૩૩)*

★ (મુફતી) મુહમ્મદ ક઼મર આલમ ક઼ાદરી

★ (મુફતી) કમાલ અહમદ

તાહિરુલ ક઼ાદરી તરફ સંબંધિત લખાણ જો ખરેખર એમનું છે તો આ ફત્વો દુરુસ્ત અને અતિશય જરૂરી કામ છે.

★ (મુફતી) મુહમ્મદ સૈયદ નૂરાની
*(દારુલ ઉલૂમ મદીનતુલ અરબિય્યહ્, દોસ્તપૂર)*
*(૩૦ રબીઉલ અવ્વલ શરીફ, હિ.સ. ૧૪૩૩)*

## બરકાતે ખ્વાજાની ટપાલ...→→→ કાર્યાલય

### ★ શયખે આ'ઝમની બારગાહમાં ખિરાજે અક઼ીદત ★

**દયાદરા** : મુખ્તારુલ મસાજિદ ઉર્ફ નૂરાની મસ્જિદ ખાતે ૨૪–૨–૨૦૧૨ જુમ્આની નમાઝ બાદ સરકારે કલાંના સાહબઝાદા શયખે આ'ઝમ હઝરત સૈયદ ઈઝહાર અશરફ સાહબ કછોછવી رحمۃ اللہ علیہના ઈસાલે સવાબ અર્થે યાસીન શરીફનો ખત્મ રાખી મર્હૂમના દરજાતની બુલંદી માટે દુઆ કરવામાં આવી હતી. રબ્બે કરીમ આપની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લાથી આ'લા મક઼ામ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ધોરાજી** : સુન્ની દા'વતે ઈસ્લામી (શાખા ધોરાજી)ના હફતાવારી સુન્ની ઈજતેમામાં તા. ૨૫–૨–૨૦૧૨ શનિવારે રાત્રે ઈશાની નમાઝ બાદ નાગાણી શાહ તકીયા મસ્જિદમાં હઝરત શૈખે આ'ઝમ સૈયદ ઈઝહાર અશરફ સાહબ અશ્રફીયુલ જીલાની رحمۃ اللہ علیہને ઈસાલે સવાબ કરવામાં આવ્યો હતો. જેમાં સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગોએ હઝરતની ઝાતના વિવિધ પાસાં રજૂ કરી ખિરાજે અક઼ીદત પેશ કર્યો હતો. *–(મૌ. મુનવ્વર રઝા)*

### ★ શાદી મુબારક ★

**જંબુસર** : જનાબ શૈખ ઝાકિર હુસૈન અલ્લારખાના નાનાભાઈ જાવેદની શાદી મર્હૂમ ગુલામભાઈ હસ્સુભાઈ શેખની નેક દુખ્તર ફરહીન સાથે તા. ૨૫–૨–૨૦૧૨ શનિવારે રાખવામાં આવી. મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**પોરબંદર** : જનાબ હાજી સિકંદર અબૂબકર ગીનાની નૂરી–પોરબંદરના નેક ફરઝંદ અબ્દુલ સમદના નિકાહ જનાબ હાજી મુહમ્મદ યૂનુસ હાજી મુહમ્મદ બુધાની–હૈદ્રાબાદની નેક દુખ્તર હજીયાની સાદિયાબાનુ સાથે તા. ૨૨–૩–૨૦૧૨ના રાજ હૈદ્રાબાદ ખાતે રાખવામાં આવ્યા. મુબારકબાદ !
*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ મછાસરામાં જશ્ને ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ ★

**મછાસરા** : (તા. આમોદ) ખાતે તા. ૭–૩–૨૦૧૨ના રોજ ખૂબ જ શાનો શૌકત સાથે જશ્ને ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ હઝરત સૈયૂદ મક઼બુલ હુસૈનબાવા–મછાસરાની સદારતમાં તથા હઝરત મૌલાના મુબારક સાહબ અશરફીની નિઝામત હેઠળ દારુલ ઉલૂમ બુખારીયા–ચાંચવેલ, દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ.... વગેરેના ઉલમા તથા અન્ય હુફ્ફાઝ, ઈમામોની હાજરીમાં મનાવાયો જેમાં બુલબુલે જંબુસર જનાબ ક઼ારી મક઼સૂદ સાહબ કાવીવાળાએ નઅતો મન્ક઼બતો પેશ કરી મજમાને ગરમાવી આપ્યો હતો. છેવટમાં ખતીબે ઝીશાન આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીન અલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી, માલેગાંવ)એ ગૌષે પાક رحمۃ اللہ علیہની શાને બેમિષાલી બયાન કરી. ત્યારબાદ ગૌષ પાક رحمۃ اللہ علیہનો સાચો ચાહક કોણ ? તે સંબંધે અમલી રીતે અક઼ીદાની રૂએ સમજ પાડી નેક અમલ કરવા તથા બદ્અક઼ીદાઓથી દીકરા–દીકરી વહેવાર, દોસ્તી ખત્મ કરવા તથા તેમનુ ઝબીહા ન ખાવા સમજાવ્યા તેમજ સુલહે કુલ્લી મોલ્વી પ્રો. તાહિરુલ ક઼ાદરીની કુર્આન હદીષ તથા ફર્માને ગૌષથી રદ પણ કરી હતી.

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**ટંકારીઆ** : મુક઼ામે જનાબ હબીબ ઈબ્રાહીમ ચામડના વાલિદા મોહતરમા આયશાબેન તા. ૨૭–૨–૨૦૧૨ના રોજ ઈન્તેકાલ કરી ગયાં. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમાની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, ઘરવાળાંને સગાંને સબ્રે જમીલ આપે.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## દીની તા'લીમ તર્બિયત સંબંધે : એક ખુસૂસી મીટિંગ

તા. ૧–૩–૨૦૧૨ના રોજ **"ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"**ની ઓફીસે દયાદરા મુકામે હઝરત મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવીની સદારતમાં હઝરત મૌલાના યૂનુસ મિસ્બાહી (પ્રેસ્ટન, યુ.કે.)ના નિર્દેશ હેઠળ ભરૂચ જિલ્લાના મિસ્બાહી ઉલમાની મીટિંગ યોજાયી જેમાં ભરૂચ જિલ્લાના ગામોમાં મસ્જિદોમાં જઈ વીકમાં એકવાર મુકતદીઓને અકીદા તથા તહારત, નમાઝ.... વગેરે મસાઈલ શીખવાડવા એ નક્કી થયું. ૧૮ મિસ્બાહી આલિમોએ હાજરી આપી હતી. ત્યારબાદ તા. ૧૫–૩–૨૦૧૨ની ફરી મિટિંગ થઈ તેમાં ગામોની વહેંચણી થઈ જ્યાં તેઓ તર્બિયત માટે જશે. દુઆ કરો કે રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં આ પ્રયાસોને સફળતા બખ્શે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## તામીરે મસ્જિદ માટે મદદની અપીલ

અમો મસ્લકે આ'લા હઝરત ચેરીટી ટ્રસ્ટ, રજીસ્ટ્રેશન નં. ૦૩૩, વલસાડ દ્વારા સુધાનગર પોલીસ હેડક્વાર્ટર રોડ, અબ્રામા, વલસાડ (ઈસ્ટ)માં "સુન્ની મસ્જિદ" ચલાવીએ છે. જે હાલ વકફ જમીન પર કાચુ બાંધકામ તથા ઉપર પતરાવાળી છે. (વલસાડ ખાતે ફક્ત એક જ સુન્ની મસ્જિદ) જે શહીદ કરી નવી આર.સી.સી. બાંધકામવાળી પાકી મસ્જિદ બનાવવા માંગીએ છીએ. મદદ મોકલવા માટેનું સરનામ :–

(સેક્રેટરી) જનાબ મહબૂબ જી. શેખ, ૨૨, દર્પણ કો.ઓપો. હાઉસિંગ સોસાયટી, પોલીસ હેડક્વાર્ટર સામે, અબ્રામા, વલસાડ (ઈસ્ટ) પીન. ૩૯૬ ૦૦૧

ચેક ડ્રાફ્ટ **"મસ્લકે આ'લા હઝરત ચેરીટી ટ્રસ્ટ"**ના નામે મોકલવો કોઈપણ મદદ કરનારે સીધી રકમ જમા કરાવવી હોય તો તે અમારા નીચે મુજબના બેંક ખાતામાં પણ જમા કરાવી શકે.

**A/c. No. : 32074826750 (Valsad-SBI)**

**નમ્ર અપીલ :** જંબુસરથી ખારાકૂવા મસ્જિદના પેશ ઈમામ મૌલાના ઈમ્તયાઝની યાદી જણાવે છે કે, ખારાકૂવાની મસ્જિદના તામીરી કામ માટે અંદાજિત ખર્ચ **રૂા. એક કરોડ દસ લાખ** થાય તેમ છે. જેની સંગે બુનિયાદ તા. ૯/૨/૨૦૧૨ને જુમેરાતે ઈશાની નમાઝ બાદ હઝરત ગાઝીએ મિલ્લત અલ્લામા સૈયદ હાશમીબાવાના મુબારક હાથોથી કરવામાં આવી. તો આપ સખીદાતાઓને નમ્ર અપીલ છે કે અલ્લાહના ઘરમાં ઈંટો, રેતી, કપચી, સળીયા, સિમેન્ટ તથા જરૂરી સામાન આપી અપાવી જન્નતમાં ઘર બનાવશો.

**:: મદદ મોકલવાનું સરનામુ ::**

ખારાકૂવા મસ્જિદ ટ્રસ્ટ, રજી. નં. બી–૧૯૦ ખારાકૂવા મસ્જિદ, મિર્ઝાવાડી, જંબુસર, જિ. ભરૂચ (ગુજરાત) મૌલાના ઈમ્તિયાઝ (મો. 9737216796), મહબૂબભાઈ (મો. 9898666349),ઐયૂબ બેગ (મો. 9723776953)

**રાજકોટ :** (આજીડેમ ચોકડી) દારુલ ઉલૂમ રઝવિયા બરકાતિયા આસ્તાને તુર્કીયામાં વલીએ કામિલ હઝરત ઈબ્રાહીમબાવા (તુર્કી બાપુ : ખલીફા હુઝૂર તાજુલ ઉલમા મુહમ્મદમિયાં બરકાતી رحمۃ اللہ علیہ વ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ)નો ઉર્સ મુબારક ૭–૪–૨૦૧૨ના મનાવાશે જેમાં હઝરત ગ્યાસુદ્દીનબાવા કાદરી કાલ્પી શરીફ, હઝરત સૈયદ સલીમબાપુ બેડીવાળા, હઝરત મુફ્તી હાફિઝ અશરફ–રતનપુર.....વગેરે ઉલમા સાદાત હાજરી આપી નૂરાની બયાન ફર્માવશે. *–મુહમ્મદ શાહબુદ્દીન અશરફી–રાજકોટ (મો. 9925663594)*

# નરસંડામાં જશ્ને આમદે રસૂલ ﷺની શાનદાર ઉજવણી

તા. ૧૭–૨–૨૦૧૨ હિ.સ. ૧૪૩૩ રબીઉલ અવ્વલ ચાંદ ૨૪ના રોજ બાદ નમાઝે ઈશા જશ્ને આમદે રસૂલ ﷺ મનાવવામાં આવેલ.

જેમાં સરપરસ્તી અહમદઆબાદ જમાલપુર, કાચની મસ્જિદ નજીક રહેતા પીરે તરીક્ત અલ્હાજ અબ્દુર્રહમાન બાવાસાહબ ઉસ્તાદબાવા અમલીવાલા પીર સાહબે કરેલ. તેમજ સદારત હઝરત હાજી અબ્દુલકાદરબાવા (અમલીવાલા) સાહબે કરેલ. તથા ઝેરે ઈનાયત અલ્હાજ મુહમ્મદ હનીફ બાવા (અમલીવાલા) સાહબ આ પ્રોગ્રામમાં રશ્કએ દુનિયાએ સુન્નિયતે ફખ્રે ચરોતર, બુલબુલે બાગે મદીના ખલીફએ હુઝૂર શૈખુલ ઈસ્લામ હઝરત હાફિઝો કારી હબીબુલ્લાહ સાહબે (વસો) નાત શરીફ પઢતાં આશિકોના દિલ ઝુમાવી રહ્યાં હતાં. આખા પ્રોગ્રામની નિઝામત ખલીફએ હુઝૂર શૈખુલ ઈસ્લામ મૌલાના અબ્દુલ મહેમૂદખાન કાદરી (વસો) સાહબે કરેલ. હાફેઝ મુફતી મુહમ્મદ અશરફ સાહબ ખલીફએ તાજુશ્શરીઅહ્એ કુર્આન હદીષની ઝળહળતી રોશનીમાં લાજવાબ ખિતાબત કરેલ. મીલાદુન્નબી મનાવવા ઔરતોને પર્દો અપનાવવા પર અઝમતે મુસ્તફા ﷺ પર બયાન કરેલ. ઔલાદે બતુલ અબુલ હમ્ઝા ખલીફએ હુઝૂર શૈખુલ ઈસ્લામ હઝરત પીરે તરીક્ત સૈયદ અમીનુલ કાદરી સાહબે બદ્અકીદાથી દૂર રહેવા પર ભાર મૂક્યો હતો. બાદમાં દુઆએ ખૈર કરેલ. મોરબી, નબીપુર, ટંકારીઆ, લુણવાં, ડભાણ, પલાણા, રતનપુર, રાજનગર, પેટલાદ, ભાલક, બાકરોલ, અહમદાબાદ, ડભોઈ, કચ્છ, મહેસાણા વગેરે ઠેકઠેકાણેથી ઘણા ઉલમા સાદાત તથા અવામે હાજરી આપી હતી. દર વર્ષની જેમ નરસંડાની **TTS-KGN** ગૃપ વિવિધ સંસ્થાઓની કોશિશોથી અસંખ્ય વિર્દો વઝાઈફ, કુર્આનનાં ખતમો, દુરૂદો, યાસીન શરીફના ખતમો જમા કરી બારગાહે રિસાલતમાં નઝર કરવામાં આવ્યાં હતાં. (રિપોર્ટ ટૂંકાવીને છે) *–વ્હોરા અબ્દુલકૈયૂમ અબ્દુર્રહમાન (TTS પરિવાર) નરસંડા, તા. જિ. આણંદ*


# કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**સ્પેશ્યલ કાશ્મીર પ્રવાસ**

આયોજિત જમવા રહેવા સાથે

બસ ઉપડવાની તારીખ : **૨૧/૫/૨૦૧૨, રાત્રે : ૧૦.૦૦ વાગ્યે.**

**પ્રવાસના સ્થળો : સાથે, ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, અજમેર, નાગોર, અમૃતસર, શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગાંવ, સરહીંદ શરીફ, કલિયર શરીફ, દિલ્હી, આગ્રા, ફતેપુર–સીક્રી, જયપુર, મીરાદાતર પરત ધોળકા**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૮,૦૦૧/– | રૂા. ૪,૦૦૧/– | ૧૭ |

**બસ ઉપડવાનું સ્થળ :** તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, ધોળકા

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૦૯૨૪૫૧૨૨**

**નોંધ :** **૧.** ગાઈડ ખર્ચ, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી ફી રૂા. ૧૦૦ પેસેન્જરના શીરે રહેશે. **૨.** તા. ૨૭/૫/૧૨ અને ૧/૬/૧૨ના રોજ સ્વખર્ચે સવારે ચા પીવાની રહેશે. **૩.** તા. ૭/૬/૨૦૧૨ના રોજ સવારની ચા તેમજ એક ટાઈમ જમવાનું સ્વખર્ચે રહેશે. **૪.** રૂા. ૨૦૦૧ એડવાન્સ ભરી આપની મનપસંદ શીટ બુક કરાવો. **૫.** બેંક/એલ. આઈ.સી. અને જી.આઈ.સી.ના કર્મચારીશ્રીઓને એલ.ટી.સ. મળશે. **૬.** એલ.ટી.સી. મેળવનારે રૂા. ૧૦૦૦/– અલગથી ભરવાના રહેશે.

# પ્રો. તાહિરે હૈદ્રાબાદમાં કરેલ ત્રાગાંનો ટૂંકો જવાબ

**કાર્યાલય**

*બહોત શોર સુનતે થે પેહલુમેં દિલ કા–જો ચીરા તો ક઼તરા ભી ખૂન ન નિકલા !*

પ્રો. તાહિરુલ ક઼ાદરી સાહબ પોતાની કિતાબ તથા બયાનોમાં સ્વઈજતેહાદથી ગલતીઓ કરી બેઠા ! અને જ્યારે કુર્આન હદીષની રૂએ ગુમરાહ તથા કુફ્ર કરનાર સાબિત થયા જેના ફત્વા ઉલમાએ અહલે સુન્નત તરફથી બહાર પડતાં તેનાથી તૌબા કરવાને બદલે છંછેડાઈને ભાન ભૂલીને બોલતા હોય તેમ **હૈદ્રાબાદના બયાનમાં પોતાની વાણીમાં પોતે જ ફસાયા છે !** પ્રો. સાહબ કહે છે કે, ''આ મસ્લક સહાબા તથા ખુલ્ફાએ રાશિદીનનો છે, આ મસ્લક તાબઈનનો છે, તબે તાબઈનનો છે, આ મસ્લક ઉવેસ કરનીનો છે, એ પ્રમાણે કહે છે કે આ મસ્લકે અહલે સુન્નત જુનૈદ બગદાદી, ઝુન્નૂન મિસ્રી, બાયઝીદ બુસ્તામી, ગ઼ૌષે આ'ઝમ, ખ્વાજા અજમેરી, મુજદ્દિદ અલ્ફેષાની વગેરે વગેરે હજારો ઈમામો તથા મુહદ્દિષો (رضوان اللّٰه تعالیٰ علیہم اجمعین)નો છે, અને **''એ જ મારો મસ્લક'' પણ છે,** જે એઓનો છે.'' આવો ! આપણે એમની વાતની સચ્ચાઈને માપી લઈએ !

હવે જુઓ કે ગ઼ૌષ પાક رضی اللّٰه عنہનો મસ્લક શું છે ? આપે તો અહલે સુન્નત વ જમાઅત સિવાયના ફિર્ક઼ાઓ ખારજી, શીઆ, મોઅતઝલા, મુરજીયા, મુશબ્બહ.....વગેરેને ''૭૨ જહન્નમી ફિર્ક઼ા''માં ગણાવ્યા છે. (જુઓ ગુન્યતુત્તાલિબીન–ઉર્દૂ, પેજ : ૧૭૫–૧૭૭, હિદાયત કે રાસ્તે સે ભટકે હુએ ફિર્ક઼ોં કા બયાન) જ્યારે પ્રો. તાહિર સાહબ તો કહે છે કે, ''બધા ફિર્ક઼ાઓમાં પાયાનો કોઈ મતભેદ નથી કેવળ ઉપર છલ્લો અને સમજફેરનો જ મતભેદ છે.'' એટલે તેઓ ભટકેલા નથી ! તો પછી **પ્રો. સાહબ ! તમારો મસ્લક તો ગ઼ૌષ પાક رحمۃ اللّٰه علیہના મસ્લકથી તદ્દન વિરુદ્ધ છે !** એ જ કિતાબમાં ગ઼ૌષ પાક رحمۃ اللّٰه علیہ તો ફર્માવે છે કે, ''બદ્‌મઝહબને સામે આવતાં જુઓ તો માર્ગ બદલો !'' જ્યારે તમો તો શીઆ, વહાબી, દેવબંદી પાછળ નમાઝ પઢવાને જાઈઝ કહો છો ને પઢો છો ?! તથા સર્વ ફિર્ક઼ાને એક થઈ જવા તમારી કિતાબ ''ફિર્ક઼ાપરસ્તી કા ખાત્મા''માં જણાવો છો ! તો તમારે ને ગ઼ૌષ પાકને શું લેવા દેવા રહી ?! અને જ્યારે તમારો મસ્લક જ એમની વિરુદ્ધ છે તો એમનો ફયઝ તમને મળ્યો અને ખ્વાબમાં સનદ મળી એ વાતો પણ અદ્ધર જણાય રહી છે ! કેમ કે ગ઼ૌષ પાક رحمۃ اللّٰه علیہનો ફયઝ તેમનાથી વિરુદ્ધ મસ્લકવાળાને કદી ન મળી શકે ! આ બધો પબ્લિકને છેતરવાનો ઢોંગ તો નથી ?!

વળી મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللّٰه علیہનો મસ્લક પણ એ હતો કે મોગલ બાદશાહ અકબરના ''દીને ઈલાહી'' મઝહબનો ખાત્મો કરવામાં આવે જેના લીધે આપે જેલ ખાધી, કેમ કે તેના દીને ઈલાહીમાં કુફ્ર શિર્કની ભેળસેળ ઈસ્લામમાં કરવાનો પ્રયાસ થયો હતો. જ્યારે તમો તો જાતે જ અન્ય ધર્મવાળાઓને બોલાવીને પીસ કોન્ફરન્સ વેમ્બલી–લંડનમાં તા ૨૪–૯–૨૦૧૧ના રોજ જગજાહેર વિધર્મીઓ પાસે સ્વેચ્છાએ જાહેર સ્ટેજ પર ગૈરુલ્લાહની પ્રાથર્નાઓ કરાવી, કુફ્રી વાક઼્યો બોલાવ્યાં છે ! તો **તમારે મુજદ્દિદ અલ્ફેષાનીના મસ્લકથી કઈ રીતે સંબંધ રહ્યો ?!** એ જ પ્રમાણે **ખ્વાજા ગરીબ નવાઝ** رحمۃ اللّٰه علیہએ તો એક સ્થળે અગ્નિપૂજકોને અગીયારીમાં જઈને કરામત દેખાડીને કલ્મો પઢાવી મુસલમાન બનાવ્યા હતા તથા કેટલાય પૂજારીઓને અજમેર શરીફમાં પોતાની કરામતોના ચમત્કારથી ઈસ્લામનો કલ્મો પઢાવી મુસલમાન બનાવી દીધા, જ્યારે તમે તો હિંદુ, બૌદ્ધ, શીખ, ઈસાઈ પાસે કુફ્રો શિર્ક બોલાવડાવીને તાળીઓ પડાવીને પોતે પણ તેમજ સૌને ઈસ્લામથી બહાર કરી રહ્યા છો ! તો **તમારે મસ્લકે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللّٰه علیہથી શો સંબંધ રહ્યો ?!**

ઉપરાંત **''મુહદ્દિષોનો મસ્લક'' શું હતો ?** જેમ કે શયખ અબ્દુલ હક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللّٰه علیہ તથા શાહ અબ્દુર્રહીમ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللّٰه علیہ વગેરએ પોતાના સમયના બાતિલ ફિર્ક઼ા શીઆ વગેરેની જોરદાર રદ ''તોહફાએ ઈષ્ના અશરીયા'' વગેરે લખીને કરી અને તેમને જહન્નમી દર્શાવ્યા અને અહલે સુન્નત વ જમાઅત સિવાય સર્વ ફિર્ક઼ાઓને જહન્નમી ઠરાવ્યા. જ્યારે તમારા ''મિન્હાજુલ કુર્આન''માં તો સર્વ ફિર્ક઼ાવાળા મેમ્બર છે એવું આપ જણાવો છો ! અને આપના નજીક સર્વ ફિર્ક઼ાઓ વચ્ચે કોઈ મોટો મતભેદ નથી, જેથી તો તમે તેમને જહન્નમી કે કાફિર કહેતાં શરમાવ છો ! તો પછી **અહલે સુન્નતના ઈમામો મુહદ્દિષોનો મસ્લક તમારાથી તદ્દન વિરુદ્ધ છે !** તમે કઈ રીતે કહો છો કે મારો મસ્લક પણ તે જ છે ?! ઉપરોક્ત ઈમામો બુઝુર્ગોએ તો અહલે સુન્નતને જન્નતી ફિર્ક઼ો દર્શાવ્યો જ્યારે તમો કહો છો કે, ''કોઈ ફિર્ક઼ાને જન્નતનો પરવાનો નથી મળ્યો !'' તો તમારો મસ્લક તો એમનાથી વિરુદ્ધ જ જાય છે !

વધુ ટાઈટલ નં. 3...પર☞

અને **ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ વહાબી, દેવબંદી, અહલે હદીષ, ક઼ાદયાનીને કાફિર ઠરાવીને તેમના જૂઠા ગુસ્તાખીમય અક઼ીદાઓનાં ચીથરાં વેરી કાઢયાં ! જ્યારે તમો તો આ સર્વ ફિર્ક઼ાવાળાને ગળે લગાડો છો ! તો તમે આ'લા હઝરતના મસ્લક પર ક્યાંથી રહ્યા ?!** આ સર્વ બોલતા પુરાવા પરથી જાહેર થાય છે કે **અહલે સુન્નતના બુઝુર્ગો, ઈમામો, મુહદ્દિષોના મસ્લકથી પ્રો. તાહિરનો મસ્લક જુદો છે અને તેમનો દાવો સુન્ની હોવાનો સ્પષ્ટપણે જૂઠો પુરવાર થાય છે ! આ'લા હઝરતને ''સર કા તાજ'' તમારું કહેવું એ કેવળ ઝબાની ખર્ચ અને છેતરવા પૂરતુ જ જણાય છે.**

તેમજ પ્રો. સાહબ તમો કહો છો કે, ''અહલે સુન્નત કો ફત્વાબાઝોં કી રવિશ ખા ગઈ ! લોગ બજાએ અહલે સુન્નત બનાને કે સુન્નિયતસે ખારિજ કરતે રહે હૈં....'' **તો શું સહાબા, તાબઈન તથા ઉપરોક્ત સર્વ બુઝુર્ગોએ અહલે સુન્નતથી હટનારાઓને જે કુફ્રના ફત્વા આપ્યા તે પણ ફત્વાબાઝ જ હતા ?!** શું જવાબ છે આનો તમારી પાસે ? મતલબ કોઈ ગમે તેવા કુફ્રી અક઼ીદા અપનાવે તો પણ તેને કાંઈ જ ન કહેવું ? શું આ વિશે કોઈ કુર્આન હદીષની દલીલ છે તમારી પાસે ?

તેમજ પ્રો. સાહબ તમો કહો છો કે, ''આ'લા હઝરત رحمۃ اللہ علیہ પોતાને હનફી ક઼ાદરી લખતા હતા, બરેલ્વી લખતા ન હતા, રઝવી લખતા ન હતા.'' તો ગૌષે આ'ઝમે પોતાને ક્યારે ''ક઼ાદરી'' લખ્યા કે તમે ક઼ાદરી બોલો છો ?! સ્વભાવિક છે કે જે તે બુઝુર્ગના પાછળવાળા જ પોતાને તેમના પ્રતિ સંબંધિત કરવા, હનફી, ક઼ાદરી લખી શકે છે એ જ પ્રમાણે ''ઈમામ અહમદ રઝા'' નામ પરથી તેમના ચાહકો પોતાને ''રઝવી'' કહે છે તો તમને શાની જલન થાય છે ?! અને ''મસ્લકે આ'લા હઝરત'' વિશે તો આ'લા હઝરતે ''વસાયા શરીફ''માં ખૂદ લખ્યું છે કે, ''મેરા મસ્લક જો મેરી કિતાબોં સે ઝાહિર હૈ ઉસ પર જમે રહેં.'' જુઓ ! ''મેરા મસ્લક'' તેમણે કહ્યું, એટલે આપણે તેને ''મસ્લકે આ'લા હઝરત'' જ કહીશું ને ! વર્તમાનકાળમાં જ્યારે અન્ય ફિર્ક઼ાવાળા દેવબંદી, વહાબી, મૌદૂદી વગેરે પોતાને ''અહલે સુન્નત'' કહીને ધોકો આપી રહ્યા છે ! તો સાચા અહલે સુન્નતની પહેચાન માટે અહલે સુન્નતને ''મસ્લકે આ'લા હઝરત''થી પણ ઓળખવામાં આવે છે, તો એ કોઈ નવો ફિર્ક઼ો નથી બની જતો ! અહલે સુન્નત જ રહે છે, અને ''બરેલ્વી'' શબ્દ તો ગૈરોએ જોડયો છે, જેથી બોલાય રહ્યો છે. જેમ કે ''દેવબંદી'' પણ પોતાને ''સુન્ની'' કહે છે પણ આપણે તેમને દેવબંદીથી જ સંબોધીએ છીએ.

તેમજ પ્રો. સાહબ આ'લા હઝરત મુહદ્દિષે બરેલ્વીના એક વાસ્તાથી શાગિર્દ હોવાની વાત રજૂ કરીને તમે પોતાની હક્ક઼ાનિયત જાહેર કરવા ચાહો છો, પોતાને લોકોમાં સુન્ની ઠસાવવા ચાહો છો, અને પોતાની ઈલ્મી મહાનતા દર્શાવવા ચાહો છો, તમારી પાસે ઈલ્મના ભંડાર હશે, પણ શું ઈલ્મવાળા ભટકી નથી ગયા ?! અરે ! તમે એ જ બયાનમાં જેમ નૂહ علیہ السلامના પુત્રના ભટકી જવાનો દાખલો આપ્યો છે તો એ આપને પણ લાગુ થઈ શકે છે કે નબીનો પુત્ર બહેકી જાય તો પછી મહાન આલિમ મુજદ્દિદનો શાગિર્દ ભટકી જાય એમાં કોઈ મોટી વાત નથી ! મોઅતઝલા ફિર્ક઼ાનો સ્થાપક વાસિલ ઈબ્ને અતા ડાયરેક્ટ હઝરત ખ્વાજા હસન બસરી رضی اللہ عنہ જેવા મહાન બુઝુર્ગ તાબઈનો શાગિર્દ હતો તે ભટકી ગયો, તો તમે પણ ન ભટકી શકો ?! અરે ! શૈતાનની જ વાત કરો તે પણ બહુ ઈલ્મવાળો હતો પણ તકબ્બુરના કારણે ભટકી ગયો ! જેથી ગમે તે દષ્ટાંતો આપી તમારા પર ઉલમાએ અહલે સુન્નતે કુર્આન હદીષની રૂએ લગાડેલા ફત્વાથી તમો બચી શક્તા નથી ! એક જ માર્ગ છે કે તૌબા કરી લેવામાં આવે. ભપકાદાર સ્પીચ તથા સ્ટાઈલોથી અંજાનારા ભાઈઓને વિનંતિ કે ગંભીરતાથી વિચારીને તેમની ચુંગાલમાંથી બહાર આવે. હિદાયત આપવી એ અલ્લાહની કુદરત હેઠળ છે, રબ તઆલા સૌને સહી સમજ અતા કરે. (આમીન).............. વળી પ્રો. સાહબ અંતમાં એ પણ જણાવશો કે આ પણ આશ્ચર્યની વાત છે કે તમે હાંકો છો કે, ''મૈં ખ્વાબમાં નવ વરસો સુધી ઈમામે આ'ઝમ رضی اللہ عنہથી તથા આ'લા હઝરત رحمۃ اللہ علیہથી પણ ડાયરેક્ટ દર્સ લીધો છે.'' **તો એમનો મસ્લક તો દાઢી એક મુઠ્ઠીથી ઓછી કરનારને ફાસિક઼** દર્શાવે છે, તો એમને રૂબરૂ જોઈને પણ તમને આખી દાઢીની તૌફીક઼ ન થઈ ?! .......વળી તમો કહો છો કે, *''અગર હમ સુન્ની નહીં તો કિસી માંને દુન્યામેં સુન્ની જના હી નહીં !''* વાહ ! આને કહે છે, અપને મુંહ મિયાં મીઠ્ઠુ ! અરે ભાઈ ! આવું તો દેવબંદીઓના પેશવા અશરફ અલી થાનવી તથા ક઼ાસિમ નાનોત્વી પણ કહી શકે છે ! પોતે દાવો કરવાથી કોણ રોકી શકે છે ?! પણ કુર્આન હદીષની કસોટીમાં સહી ઉતરે ત્યારે ને ! ભાઈ આમ કેવળ થૂક ઉડાડવાથી કામ નહીં બને ! તમે બીજાને કહો છો કે, ''ન સીરત હૈ ન બસીરત !'' પણ જુઓ ! સીરત તો તમારી આ છે, અને જાહેરી બસીરત છતાં તમે રૂહાની બસીરતથી તો નિશ્ચિત મેહરૂમ જ જણાવ છો !